Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
Serving at 2 locations
GTA East / GTA West
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
ON LIC # 10530
Investment | Insurance | Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

Paresh Peshva
Broker
416-302-4531
Off : 905-497-6701
Fax : 905-497-6700
SAVE MAX Achievers Realty

FRIDAY, 09 FEBRUARY, 2024 Vol. 21, No. 06 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### 8 દેશના 50 ટકા દેવા કરતા પણ ચીનનું દેવું વધારે : બોસ્ટન યુનિ.ના ગ્લોબલ ડેવલપમેન્ટ પોલિસી સેન્ટરનો અહેવાલ

# 60 દેશ દેવાળીયા બનવા તરફ : ચોંકાવનારું સર્વેક્ષણ

## 3 વર્ષમાં કોરોના, કોસ્ટ ઓફ લીવિંગ અને જળવાયુ પરિવર્તનને કારણે અનેક દેશમાં દેવાનું પ્રમાણ વધ્યું

**ન્યૂયોર્ક**

વિશ્વમાં ૬૦થી વધુ દેશો આર્થિક સંકટમાં ફસાય તેવી શકયતા છે. સતત બોજ વધવાથી દેવાળીયા બનશે તો વિશ્વમાં મંદીના વાદળો ઘેરાતા વાર લાગશે નહી. આ ચેતવણી અમેરિકાના એક આર્થિક સર્વેક્ષણ ગ્રુપ દ્વારા આપી છે. બોસ્ટન યુનિવર્સિટીના ગ્લોબલ ડેવલપમેન્ટ પોલિસી સેન્ટર દ્વારા અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. નાઉ અને નેવર નામના રિપોર્ટમાં આર્થિક અસ્થિરતા,કર્જની વધતી જતી માત્રા અને મૂડીમાં વ્યાજદર વધવાથી આ સ્થિતિ સર્જાઇ છે. વિશ્વમાં ૧૦૦ થી વિકાસશીલ દેશોમાં ૧૫ દેશો દેવાના ડુંગર હેઠળ દબાયેલા છે જયારે કુલ ૬૦ જેટલા દેશો આર્થિક સંકટ સામે ઝઝુમી રહયા છે. આ દેશોના નામ બહાર પાડવામાં આવ્યા નથી પરંતુ આમાં આફ્રિકા, પેસિફિક મહાસાગર અને ઓશનિયા ક્ષેત્રના નાના દેશોનો



પણ સમાવેશ થાય છે. જેમાંથી ૩૩ થી વધુ દેશો સતત ચાર કે તેનાથી વધુ વર્ષથી બેંકોના દેવા અને વ્યાજ ભરવામાં જોતરાયેલા છે. જેમાં પણ ૮ દેશો એવા છે જેની પાસે ૫૦ ટકા કરતા પણ વધુ દેવું ચીનનું છે. જો આ દેશોના દેવા માફ કરવામાં નહી આવે કે દેવાના સ્ટ્રકચરને નવેસરથી રજૂ કરવામાં નહી આવે તો દેવાળીયા બની જશે.

૩ વર્ષમાં દેવું કરવાનું પ્રમાણ વધ્યું છે તેમાં કોરોનાનો ફેલાવો,કોસ્ટ ઓફ લીવિંગ અને જળવાયુ પરિવર્તનથી થતું નુકસાન જવાબદાર છે. કર્જ વધવાની સાથે કરન્સીનું અવમૂલ્યન પણ સતત ચાલું રહયું છે. ગત વર્ષ યુએનના અહેવાલે પણ ચર્ચા જગાવી હતી જેમાં એમ કહેવાયું હતું કે છેલ્લા બે દાયકા દરમિયાન વૈશ્વિક અર્થ વ્યવસ્થામાં સાર્વજનિક કર્જ પાંચ ગણું વધવાની દિશામાં છે.

ABOWATH
REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું ૨ પર
ABOWATH.COM

# હિંસા વચ્ચે પાકિસ્તાનમાં મતદાન, પંજગુરમાં મતદાન મથકમાં વિસ્ફોટ, કુલ 9 લોકોના મૃત્યુ

## બલૂચિસ્તાનમાં 900 બેલેટ ઝુંટવી લેવાયા, કરાચીમાં બંદૂક બતાવી મતપત્રકના 21 બોક્સ લૂંટાયા, જમાત-એ-ઈસ્લામી અને MQMના કાર્યકર્તાઓ વચ્ચે મારામારી

**ઈસ્લામાબાદ**

વિસ્ફોટ, મારામારી, બેલેટ ચોરી સહિતની હિંસાઓ વચ્ચે પાકિસ્તાનમાં ગુરુવારે મતદાન પૂર્ણ થયું હતુ. ગુરુવારે સાંજે 5 વાગ્યા મતદાન પૂર્ણ થયા બાદ 6 વાગે મતગણતરી શરૂ થઈ હતી. પાકિસ્તાન ભારે હિંસા વચ્ચે મતદાન પૂર્ણ થયું તે પહેલા ઘણા મતદાન કેન્દ્રો પર વિસ્ફોટ, મારામારી, મતપેટી લઈને ભાગવાના બનાવો બન્યા હતા. બલૂચિસ્તાનના એક મતદાન કેન્દ્ર પરના અધિકારીએ એક વ્યક્તિ 900 મતપત્રો ઉઠાવીને ભાગી ગયો હોવાનો દાવો કર્યો છે. એનએ-233 બેઠકના બે મતદાન મથકોમાં ઘૂસેલા હથિયારધારીઓએ બેલેટ બોક્સ તોડી નાખ્યા હતા. આ ઉપરાંત કરાંચીની એનએ 247 બેઠક પર બંદૂકની અણીએ પોલીસ અધિકારી પાસેથી બેલેટ પેપરના 21 બોક્સ પણ છિનવી લેવાયા હોવાની ઘટના બની છે. બલૂચિસ્તાનના પંજગુરમાં મતદાન મથકમાં વિસ્ફોટ થતાં બે બાળકોના મોત થયા છે, ત્યાર બાદ ત્યાં મતદાન બંધ કરી દેવાયું હતું. કરાંચીમાં જમાત-એ-ઈસ્લામી અને એમક્યુએમના કાર્યકર્તાઓ વચ્ચે મારામારી થતા ઘણા ઈજાગ્રસ્ત થયા હતા. ગુરુવારે દિવસ દરમિયાન 9 લોકોના મોત થયા હતા.

## બલૂચિસ્તાનમાં બોમ્બ વિસ્ફોટમાં 40નાં મોત



પાકિસ્તાનમાં સામાન્ય ચૂંટણીના એક દિવસ પહેલા બુધવારે બલૂચિસ્તાન પ્રાંતમાં ચૂંટણી કાર્યાલયોને નિશાન બનાવતા બે બોમ્બ વિસ્ફોટોમાં ઓછામાં ઓછા 40 લોકો માર્યા ગયા અને 30 અન્ય ઘાયલ થયા હતા. પ્રથમ ઘટનામાં, પિશિન જિલ્લામાં અપક્ષ ઉમેદવાર અસફંધાર ખાન કાકરના કાર્યાલયની બહાર પ્રચંડ વિસ્ફોટમાં 20 લોકો માર્યા ગયા અને 30 અન્ય ઘાયલ થયા. કિલા અબ્દુલ્લા વિસ્તારમાં જમીયત ઉલેમા ઇસ્લામના ચૂંટણી કાર્યાલયની બહાર બીજો બોમ્બ વિસ્ફોટ થતાં 10 લોકો માર્યા ગયા અને 22 અન્ય ઘાયલ થયા હતા. બલૂચિસ્તાનના પંજગુરના વરિષ્ઠ પોલીસ અધિકારી અબ્દુલ્લા ઝહરીએ જણાવ્યું હતું કે ઉમેદવાર અસફંધાર ખાન કાકરના ચૂંટણી કાર્યાલયની બહાર ‘ટાઈમર’વાળી બેગમાં બોમ્બ રાખવામાં આવ્યો હતો.

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

છેલ્લા ૪૪ વર્ષથી ટોરન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી.૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપનો અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8


આપકે પ્યાર ઓર ભરોસે કે લિયે ધન્યવાદ
આપકા નયા સાલ મંગલમય હો..
Airline Tickets (worldwide) & Travel insurance, PR or passport renewal, OCI, Indian Visa, Surrender and more......
VOYAGES InterSky TRAVELS
Montréal, Québec Permis du Québec
Maninder Singh
514-947 1947
Divyesh (Dev) Patel
514 -513-9191
514 389 7070-toll free: 1855 389 7070

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# હાઉસિંગ કટોકટી : નવું ભંડોળ લાંબા ગાળાનો ઉકેલ નહીં

## પોષણક્ષમ ભાડા અને લોકોની કમાણી વચ્ચે હજી પણ મોટો તફાવત : સમીક્ષા કરવા નિષ્ણાંતોની તૈયારી

**ટોરોન્ટો**




હાઉસિંગ સ્ટોકની અછતને કારણે ઊંચી કિંમતો અને આસમાને પહોંચતા ભાડા કેનેડાના સૌથી મોટા શહેરોમાંથી હિજરતને પ્રોત્સાહન આપે છે. ફેડરલ સરકારે ભાડાની એફોર્ડેબિલિટીને પહોંચી વળવા માટે લગભગ $ 100 મિલિયન નવા ભંડોળની જાહેરાત કરી છે. એક સંશોધકે ચેતવણી આપી હોવા છતાં અને આવા સમર્થનની સંપૂર્ણપણે જરૂર હોવા છતાં તે વધતી જતી સમસ્યાનો લાંબા ગાળાનો ઉકેલ નથી. એક હાઉસિંગ અને સામાજિક નીતિ સંશોધક કેરોલિન વ્હિટ્ઝમેને, મંગળવારે મીડિયા સમક્ષ જણાવ્યું હતુ કે, પરવડે તેવા ભાડા અને લોકો જે કમાણી કરી રહ્યા છે તે વચ્ચેનું અંતર $ 99 મિલિયનમાં ખૂબ મદદ કરી શકશે નહીં.

આ તબક્કે આ ખરેખર લાંબા ગાળાના ઉકેલનો ભાગ નથી. કેનેડાની આર્થિક યોજનાના ભાગરૂપે નવા ભંડોળની જાહેરાત કરતી વખતે નાયબ વડાપ્રધાન અને નાણાપ્રધાન ક્રિસ્ટિયા ફ્રીલેન્ડે હાઉસિંગ કટોકટીને દેશની સામે કેન્દ્રીય પડકાર તરીકે દર્શાવી હતી. સરકારી અખબારી યાદી મુજબ ભંડોળનો નવીનતમ તબક્કો કેનેડા હાઉસિંગ બેનિફિટને ટોપ-અપ કરશે અને ભાડા સહાયની ચૂકવણીઓ સીધી પહોંચાડીને ઓછી આવક ધરાવતા ભાડુઆતોને મદદ કરશે.

જો કે, વ્હિટ્ઝમેને જણાવ્યું હતું કે, આ ભંડોળનો ખરેખર શું ઉપયોગ કરવામાં આવશે, તે જોવાનું બાકી છે. તેમણે ઉમેર્યું હતું કે, તે નિર્ણાયક અને વધતી જતી પુરવઠાની અછતને સંપૂરી કરવા માટે જે જરૂરી છે તેનું ખૂબ જ નાનું પ્રમાણ છે. વ્હિટ્ઝમેનના જણાવ્યા મુજબ, હાઉસિંગ સપ્લાય કટોકટીને રોકવા ઓટાવા હમણાં જ પગલાં લઈ શકે છે, જેમાં નોન-માર્કેટ હાઉસિંગનું સ્કેલિંગ અથવા ફેડરલ સરકારની નેશનલ હાઉસિંગ સ્ટ્રેટેજીનો સૌથી સફળ ભાગ બનાવવા જેવી બાબતો અને ઝડપી હાઉસિંગ પહેલનો સમાવેશ થાય છે. જો કે, તાત્કાલિક પગલાં લીધા વિના વ્હિટ્ઝમેને ચેતવણી આપી હતી કે, કેનેડાના મુખ્ય શહેરોમાં ટોરોન્ટોની જેમ હિજરત થઈ શકે છે, જ્યાં પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકો ધરાવતા પરિવારો દ્વારા શહેરનો સંપૂર્ણ ત્યાગ કરવામાં આવ્યો છે.

# ટ્રુડોને મારી નાંખવાની ધમકી મળી

**મોન્ટ્રિયલ**

RCMPએ મોન્ટ્રિયલના એક 30 વર્ષીય શખ્સ ઉપર આરોપ મુકાયો છે કે, તેણે કથિત રીતે સોશિયલ મીડિયા પોસ્ટમાં વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોને મારી નાંખવાની ધમકી આપી હતી. પોલ ક્લેરિસોઉ પર તેમના X એકાઉન્ટ (અગાઉ ટ્વિટર) પર કથિત રીતે નિવેદનો આપ્યા પછી વડાપ્રધાન સામે ધમકીઓ આપવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. RCMPએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, RCMP કોઈપણ પ્રકારની ધમકીઓને ગંભીરતાથી લે છે, જે વ્યક્તિની સુરક્ષાની ભાવનાને અસર કરી શકે છે. આવા હિંસક નિવેદનો સહન કરવામાં આવશે નહીં. ગુનેગારોને નોંધપાત્ર સજા આપતા ફોજદારી આરોપોનો સામનો કરવો પડી શકે છે. ફોર્સે જણાવ્યું હતું કે RCMPની સંકલિત રાષ્ટ્રીય સુરક્ષા અમલીકરણ ટીમ દ્વારા ટૂંકી તપાસ બાદ 31 જાન્યુઆરીએ આરોપ મૂકવામાં આવ્યો હતો.ક્લેરિસો ચાર્જનો જવાબ આપવા બુધવારે મોન્ટ્રિયાલ કોર્ટહાઉસમાં હાજર થશે.

# ઑન્ટેરિયોના ફેમિલી ડોક્ટરોની મિટીંગ વૈકલ્પિક કારકિર્દીના માર્ગોની ચર્ચા થઈ



**ફેમિલી ડોક્ટરોએ વહીવટી કામમાં દર અઠવાડિયે 19 કલાક વેડફવા પડતા હોવાની હૈયાવરાળ ઠલવાઈ**

**ઓન્ટેરિયો**

ફેમિલિ ફિઝિશિયનના ગ્રુપે વૈકલ્પિક કારકિર્દીના માર્ગો વિશે વાત કરવા માટે સોમવારે સાંજે એક બેઠક યોજી હતી. કારણ કે, તેઓ માને છે કે, ઓન્ટેરિયોમાં ફેમિલી મેડિસિનનો અભ્યાસ સસ્ટેનેબલ નથી. 1,700થી વધુ ડોકટરોના ગ્રુપ, ઓન્ટેરિયો યુનિયન ઓફ ફેમિલી ફિઝિશિયનના સ્થાપક ડો. રામસે હિજાઝીએ જણાવ્યું હતું કે, સંસ્થાએ સોમવારે “કો-ઓર્ડિનેટેડે ડે ઓફ” લેવા માટે ડોક્ટરોના જન આંદોલનનું આયોજન કર્યું હતું, પરંતુ પછી દર્દીઓને કોઈ મુશ્કેલી ન પડે, તે હેતુથી વર્ચ્યુઅલ મીટિંગ યોજવાનું નક્કી કર્યું હતું. આ કરિયર સમિટમાં 150 જેટલા ફેમિલી ડોક્ટરોએ ભાગ લીધો હતો.

ઓટાવાના ફેમિલી ફિઝિશિયન હિજાઝીએ જણાવ્યું હતું કે, મીટિંગનો મુદ્દો ફેમિલી ડોક્ટરો જે કટોકટીનો સામનો કરી રહ્યા છે તેના તરફ ધ્યાન દોરવાનો હતો. ઓન્ટેરિયોમાં ફેમિલી મેડિસિન ઑન્ટેરિયોના આરોગ્ય મંત્રાલયના અપૂરતા ભંડોળને કારણે મુશ્કેલીમાં મુકાય છે. સાથે જ ફેમિલી ડોક્ટરોએ વહીવટી કામમાં જેટલો સમય ખર્ચવો પડે છે, જે અઠવાડિયામાં આશરે 19 કલાક હોવાનો અંદાજ છે, તેના કારણે સસ્ટેનેબલ નથી.

તેમણે વર્ણવ્યું કે, પરિસ્થિતિ એટલી ભયાનક છે કે ફેમિલિ ફિઝિશિયન પોતે જ ચિંતાતૂર છે.

હિજાઝીએ મીટિંગ પછી જણાવ્યું હતું કે, ડોક્ટરોએ ફેમિલી મેડિસિનમાંથી બહાર હોસ્પિટલ અથવા કોસ્મેટિક દવા જેવા અન્ય ક્ષેત્રોમાં સંક્રમણની શક્યતા વિશે પણ વાત કરી હતી. તેનાથી ઘણા ચિકિત્સકોને સમજાયું કે ત્યાં વિકલ્પો છે અને તમારે એવું અનુભવવાની જરૂર નથી કે ભવિષ્યમાં તમારી પરિસ્થિતિ પર તમારું કોઈ નિયંત્રણ નથી.

હિજાઝીએ જણાવ્યું હતું કે, વર્તમાન કરાર 31 માર્ચે સમાપ્ત થાય છે. OMA પ્રાંતમાં 43,000થી વધુ ચિકિત્સકો, તબીબી વિદ્યાર્થીઓ અને નિવૃત્ત ચિકિત્સકોનું પ્રતિનિધિત્વ કરે છે.

એક ઓનલાઈન પિટિશનમાં યુનિયન કહે છે કે ફેમિલી ડોક્ટરો નાના બિઝનેસ માલિકો છે જેઓ નોંધપાત્ર નાણાકીય પડકારોનો સામનો કરે છે.


SUPER VISA MEDICAL INSURANCE
VISITOR TO CANADA INSURANCE
Up to 45 % DISCOUNT with deductible
Guaranteed Lowest Premium
LIFE INSURANCE
MORTGAGE /LINE OF CREDIT INSURANCE

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 8.00 | $ 12.00 | $ 11.00 | $ 18.00 | $ 20.00 | $ 27.00 |
| 40 Yrs | $ 11.00 | $ 15.00 | $ 14.00 | $ 21.00 | $ 25.00 | $ 36.00 |
| 50 Yrs | $ 25.00 | $ 35.00 | $ 32.00 | $ 45.00 | $ 60.00 | $ 85.00 |
| 60 Yrs | $ 60.00 | $ 80.00 | $ 107.00 | $ 150.00 | $ 190.00 | $ 236.00 |

Rates Quotes are Preferred Plus Non Smoker Term 10 With Medical Test & Rates are Subject to Change.

- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age) 85
  (ત્યાં સુધી કે તમને ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, કેન્સર હોય અથવા બીજી કોઈ કંપની દ્વારા તમામ ઇન્સ્યોરન્સને ડિકલાઈન કર્યું હોય)
- LIFE INSURANCE FOR REFUGEES, STUDENTS, KIDS, ON WORK PERMIT
- GURANTEED MONEY BACK (Life, Critical Illness & Disability Insurance)
- Corporate owned Life and Critical Insurance
- Key Person Insurance • RRSP • RESP • TFSA



Davinder Singh Chawla
TOLL : 1866.623.0865
Financial Hut Ltd.
Call For HONEST ADVICE 416.320.4614
www.financialhutltd.co Email : - Davindersinghfhl@gmail.com





રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ
Leading Gujarati Newspaper



પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
સ્વદેશ
Leading Gujarati Newspaper
+1 437-421-2992
Email :- info@swadesh.news



# ટોરોન્ટો હોસ્પિટલના નવા ટાવર પાછળ ઓન્ટેરિયો લગભગ $ 800 M ખર્ચશે

## 15 માળના ટાવરમાં 82 પેશન્ટ બેડ અને 20 ઓપરેટિંગ રૂમનું નિર્માણ કરાશે

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયો ટોરોન્ટોની હોસ્પિટલમાં નવા ટાવર માટે લગભગ $ 800 મિલિયનનો ખર્ચ કરી રહ્યું છે. પ્રાંતે મંગળવારે જણાવ્યું હતું કે, યુનિવર્સિટી હેલ્થ નેટવર્ક (UHN) ટોરોન્ટો વેસ્ટર્ન હોસ્પિટલમાં નવા 15 માળના ટાવરમાં 82 પેશન્ટ બેડ અને 20 ઓપરેટિંગ રૂમ હશે.

નવી સુવિધા 2028 સુધીમાં શરૂ કરી દેવામાં આવશે, તે સર્જિકલ ક્ષમતામાં 20 ટકાનો વધારો કરશે.

પ્રીમિયર ડગ ફોર્ડે મંગળવારે એક સમાચાર પ્રકાશનમાં જણાવ્યું હતું કે, આ નવો ટાવર દર વર્ષે ટોરોન્ટો વેસ્ટર્ન હોસ્પિટલની મુલાકાત લેતા 4,50,000થી વધુ લોકોને આધુનિક અને ઉચ્ચ ગુણવત્તાની હેલ્થ કેર પૂરી પાડવામાં મદદ કરશે.

ટોરોન્ટોમાં અને સમગ્ર પ્રાંતમાં અમારી સરકાર વધુ ડોક્ટરો અને નર્સો, વધુ બેડ અને ઓછા વેઈટિંગ પિરિયડ સાથે મજબૂત હેલ્થ કેર સિસ્ટમ માટે ઐતિહાસિક રોકાણો કરી રહી છે.




અમે વધુ લોકો માટે ઘરની નજીક અનુકૂળ હેલ્થ કેર લાવી રહ્યા છીએ.

UHNના પ્રમુખ કેવિન સ્મિથે જણાવ્યું હતું કે, આ રોકાણ ટોરોન્ટો વેસ્ટર્નના જટિલ ન્યુરોલોજિકલ અને ઓર્થોપેડિક કેસ પર ચાલી રહેલા કામને વધારશે. યુએચએનની ટોરોન્ટો વેસ્ટર્ન હોસ્પિટલે 100 વર્ષથી વધુ સમયથી ટોરોન્ટો અને વધુને વધુ પ્રાંતમાં સેવા આપી છે. "અમારી સર્જિકલ ટીમો સૌથી જટિલ દર્દીઓની સારવાર માટે કેટલીક અદ્યતન સર્જિકલ પ્રક્રિયાઓ કરે છે. અગાઉ $ 34 મિલિયન પ્લાનિંગ ગ્રાન્ટ આપ્યા બાદ પ્રાંત પ્રોજેક્ટમાં $ 794 મિલિયનનું રોકાણ કરી રહ્યું છે.

# વિશ્વ કપ સ્પર્ધાને પગલે ટોરોન્ટોના પ્રવાસન ઉદ્યોગમાં તેજીની આશા

## વર્લ્ડ કપ 2026ની 6 મેચોની યજમાની માટે ટોરોન્ટોની પસંદગી કરાઈ

**ટોરોન્ટો**

ટોરોન્ટો વિશ્વની સૌથી મોટી સ્પોર્ટ્સ ટુર્નામેન્ટમાંની એક ગણાતી ટુર્નામેન્ટની યજમાનીથી બે વર્ષ દૂર છે અને તેમને અપેક્ષિત નોંધપાત્ર પ્રવાસન બૂસ્ટ મળવાની આશા છે. કરદાતાઓને કેટલો ખર્ચ થશે અને શહેર ખરેખર શું લાવશે તે અંગે પ્રશ્નો ઉઠી રહ્યા છે.

FIFAએ રવિવારે જાહેરાત કરી હતી કે, ટોરોન્ટોને વર્લ્ડ કપ 2026ની 6 મેચોની યજમાની માટે પસંદ કરવામાં આવ્યું છે.

ટોરોન્ટોના મેયર ઓલિવિયા ચાઉએ કહ્યું કે, તેઓ આ સાંભળીને રોમાંચિત છે કે, શહેરની છ રમતો માટે ટોરોન્ટોની પસંદગી કરવામાં આવી છે. ખુલ્લા હૃદય સાથે, ટોરોન્ટો આપણા બહુસાંસ્કૃતિક શહેરની સમૃદ્ધ વિવિધતા અને ગતિશીલતાનો અનુભવ કરવા માટે વિશ્વને આવકારશે.

FIFAવર્લ્ડ કપ 2026 ટોરોન્ટોના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શેરોન બોલેનબેચે જણાવ્યું હતું કે, શહેર પાંચ મેચોની યજમાનીની અપેક્ષા




રાખતું હતું. પરંતુ વધારાની રમત ઉમેરવામાં આવતા, ખર્ચ અંદાજ, આવકની તકો અને લાભોની પુનઃ ગણતરી કરવા માટે અમારે બોર્ડ પર પાછા જવું પડશે.

તેણીએ કહ્યું કે, મોટી વાત એ છે કે, અમારી પાસે કેનેડા માટે 12 જૂને શરૂઆતની મેચ છે. "આ વર્લ્ડ કપનું કદ અને અવકાશ વિક્રમજનક બનવા જઈ રહ્યો છે, અને ટોરોન્ટો માટે તેનો અર્થ સ્પષ્ટપણે વધુ મુલાકાતીઓ, આપણા શહેરમાં વધુ રસ અને વધુ વૈશ્વિક દર્શકો આવે એવો છે." જ્યારે ટોરોન્ટો અને વાનકુવર બંને સંયુક્ત કુલ 13 મેચો સાથે પ્રવાસન ઉદ્યોગમાં નોંધપાત્ર ઉછાળો આવવાની અપેક્ષા છે, મોન્ટ્રીયલની કોનકોર્ડિયા યુનિવર્સિટીના અર્થશાસ્ત્રના વરિષ્ઠ લેક્ચરર મોશે લેન્ડરે ગુલાબી અંદાજોથી સાવચેત રહેવાની ચેતવણી આપી રહ્યા છે.










તંત્રી સ્થાનેથી

# લાલકૃષ્ણ અડવાણીને ભારત રત્ન એવોર્ડ : દેર આયે, દુરસ્ત આયે



તંત્રી - સ્વદેશ

ભાજપના દિગ્ગજ નેતા લાલકૃષ્ણ અડવાણીને ૯૬ વર્ષની વયે ભારત રત્ન એવોર્ડ આપવાની જાહેરાત ચારેક દિવસ પહેલાં ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરીને વધુ એક આશ્ચર્ય સર્જી દીધું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ૨૪ જાન્યુઆરીએ કર્પૂરી ઠાકુરની ૧૦૦મી જન્મજયંતીના એક દિવસ પહેલાં તેમને ભારતરત્ન (મરણોત્તર) આપવાની જાહેરાત કરી હતી. કર્પૂરી ઠાકુર બે વખત બિહારના મુખ્યમંત્રી અને એક વખત નાયબ મુખ્યમંત્રી રહ્યા. પછાત વર્ગોનાં મસિહા ગણાતા હોવાથી બિહારમાં રાજકીય ફાયદા માટે ઠાકુરને ભારતરત્ન અપાયો છે. બાકી ઠાકુર રાષ્ટ્રીય કક્ષાના નેતા જ ન હતા. તેની સામે અડવાણી તો ભાજપના સંવર્ધક છે, ભાજપને દેશનો સૌથી મોટો રાજકીય પક્ષ બનાવનારા ધૂરંધર છે.

2014માં મોદી ભાજપને જીતાડીને વડા પ્રધાનપદની ગાદી પર બેઠા પછી અડવાણીને રાજકીય રીતે સાવ પતાવી જ દીધા. અડવાણીને માર્ગદર્શક મંડળમાં બેસાડીને સાવ નવરા કરી દીધા હતા. એટલે મોદી પાસેથી અડવાણીને કશું મળે એવી ધારણા નહોતી રખાતી. મોદીએ આ ધારણાને ખોટી પાડીને અડવાણીને ભારતરત્ન આપીને ઉદારતા બતાવી છે. જો કે, અનેક લોકો મોદીના આ પગલા સાથે રાજકીય સમીકરણોને સાંકળી રહ્યા છે.

ભારતમાં ભાજપને જોરાવર કરવામાં લાલકૃષ્ણ અડવાણીનું મોટું યોગદાન રહ્યું છે. ૧૯૮૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપે માત્ર બે બેઠકો જીતી હતી. ભાજપની એ પહેલી ચૂંટણી હતી. પણ ભાજપ પાસે જનસંઘની જૂની મૂડી હતી. આવા સંજોગોમાં ભાજપના શરમજનક દેખાવની કોઈને પણ આશા નહોતી. તેથી ભાજપ પતી ગયો છે એવું સૌએ માની લીધેલું. પરંતુ લાલકૃષ્ણ અડવાણી એવા માહોલમાં ભાજપના પ્રમુખ બન્યા અને તેમણે હિંદુવાદને અપનાવીને ભાજપને ફરી બેઠો કર્યો. ભાજપ ૧૯૮૪ની બે બેઠકો પરથી ૧૯૮૯માં ૮૫ બેઠકે પહોંચ્યો અને પછી કેન્દ્રમાં પોતાની સરકાર રચી શક્યો. એ અડવાણીના કારણે શક્ય બન્યું હતુ. એલ. કે અડવાણીનો જન્મ 8 નવેમ્બર 1927ના રોજ સિંધ પ્રાંત (પાકિસ્તાન)માં થયો હતો. તેમણે સેન્ટ પેટ્રિક સ્કૂલ, કરાચીમાં અભ્યાસ કર્યો હતો. તેમની દેશભક્તિની ભાવનાએ તેમને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ તરફ આગળ વધવાની પ્રેરણા આપી હતી. અડવાણી 1947માં દેશની આઝાદીની ઉજવણી પણ કરી શક્યા નહોતા. કારણ કે, આઝાદીના થોડા જ કલાકોમાં તેમણે પોતાનું ઘર છોડીને ભારત આવવું પડ્યું હતુ. જો કે, તેમણે આ ઘટનાને તેમના પર અસર થવા ન દીધી અને તેમના મનમાં આ દેશને એક કરવાના સંકલ્પ સાથે તેમણે રાજસ્થાનમાં આરએસએસના પ્રચારક તરીકે કામ કરવાનું ચાલુ રાખ્યું. અટલ અને નવા ચૂંટાયેલા સાંસદોને મદદ કરી શકે તે માટે 1957માં અડવાણીને રાજસ્થાન છોડીને દિલ્હી જવા કહેવાયુ, લગભગ 3 વર્ષ સુધી દિલ્હીમાં એક ઓફિસમાં કામ કર્યા પછી, અડવાણીએ પત્રકાર તરીકે તેમના જીવનનો નવો અધ્યાય શરૂ કર્યો અને 1960માં તેમણે ઓર્ગેનાઈઝરમાં સહાયક સંપાદક તરીકેનો કાર્યભાર સંભાળ્યો.


લાલ કૃષ્ણ અડવાણી ભાજપના એકમાત્ર એવા નેતા છે જે 1980માં ભારતીય જનતા પાર્ટીની રચના થઈ ત્યારથી અત્યાર સુધી સૌથી વધુ સમય સુધી પાર્ટીના અધ્યક્ષ રહ્યા છે. પહેલી વખત તેઓ 1986થી 1990 અને ત્યારબાદ 1993 સુધી અધ્યક્ષ રહ્યા હતા. 1998 અને પછી તેઓ 2004થી 2005 સુધી પાર્ટીના અધ્યક્ષ રહ્યા. સાંસદ તરીકે 3 દાયકાની લાંબી ઈનિંગ્સ રમ્યા પછી અડવાણી પહેલા ગૃહ પ્રધાન બન્યા અને પછી અટલજીની કેબિનેટ 1999થી 2004 સુધી નાયબ વડા પ્રધાન બન્યા.

ભાજપની સાથે અડવાણીએ મોદીને પણ મોટા બનાવ્યા. નરેન્દ્ર મોદીના ઉદયમાં અડવાણીનું મોટું યોગદાન છે. અડવાણીએ કાઢેલી સોમનાથથી અયોધ્યા સુધીની રથયાત્રાના કારણે જ નરેન્દ્ર મોદી લાઈમલાઈટમાં આવ્યા. એ પછી અડવાણી સતત મોદીના પડખે રહ્યા. મોદી ભાજપમાં જ શંકરસિંહ વાઘેલા સામે લડતા હતા ત્યારે અડવાણી તેમની પડખે ઊભા રહ્યા હતા. મોદી ગુજરાતના મુખ્યમંત્રી બની શક્યા તેમાં પણ તેમનો ફાળો હતો. મોદીને ૨૦૦૨નાં રમખાણો પછી તગેડી મૂકવા સુધીની વાત હતી, પરંતુ અડવાણીએ બાજી સંભાળી હતી. ગોવામાં ભાજપની રાષ્ટ્રીય કારોબારી વખતે મોદીએ રાજીનામું ધર્યું તે સમયે પણ અડવાણી મોદીના પડખે રહ્યા. તેમાં રાજીનામું ના સ્વીકારાયું અને અણી ચૂક્યો સો વરસ જીવે એ હિસાબે એ વખતે ટકી ગયેલા મોદી પછી તો બહુ તાકતવર બન્યા.

ખુદ પીએમ મોદીએ અડવાણીજીને ભારત રત્નથી સન્માનિત કરવાની જાહેરાત કરી ત્યારે સોશિયલ મીડિયામાં લખ્યું કે, સૌથી આદરણીય રાજકારણીઓમાંના એક અડવાણીજીએ ભારતના વિકાસમાં અવિસ્મરણીય યોગદાન આપ્યું છે. 'સાર્વજનિક જીવનમાં અડવાણીજીની દાયકાઓ સુધીની સેવા તેમની પારદર્શિતા અને અખંડિતતા પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા માટે જાણીતા છે. તેમણે રાજકીય નીતિશાસ્ત્રમાં એક અનુકરણીય ધોરણ સ્થાપિત કર્યું છે.

મોદી વડા પ્રધાન બન્યા પછી ભાજપની વિચારધારાને વરેલા ત્રીજા મહાનુભાવને ભારતરત્ન અપાયો છે. આ પહેલાં મોદી સરકારે ૨૦૧૫માં અટલ બિહારી વાજપેયીને ભારતરત્નથી નવાજ્યા હતા, જ્યારે નાનાજી દેશમુખને ૨૦૧૯માં ભારતરત્ન અપાયો હતો. નાનાજી દેશમુખ ભાજપ જનસંઘ હતો ત્યારે તેના વિકાસ માટે મથનારા નેતા હતા. દેશમુખનું સામાજિક અને આર્થિક ક્ષેત્રે પણ મોટું નામ છે.

અડવાણી અને મોદી એક સમયે અત્યંત નજીક હતા. પણ બંનેને વડા પ્રધાનપદની લાલસા તેથી ખટરાગ થયો. આજે પણ અનેક લોકો માને છે કે, અડવાણીએ કરેલા આ ઉપકારોના બદલામાં મોદીએ ધાર્યું હોત તો અડવાણીને વધારે આપીને તેમના યોગદાનની કદર કરી શક્યા હોત. અડવાણીએ ભાજપના વિકાસમાં આપેલા યોગદાન અને મોદી પર પણ કરેલા ઉપકારોને જોતાં મોદીએ તેમને રાષ્ટ્રપતિપદે બેસાડવાની જરૂર હતી. ભાજપ પાસે સ્પષ્ટ બહુમતી આવી પછી પહેલી વાર રાષ્ટ્રપતિની ચૂંટણી આવી ત્યારે મોદીએ રામનાથ કોવિંદ જેવા સાવ અજાણ્યા નેતાને રાષ્ટ્રપતિ બનાવી દીધા. શત્રુઘ્ન સિંહા સહિતના નેતાઓએ લાલકૃષ્ણ અડવાણીને રાષ્ટ્રપતિપદના ઉમેદવાર બનાવવા માટે સોશિયલ મીડિયા પર ઝુંબેશ પણ શરૂ કરી હતી પણ મોદીએ ધ્યાન જ ના આપ્યું. મોદીએ અત્યારે બતાવી એવી ઉદારતા એ વખતે બતાવી હોત તો અડવાણી વધારે માનભેર વિદાય થઈ શક્યા હોત. મોદી માટે પણ લોકોને માન વધ્યું હોત. ખેર, અડવાણીને ભારતરત્ન અપાયો એ પણ સારું જ છે, દેર આયે, દુરસ્ત આયે.



manoj1968@yahoo. ca






# નવસારીના હત્યાકાંડમાં વધુ એક સફળતા; 5 કરોડની સોપારી લઈ મિત્રનું ઢીમ ઢાળી દેવાયું

**નવસારી**

આંતલિયા ગામે રહેતા કલ્પેશ છગન પટેલ અને બીલીમોરાની તીસરી ગલીના રીઢા ગુનેગારોની ટોળકી સાથે માથાકૂટ ચાલતી રહેતી હતી. જેમાં ત્રણ વર્ષ અગાઉ કલ્પેશના ભાઈની છાપરના ભૌતિક ઉર્ફે ભાવુ પટેલ તેમજ તેના સાગરીતોએ ઢોર માર મારી તેની હત્યા કરી નાંખી હતી. જેમાં ભૌતિક સહિતના આરોપીઓની ધરપકડ થઇ હતી. પરંતુ કલ્પેશ ભાઈની હત્યાનો બદલો લેવા ઘાત લગાવી બેઠો હતો. જેમાં થોડા સમય બાદ જેલમાંથી પે રોલ પર છુટેલા ભૌતિકને યમધામ પહોંચાડવા કલ્પેશે ભૌતિકના જ મિત્ર હર્ષ ઉર્ફે સિકંદર ટંડેલને 5 કરોડ રૂપિયાની સોપારી આપી હતી.

સોપારી મળ્યા બાદ સિકંદરે, ગત એપ્રિલ 2023માં પાર્ટી કરવાના બહાને અમલસાડ સ્થિત તેના રૂમ પર બોલાવી, તેના સાથીદારો આદર્શ પટેલ અને મનીષ ઉર્ફે ગુરૂ પાઠક સાથે મળીને ઠંડા કલેજે હત્યા નીપજાવી દીધી હતી. બાદમાં મોડી રાતે મૃતક ભૌતિક ઉર્ફે ભાવુના મૃતદેહને અમલસાડથી થોડે દૂર ભેંસલા ગામની સીમમાં રેલ્વે ટ્રેક પાસેની અવાવરૂ જગ્યામાં અન્ય સાથીદારો સતીશ પટેલ, ગીરીશ પાઠક, મીગ્નેશ પટેલ અને વિશાલ હળપતિ સાથે મળીને દફનાવી દીધો હતો.

બીજી તરફ ભૌતિક ગુમ થયાની પોલીસ ફરિયાદ પણ નોંધાઈ હતી. ભૌતિકની હત્યાના 8 મહિના બાદ ગત 26 નવેમ્બર 2023 ના રોજ નવસારી પોલીસે બાતમીને આધારે ભૌતિકની હત્યાનો ભેદ ઉકેલી, તેના મૃતદેહના અવશેષો બહાર કાઢ્યા હતા. સાથે જ હત્યારા હર્ષ ઉર્ફે સિકંદર ટંડેલ સહિત 6 આરોપીઓની ધરપકડ કરી હતી. જોકે સોપારી આપનાર મુખ્ય આરોપી કલ્પેશ પટેલને ગંધ આવી જતા તે પોલીસના હાથમાંથી સરકી ગયો હતો.

# નવસારીમાં ભાજપ સદસ્યના નિધન બાદ આઘાતમાં દાદીનો પણ જીવ ગયો

**નવસારી**

ગુજરાતના નવસારીમાં એક હૃદય ભરાઈ આવે તેવી ઘટના બની છે. અહીં એક યુવાન પૌત્રના મોતની ખબર સાંભળી દાદીને એટલો આઘાત લાગ્યો કે તેમણે પણ મિનિટોમાં પ્રાણ ત્યજી દીધા. વાત ગુજરાતના નવસારીની છે. અહીંની વિજલપુર પાલિકામાં કોર્પોરેટર એવા અશ્વિન કાસુંદરા બીમારીથી પરેશાન હતા. પૌત્ર બીમાર રહતો હોવાથી દૂર મોરબીના ગામડામાં રહેતા દાદી પણ ચિંતામાં રહેતા. બીમારી સામેનો જંગ આખરે અશ્વિનભાઈ હારી ગયા અને પાંચમી ફેબ્રુઆરીએ તેમણે છેલ્લો શ્વાસ લીધો.

દાદી મોટી ઉંમરના હોવાથી અને અશ્વિનભાઈ માટે હંમેશાં ચિંતામાં રહેતા હોવાથી તેમના મોતની ખબર તેમને બીજા દિવસે આપી. અશ્વિનભાઈની અંતિમ વિધિ થઈ ગઈ તે બાદ દાદીને તેમની ખબર આપવામાં આવી. જોકે પોતાની હયાતીમાં પૌત્રની વિદાય તેઓ સહન કરી શક્યા નહીં અને ખબર મળતા જ તેમણે પણ આંખ મીંચી લીધી. આ સમયે હાજર લોકોના કહેવા અનુસાર દાદીને ખબર મળતા જ તેઓ ભાંગી પડ્યા અને બોલ્યા કે દીકરા, હું પણ તારી સેવા કરવા આવું છું. આમ કહીને તેમણે પણ મિનિટોમાં પ્રાણ ત્યાગી દીધા.

# નર્મદ યુનિવર્સિટીમાં ફ્રેન્ચ, જર્મન, સ્પેનિશ, રશિયન ભાષાના કોર્સ શરૂ થયા

**સુરત**

નર્મદ યુનિવર્સિટી દ્વારા અલગ અલગ વિદેશી ભાષાના સર્ટિફિકેટ કોર્ષ શરૂ કરવાની તજવીજ શરૂ કરી દેવાઈ હતી. વિદ્યાથીઓ પાસે ઓનલાઇન અરજી કરાવ્યા બાદ આજથી ફ્રેન્ચ, જર્મન, સ્પેનિશ અને રશિયન ભાષામાં સર્ટિફિકેટ કોર્સ શરૂ કર્યા છે. હાલમાં ફ્રેન્ચ, જર્મન, સ્પેનિશ, રશિયન ભાષાઓમાં સવારે 8-10 અને સાંજે 6-8 સુધીના ક્લાસ, VNSGUના અંગ્રેજી વિભાગ ખાતે શરૂ કરાયા છે. આ સર્ટિફિકેટ કોર્સ માટે રજીસ્ટ્રેશન હજુ પણ ચાલુ છે. વધુમાં નજીકના ભવિષ્યમાં વીર નર્મદ યુનિવર્સિટી મેન્ડરિન, કોરિયન, જાપાનીઝ, ડચ, સ્વીડિશ, ફિનિશ અને AI થી ભાષાના અર્થઘટનના અભ્યાસક્રમો શરૂ કરવાની યોજના ધરાવે છે.

# નવસારીના એરૂ ગામેમાં લગ્નના દિવસે વરરાજા ગાયબ થતાં મામલો પોલીસ સુધી

## યુવક-પરિવારજનો સામે યુવતી દ્વારા આક્ષેપો : ગુનો નોંધવા માંગ કરી

**નવસારી**

નવસારીના જલાલપોર પોલીસ મથકમાં યુવતી દ્વારા આપવામાં આવેલી લેખિત અરજીમાં જણાવ્યા મુજબ તેણીની સગાઈ એક વર્ષ પહેલા મલ્કેશ ટંડેલ (ઉ.વ.૩૦, હાલ રહે. એરૂ ચાર રસ્તા, નવસારી) સાથે થઈ હતી અને યુવતીના અગાઉના મહિનાઓમાં લગ્ન થનાર હોય, છેલ્લા કેટલાક મહિનાઓથી બન્ને સાથે રહેતા હતાં. બન્ને પક્ષના પરિવારોની સંમતિથી બીજી ફેબ્રુઆરીના રોજ લગ્ન લેવાયા હતાં. જે પહેલાં તા. ૨૮મી જાન્યુઆરીના રોજ યુવતી મલ્કેશના નવસારી ઘરે ગઈ હતી, તે વખતે તેના ભાઇ, જેઠાણી અને માતા દ્વારા યુવતીને ટેરેશ ઉપર લઈ જઈ રૂપિયા ૨૨ લાખ તારા ઘરેથી લગ્ન પહેલા પહોંચતા કરવામાં આવશે તો જ જાન લઈને હમો આવીશું. આ કહીને યુવકના પરિવારે યુવતી અને તેની માતાની એફડી લઈ લીધી હતી. જ્યારે તા. ૨ જી ફેબ્રુઆરીના રોજ લગ્નના દિવસે મલ્કેશના ભાઈએ યુવતીના ભાઈ ઉપર ફોન કરી રૂપિયા ૨૨ લાખ નહીં આપશો તો અમો જાન લઈને આવવાના નથી તેમ જણાવ્યું હતું. આ અરજીમાં યુવતીએ લગ્નના ગણત્રીના કલાકો પહેલા જ મલ્કેશ ઘરેથી ગુમ થઈ ગયો હોવાની કેફિયત રજૂ કરી તેના ભાઈ, ભાભી અને માતાએ જાણી જોઈને યુવાનને ભગાડી દીધો હોવાનો આક્ષેપ કર્યો છે.

# વલસાડમાં તિથલ રોડ પર એક કલાકના ગાળામાં બે યુવક ઢળી પડ્યા

**વલસાડ**

ગુજરાતમાં હાર્ટ એટેક હવે જીવલેણ બની રહ્યો છે.વલસાડના તિથલ રોડ પર જ રસ્તે ચાલતા એક રાહદારીને હાર્ટ એટેક આવ્યો હતો. સેગવીના રાજેસિંઘે નામના વ્યક્તિ રસ્તે ચાલતા જ ઢળી પડ્યા હતા. જેમને સારવાર માટે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પર તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. બસ આ ઘટનાના એક કલાક બાદ એ જ તિથલ રોડ પર ફોન પર વાત કરી રહેલા એક યુવકને હાર્ટ એટેક આવ્યો હતો. તેઓ ચાલતા ચાલતા ઘરેથી નોકરી જવા નીકળ્યા હતા. જીમીત રાવલ (ઉ.વ.૩૦) વાત કરતા કરતા અચાનક ઢળી પડ્યો હતો. તેને તાત્કાલિક હૉસ્પિટલમાં ખસેડતા તબીબોએ મૃત જાહેર કર્યો હતો.

ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering
Limited (with sweet & Farsan) $10.00 +Tax
Limited (without sweet & Farsan) $8.50 +Tax



CATERING SPECIAL
$ 14.99 10 items +Tax
Sweet, Farsan, Subji,
Kathor, Puri, Dal, Rice
Papad, Pickle, Kachumber

Franchise Opportunity in GTA

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)
$15.99 (M-T) / $17.99 (F-S)
Call us for details

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪ ૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧
૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો,ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

SCARBOROUGH
840 Markham Road
416-438-0544

BRAMPTON
90 Eastern Ave Unit 20B
905-799-0013

THORNHILL
1470 Centre Street Unit 13
905-597-5777

PICKERING
512 KINGSTON RD. UNIT 2,
905-839-3277

# આણંદ મનપા બને તો આસપાસના ગામના સમાવેશની સંભાવના

## મહાનગર માટે 15 વર્ષથી માગણી કરાતી હતી, પાલિકાની 2 લાખની વસ્તી સામે મહાનગર પાલિકાના દરજ્જા માટે 3 લાખની વસ્તી જરૂરી

**આણંદ**

આણંદ નગરપાલિકાને મહાનગર પાલિકાનો દરજ્જો આપવાની રાજ્યના બજેટ દરમિયાન નાણાં મંત્રી દ્વારા જાહેરાત કરાઈ છે. તેવામાં કાયદાની જોગવાઈ પ્રમાણે ૩ લાખથી વધુ વસ્તી હોય તેને સરકાર નોટિફીકેશન ઈશ્યુ કરી મહાનગર પાલિકા બનાવી શકે છે. કેટલાક કિસ્સામાં આસપાસના ગામોનો સમાવેશ કરીને પણ મહાનગર પાલિકા બનાવી શકાય છે. ત્યારે કરમસદ અને વિદ્યાનગર તથા આણંદ નગરપાલિકા આસપાસના ગામડાઓનો આણંદ મહાનગરપાલિકામાં સમાવેશ થવાની શક્યતાઓ સેવાઈ રહી છે.

આણંદ નગરપાલિકાને ગત શુક્રવારના રોજ મહાનગરપાલિકાનો દરજ્જો આપવાની સૈદ્ધાંતિક




જાહેરાત કરવામાં આવતા આણંદવાસીઓમાં આનંદની લાગણી વ્યાપી ગઈ હતી. મહાનગર પાલિકા બનાવવા માટે છેલ્લા ૧૫ વર્ષથી રજૂઆતો કરવામાં આવતી હતી પરંતુ કોઈને કોઈ બહાને માંગ પાછી ઠેલાતી હતી.

તેવામાં આણંદ મહાનગર પાલિકા બને તો વિદ્યાનગર અને કરમસદના વિસ્તાર અંગે અવારનવાર પ્રશ્નાર્થ ઉભા થયા છે. જો કે આવી વાંધાજનક બાબતો નજરઅંદાજ કરવામાં આવે તો પણ આણંદ શહેર ઉપરાંત જીટોડીયા, લાંભવેલ, સામરખા, મોગરી, ગામડીનો પણ સમાવેશ કરવામાં આવે તેવી શક્યતા છે.

આ અંગે હજૂ કમિટીની રચના કરવામાં આવશે, જેમાં કયા વિસ્તારને મહાનગર પાલિકામાં આવરી લેવો તે નક્કી કરવામાં આવશે. મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને નીમાનાર આ કમિટીમાં સ્થાનિકોનો પણ સમાવેશ કરાશે અને સૂચનો મંગાવવામાં આવશે તેમ જાણવા મળ્યું છે. ત્યારે કાયદાની જોગવાઈ પ્રમાણે ૩ લાખથી વધુ વસ્તી હોય તેને સરકાર નોટિફીકેશન ઈશ્યુ કરી મહાનગર પાલિકા બનાવી શકે છે. કેટલાક કિસ્સામાં આસપાસના ગામોનો સમાવેશ કરીને પણ મહાનગર પાલિકા બનાવી શકાય છે. તેવામાં આણંદને મહાનગર પાલિકાના દરજ્જામાં સંભવિત રીતે કરમસદ અને વિદ્યાનગર પાલિકાનો પણ સમાવેશ થઈ શકે છે.

આજની અંદાજિત વસ્તીના આંકડા જોઈએ તો, આણંદ નગરપાલિકા વિસ્તારમાં ૨ લાખ, વિદ્યાનગરમાં ૪૦ હજાર અને કરમસદની અંદાજે ૪૦ હજારની વસતી છે. આ ઉપરાંત આસપાસના ગામડાંઓમાં ગામડી, લાંભવેલ, નાવલી, જીટોડીયા, સામરખા વગેરે ગામોનો પણ સમાવેશ થવાની શક્યતા છે.

# નડિયાદમાં શિક્ષિકાની સતામણીના કેસમાં શખ્સને 6 માસની કેદની સજા

**નડિયાદ**

નડિયાદમાં ફરજ બજાવતાં શિક્ષિકાની જાતીય સતામણીના કેસમાં નડિયાદ કોર્ટે આરોપીને છ માસની સાદી કેદની સજા તથા રૂ.૧,૦૦૦નો દંડ કરવાનો હુકમ કર્યો છે.

નડિયાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળા નંબર ૧૨માં સીઆરસી તરીકે મુકેશભાઈ પૂનમભાઈ બંધારા (રહે. ગીતા મંદિર, અમદાવાદ) ફરજ બજાવતા હતા. તેઓએ તેમની ફરજ દરમિયાન તા.૨૪ જૂન ૨૦૧૨ના રોજ શાળામાં ફરજ બજાવતાં શિક્ષિકાની પાલવ પકડી જાતીય સતામણી કરી હતી. આ અંગે ભોગ બનનાર શિક્ષિકાએ નડિયાદ શહેર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે મુકેશ બંધારા સામે ગુનો નોંધી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી.

આ અંગેનો કેસ નડિયાદ બીજા એડિશનલ ચીફ જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટ ઘનશ્યામભાઈ પડિયાની કોર્ટમાં ચાલી જતા ન્યાયાધીશએ સરકારી વકીલે રજૂ કરેલ પુરાવા તેમજ દલીલોને ધ્યાનમાં લઈ આરોપી મુકેશભાઈ બંધારાને જાતિય સતામણીના કેસમાં કસુરવાર ઠેરવી છ માસની સાદી કેદની સજા તેમજ રૂ.૧,૦૦૦ દંડનો હુકમ કર્યો છે અને જો દંડ ન ભરે તો વધુ એક માસની સજા ભોગવવાનો હુકમ કર્યો છે.

# પાદરાના ધારાસભ્યની ઓફિસમાં જ તેના ભાઈએ સોનીને ગોંધી માર મારતાં વિવાદ

## હુમલાખોરોએ ડંડાથી માર મારતા ઇજાગ્રસ્ત વેપારી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ

**વડોદરા**

ભાયલી ફોર્ચ્યુન અરોનામાં રહેતા વિવેક સોની આજે સાંજે સયાજી હોસ્પિટલમાં સારવાર માટે આવ્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે, થોડા મહિના અગાઉ કારીગરને દાગીના બનાવવા માટે આપ્યા હતા. કારીગર દ્વારા દાગીના યોગ્ય રીતે બનાવવામાં નહીં આવતા વિવેક સોનીએ ઠપકો આપ્યો હતો. ત્યારબાદ કારીગરે અન્યને વાત કરી હતી. અને મામલો પાદરાના ભાજપના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલાના ભાઈ હરેન્દ્રસિંહપાસે પહોંચ્યો હતો.. હરેન્દ્રસિંહે મને ગાળો બોલ્યા હતા. ત્યારબાદ આજે સવારે ૧૦ વાગ્યે મને તેઓની ઓફિસ પર પૂરી રાખી લાકડી વડે માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. તેમજ પોલીસમાં ખોટી ફરિયાદ કરવાની પણ ધમકી આપી હતી. મારો મોબાઈલ ફોન પણ તોડી નાંખ્યો હતો. તેમના ઓફિસના સીસીટીવી ચેક કરશો તો મને માર માર્યાના પુરાવા મળશે. મારા પર મયૂર, હરેન્દ્ર, દિપેન ભટ્ટ અને યોગેશ મિસ્ત્રીએ હુમલો કર્યો હતો.


વિવેક સોનીની પત્નીએ પણ ગંભીર આક્ષેપ કર્યો હતોકે, આ લોકોએ અગાઉ પણ મારા પતિમને માર માર્યો હતો. પરંતુ, તેઓ બહુ મોટી પહોંચ ધરાવતા હોવાથી મેં સમાધાન કરી લીધું હતું. ઇજાગ્રસ્તે આક્ષેપ કર્યો હતો કે, મારા પત્ની અંગે પણ બિભત્સ માંગણી કરી હતી. મને તેઓથી ડર લાગતો હોવાથી સયાજી હોસ્પિટલમાં સારવાર માટે આવ્યો છું.

# વડનગરમાં સપ્તઋષિનો આરો તથા દાઈલેકને 1,264 લાખના ખર્ચે વિકસાવાની પ્રક્રિયા શરૂ

**ગાંધીનગર**

ગુજરાતની પ્રાચીન અને ઐતિહાસિક નગરી વડનગરને રાજ્ય સરકાર દ્વારા પ્રવાસન તેમજ આધ્યાત્મિક હેતુથી વિકસાવાઈ રહી છે. વડનગરમાં સપ્તઋષિનો આરો તથા દાઈલેકને રૂ.1,264 લાખના ખર્ચે વિકસાવવા ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરીને તેના માટે એજન્સીને લેટર ઓફ ઈન્ટેન્ટ આપવામાં આવ્યો છે.

વિધાનસભાગૃહમાં ઊંઝાના ધારાસભ્ય કે.કે પટેલના પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા પ્રવાસન મૂળુભાઈ બેરાએ વધુમાં જણાવ્યું હતું કે, વડનગર



ખાતે સપ્તઋષિનો આરો તેમ જ દાઈલેક ખાતે લેન્ડસ્કેપિંગ, પ્રવેશદ્વાર, પાર્કિંગ અને ટોયલેટ બ્લોક જેવી આધુનિક સુવિધા પ્રવાસીઓ માટે વિકસાવવામાં આવશે. ભારત સરકારની સ્વદેશ દર્શન યોજના અને ગુજરાત સરકારના વિશેષ પ્રયાસોના પરિણામે છેલ્લા એક વર્ષમાં અંદાજે 8.65 લાખ જેટલા પ્રવાસીઓ વડનગરની મુલાકાત લીધી છે. પ્રવાસન માટે અગ્રેસર ગુજરાત વિદેશી પ્રવાસીઓ માટે પણ પ્રથમ પસંદગીનું સ્થાન રહ્યું છે. ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં અંદાજે 15 કરોડ પ્રવાસીઓએ મુલાકાત લીધી છે,

# વડોદરામાં બેન્ડવાજા-આતશબાજી સાથે વૃધ્ધ આગેવાનની અંતિમ યાત્રા નીકળી

**વડોદરા**

વડોદરામાં ફતેપુરા કુંભારવાડા વિસ્તારમાં રહેતા ૭૫ વર્ષીય નવઘણભાઈ ચૌહાણનુ સોમવારની રાત્રે નિધન થયુ હતુ.આજે સવારે તેમના સમાજ દ્વારા તેમની ભવ્ય અંતિમ યાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

બેન્ડવાજા અને આતશબાજી સાથે નીકળેલી અંતિમયાત્રામાં પરિવારના અને સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા.એક તબક્કે તો એવુ લાગતુ હતુ કે, આ અંતિમ યાત્રા નહીં પણ કોઈ બીજા કાર્યક્રમ માટે વરઘોડો નીકળી રહ્યો છે. નવઘણભાઈના મોટાભાઈ અને ભજનિક ભીખાભાઈ ચૌહાણનુ બે મહિના પહેલા અવસાન થયુ હતુ.બંને ભાઈઓ વચ્ચે ગાઢ પ્રેમ અને અતૂટ નાતો હતો. ભાઈના અવસાનના આઘાતના કારણે નવઘણભાઈ પણ બીમારીમાં પટકાયા હતા અને સોમવારની રાત્રે તેમણે અંતિમ શ્વાસ લીધો હતો.બંને ભાઈઓ સમાજ માટે પ્રેરણારૂપ અને આદર્શરૂપ હતા. તેમણે સમાજ માટે ઘણા સારા કાર્યો કર્યા હતા.નવઘણભાઈ અને ભીખાભાઈ વચ્ચે રામ-લક્ષ્મણ જેવો નાતો હતો.બંને એક સાથે બેસીને જમતા હતા.ભીખાભાઈના નિધન બાદ નવઘણભાઈને આઘાત લાગ્યો હતો.આખરે તેમણે પણ મોટાભાઈના રસ્તે જ મંગળવારે રાત્રે પ્રયાણ કર્યુ હતું.

# ખંભાતમાં કંપનીમાંથી ઝેરી ગેસ લીકેજ થતાં દોડધામ, પાંચ ગામને અસર થઈ

**ગોધરા**

આણંદ જિલ્લાના ખંભાતના કલમસર ખાતે આવેલી ખાનગી કંપનીમાં મંગળવારે સવારના સુમારે ઝેરી ગેસ લીકેજ થતાં ભારે અફરાતફરી મચી હતી. ઝેરી ગેસ વાતાવરણમાં ફેલાતા કલમસરની આજુબાજુમાં આવેલા પાંચ જેટલા ગામોમાં વસતા ગ્રામજનોને શ્વાસ લેવામાં તકલીફ થતા અધિકારીઓની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. ખંભાતના કલમસર ખાતે આવેલી રોહન ડાઈઝ નામની કંપનીમાં આજે મંગળવારે વહેલી સવારે એક વેસલમાં ભરેલા ક્લોરો ગેસ બોટલમાંથી લીકેજ થવાની ઘટના બની હતી. આ ઝેરી ગેસ લીકેજ થતા કંપનીમાં ભારે અફરાતફરી મચી હતી.

# અંધાપાકાંડમાં સુઓમોટો : ગુજરાતમાં હવે ક્લિનિક-હોસ્પિટલોની નોંધણી ફરજિયાત

**માંડલ**

માંડલ ખાતે મોતિયાના ઓપરેશનમાં બેદરકારી સામે આવી હતી. જે મામલે ગુજરાત હાઈકોર્ટમાં સુઓમોટો અરજી હાથ ધરવામાં આવી હતી. એડવોકેટ જનરલે હાઈકોર્ટમાં મોટું નિવેદન આપતા કહ્યું હતું કે, ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટની જોગવાઈઓમાં સુધારો કરવામાં આવશે. રાજ્યમાં અત્યાર સુધીમાં 50 કે તેનાથી વધુ બેડની હોસ્પિટલ દ્વારા રજિસ્ટ્રેશન કરવામાં આવતું હતું, જ્યારે હવે ગુજરાતની તમામ ક્લિનિક અને હોસ્પિટલોએ ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આ સાથે જ ચેરિટેબલ ટ્રસ્ટ કે એનજીઓ તરફથી યોજાતા મેડિકલ કેમ્પનું પણ ફરજિયાત રજિસ્ટ્રેશન કરવા વિચારણા કરવામાં આવી રહી છે. એડવોકેટ જનરલે કોર્ટને જણાવ્યું કે, આગામી સમયમાં 'અંધાપાકાંડ' જેવી ઘટનાઓ ફરી વખત ન બને એ માટે સરકાર જરૂરી સુધારાત્મક પગલાં લેશે. કોર્ટ મિત્ર જે નિમાયા છે તેમણે પણ પોતાના સૂચનો રજૂ કર્યા હતા. તેમણે પોતાના સૂચનો રજૂ કરતા કહ્યું કે, 'હાલના નિયમ અને જોગવાઈ નખ વગરના વાઘ જેવા છે.'

# આણંદ જિલ્લામાં રૂપિયા 160 કરોડના ખર્ચે 200 બેડ ધરાવતી સિવિલ હૉસ્પિટલ તૈયાર કરાશે

**વડોદરા**

આણંદ જિલ્લા સિવિલ હૉસ્પિટલનું ટૂંક સમયમાં ભૂમિ પૂજન કરાશે. અંદાજિત રૂ.160 કરોડના ખર્ચે નિર્માણ પામનાર આણંદ સિવિલ અત્યાધુનિક સેવા-સુવિધાઓથી સજ્જ હશે. 200 બેડની સિવિલ હૉસ્પિટલ અને 50 બેડની આયુર્વેદિક હૉસ્પિટલ એક જ કેમ્પસમા કાર્યરત બનશે. આણંદ જિલ્લામાં સિવિલ હૉસ્પિટલ નિર્માણકાર્ય સંદર્ભે ગુજરાત વિધાનસભાગૃહમાં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, બોરસદ ચોકડી ખાતે 160.59 કરોડના ખર્ચે હૉસ્પિટલ બનાવવાનું આયોજન કરાયું છે. આ સુવિધાયુક્ત હૉસ્પિટલ બનાવવા મંજૂરી સમિતિએ 25-04-2023ના રોજ મંજૂરી આપી હતી.

# હરણી દુર્ઘટના : છ આરોપીઓ વિરુદ્ધ પોલીસે વોરંટ મેળવ્યા

## ચાર આરોપીઓના મેજીસ્ટ્રેટ રૂબરૂના નિવેદનો લેવાયા

**વડોદરા**

ગત તા.૧૮મીએ હરણી લેકઝોનમાં બોટ પલટી જતા ૧૨ માસૂમ વિદ્યાર્થીઓ તથા બે શિક્ષિકા મળી કુલ ૧૪ લોકોના મોત થયા હતા. આ કેસમાં પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. પોલીસે મુખ્ય સૂત્રધાર પરેશ શાહ સહિતના આરોપીઓની ધરપકડ કરી છે. જ્યારે હજી છ આરોપીઓ નાસતા ફરી રહ્યા છે. પોલીસે તેઓને પકડવા માટે તેઓના સંભવિત આશ્રય સ્થાનો પર તપાસ હાથ ધરી હતી. પરંતુ, તેઓ મળી નહીં આવતા તેઓને ભાગેડૂ જાહેર કરવા માટેની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે છ આરોપીઓના કોર્ટમાંથી સીઆરપીસી ૭૦ મુજબના વોરંટ મેળવ્યા છે. પોલીસે કેસને મજબૂત કરવા માટે અત્યાર સુધી કુલ છ આરોપીઓના મેજીસ્ટ્રેટ રૂબરૂના નિવેદનો લીધા છે. જેમાં બિનીત હિતેશભાઈ કોટીયા (રહે.દિવાળીપુરા ગાર્ડન પાછળ, સિગ્નેચર એપાર્ટમેન્ટ) ભીમસિંહ કુડીયારામ યાદવ ( રહે. અમરદીપ હોમ્સ, આજવા રોડ), રશ્મિકાંત ચીમભાઈ પ્રજાપતિ ( રહે. સંતરામ ડેરી રોડ, નડિયાદ) તથા વેદપ્રકાશ રામપાત યાદવ (રહે. અમરગ્રીન સોસાયટી, આજવા રોડ)નો સમાવેશ થાય છે.

## દુર્ઘટનાના વધુ બે આરોપીઓની ધરપકડ

વડોદરાઃ હરણી લેકઝોન દુર્ઘટનામાં પોલીસે આ ઘટનાના જવાબદાર વધુ બે ભાગીદારોની ધરપકડ કરી છે. જ્યારે ગોપાલ શાહ અને પરેશ શાહના પોલીસ રિમાન્ડ પૂર્ણ થતાં જેલ હવાલે કરાયા છે. વડોદરા શહેર નહીં પરંતુ સમગ્ર રાજ્યને હચમચાવી નાખનાર હરણી બોટ દુર્ઘટનામાં પોલીસે કૂલ 21 જવાબદારો સામે ગુનો નોંધ્યો છે. આ દુર્ઘટનામાં લેકઝોનમાં બોટ ભાડે આપનાર અલ્પેશ ભટ્ટનુ નામ તપાસમાં ખુલતા તેની પણ પોલીસે ધરપકડ કરી હતી.

# તોડકાંડમાં મહેન્દ્ર પટેલના અધિકારીઓ સાથે સંપર્કોની તપાસ

**ગાંધીનગર**

ગાંધીનગરના સેક્ટર ૭માં રહેતા મહેન્દ્ર પટેલ આર.ટી.આઈ કરીને દક્ષિણ ગુજરાતની સંખ્યાબંધ શાળાઓ પાસેથી કરોડો રૂપિયાનો તોડ કર્યો છે ત્યારે આ તોડકાંડમાં શિક્ષણ વિભાગના અધિકારીઓની મિલીભગતની પણ તપાસ કરવામાં આવી રહી છે. સુરતમાં આવેલી અલગ અલગ શૈક્ષણિક સંસ્થાઓની માધ્યમિક શિક્ષણ બોર્ડમાં આરટીઆઈ કરીને વિગતો મેળવ્યા બાદ આ સંસ્થાઓના સંચાલકો પાસેથી કરોડો રૂપિયાનો તોડ કરનાર ગાંધીનગરના સેક્ટર ૭ના મહેન્દ્ર પટેલની સીઆઈડી ક્રાઈમ દ્વારા ધરપકડ કરાઈ હતી અને ત્યારબાદ એક પછી કેમ અત્યાર સુધીમાં ચાર જેટલા ગુના તેની સામે દાખલ કરવામાં આવ્યા છે. ગુના દાખલ થયા તે પ્રમાણે અત્યાર સુધીમાં દોઢ કરોડ રૂપિયા જેટલો તોડ તેણે આ સંસ્થાઓ પાસેથી કર્યો છે. આ તોડકાંડમાં તેની સાથે અન્ય વ્યક્તિઓની મીલીભગતની પણ તપાસ કરવામાં આવી રહી છે.

# નાવલી ગામમાં આણંદના કારચાલકે 3 બાઈક ઉડાવી, 4ના મોત, 3 ઘાયલ

**આણંદ**



નાપાડ ગામનાં જેનીસ પટેલ લંડન પરત જતા પહેલા પોતાનાં મિત્રો સાથે પાર્ટી કર્યા બાદ દારૂનાં નશામાં ધુત થઈ પોતાની કાર પુરપાટ ઝડપે હંકારીને નાવલી ગામ નજીક ગત ગુરૂવારની રાત્રીનાં સુમારે ત્રણ ત્રણ બાઈકોને ટક્કર મારી અકસ્માત સર્જીને ચાર લોકોનાં મોત નિપજાવ્યા હતા, જયારે ત્રણ ધાયલ થયા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે ત્રણ બાઈકોનો ફુરચે ફુરચા ઉડી ગયા હતા. તેમજ કારનો પણ લોચો વળી ગયો હતો. આ ધટનાને લઈને લોકોનાં ટોળે ટોળા ધટના સ્થળે ઉમટી પડયા હતા અને પોલીસને જાણ કરતા પોલીસ પણ ધટના સ્થળે દોડી ગઈ હતી અને ઈજાગ્રસ્તોને હોસ્પીટલમાં ખસેડયા હતા. ગોઝારો અકસ્માત સર્જનાર કાર ચાલક જેનિસ પટેલને લંડન પરત જવાનું હોઈ તેને બચાવવા માટે તેના પરિવારે પ્રયાસ હાથ ધર્યા હતા અને કાર ચાલક અકસ્માત સર્જી ફરાર થઈ ગયો હોવાની વાતો ફેલાવી હતી.

જો કે પોલીસે સમગ્ર ઘટનામાં તપાસ કરતા કારમાં એરબેગ પર લોહીનાં ડાઘા પડેલા હોઈ કાર ચાલક પણ ઘાયલ થયો હોવો જોઈએ તેમ માનીને તાત્કાલીક આણંદની જુદી જુદી હોસ્પીટલોમાં તપાસ હાથ ધરતા આણંદની આયરીસ હોસ્પીટલમાંથી અકસ્માત સર્જનાર કાર ચાલક જેનિસ પટેલ મળી આવતા પોલીસે હોસ્પિટલમાં પોલીસ જાપ્તો ગોઠવી દીધો હતો.

આરોપી કાર ચાલક જેનિસ પટેલનાં પિતા નાપાડ ગામનાં સહકારી આગેવાન છે. તેઓ દુધ મંડળીમાં ડિરેક્ટર પદે કાર્યરત છે. તેમજ બે વર્ષ પૂર્વ જેનીસ પટેલ સ્ટુડન્ટ વિઝા પર લંડન ગયો હતો અને થોડા દિવસો પૂર્વે પરત આવ્યો હતો.

Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West)
519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2
Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours
Phone 647-657-9631
------: MON-FRI : ------
11.00 AM to 7.00 PM
: SAT-SUN :
1.00 PM to 6.00 PM
Scarborough
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,
Phone 647-657-9631 905-673-9631
------: MON-THU : ------
2.00 PM to 7.00 PM
FRIDAY WEEKLY OFF
: SAT-SUN :
11.00 AM to 6.00 PM
we are back to Great Punjab
2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER
--------: MON - FRI :--------
10 AM TO 7 PM
--------: SAT-SUN :--------
11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# વાળુકડના ચકચારી લૂંટ વિથ મર્ડર પ્રકરણમાં પિતા-પુત્ર સહિત 6 શખ્સને જેલમાં મોકલાયા

## 5 લાખ રિકાવર : 16 દિવસ પૂર્વે વાળુકડ ગામે પિતા પુત્ર સહી 6 શખ્સે યુવાની હત્યા કરી

**ભાવનગર**

સમઢિયાળા ગામના વતની અને હાલ સુરતમાં હીરાબાગ, એ.કે. રોડ, ગ્રીન પાર્ક સોસાયટીમાં રહેતા તુલસીભાઈ સવજીભાઈ લાઠિયા અને તેમના ભાગીદાર લાભુ જીવરાજભાઈ સવાણી (રહે, વાળુકડ), પ્રવીણભાઈ હીરજીભાઈ નાકરાણી (રહે, સુરત) એ સુરતના બોધાન ગામે એકાદ વર્ષ પહેલા અજીતભાઈ નામના વ્યક્તિ પાસેથી ૨૪ વીઘા જમીન રાખી હતી.જે જમીનનો સોદો કેન્સલ થયા બાદ તેના પૈસાની લેતી-દેતી મામલે તુલસીભાઈને તેના ભાગીદાર લાભુ લાઠિયા સાથે મનદુઃખ ચાલતું હતું.દરમિયાનમાં લાભુ સવાણીએ આધેડને ફોન કરી વાળુકડ ગામે જમીન રાખવાના બહાના હેઠળ પિતા અને બે પુત્રોને વાળુકડ બોલાવી લીધા હતા.અને વાડીએ રૂપિયાની ગણતરી કરવા લઈ જઈ ઓરડીમાં બેસાડી લાભુએ તેના આર્મીમેન પુત્ર દર્શન અને અન્ય ચાર અજાણ્યા શખ્સોને લાકડી, કેબલ વાયર લઈ વાડીએ બોલાવતા તમામ શખ્સોએ પિતા-પુત્રો તુલસીભાઈ, વિપુલભાઈ અને નિલેશભાઈને ઓરડીમાં દોરડાથી બાંધી કેબલ વાયરથી આડેધડ માર માર્યો હતો.બનાવમાં વિપુલભાઈને માથાના ભાગે ગંભીર ઈજા કરી વિપુલભાઈની હત્યા કર્યા બાદ રોકડ રૂા. ૧.૧૦ કરોડની લૂંટ ચલાવી શખ્સો નાસી ગયા હતા. કાવતરું રચનાર મુખ્ય સૂત્રધાર પિતા-પુત્ર લાભુ જીવરાજભાઈ સવાણી અને દર્શક લાભુભાઈ સવાણી (રહે, બન્ને વાળુકડ) હાલ રિમાન્ડ પર છે.તેવાં શૈલેષ જાંબુચા સુરેશ મકવાણા અને કરણ રાવને વરતેજ પોલીસે ઝડપી લઈ કોર્ટમાં રજૂ કરી દિવસ ચારના રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા.

# જૂનાપાદર ગામમાં લગ્નના 10માં દિવસે નવોઢાના હાથે પતિની હત્યાથી ચકચાર

**ભાવનગર**

જેસર તાલુકાના જુના પાદર ગામમાં રહેતા વજુભાઈ જોરૂભાઈ ગોહિલે ગત તા.૨૫/૧/૨૦૨૪ ના રોજ દીપિકાબેન વનસિંગભાઈ વસાવા (રહે. ગવાન ગામ, તા. ઉચ્છલ, જિ. તાપી) સાથે ફૂલહાર કરીને લગ્ન કર્યા હતા. લગ્ન કર્યા બાદ દીપિકાબેન વજુભાઈ ગોહિલ સાથે રહેવા માટે જુનાપાદર આવ્યા હતા. લગ્ન જીવનની શરૂઆતમાં જ પતિ અને પત્ની વચ્ચે ઘરકામ બાબતે બોલાચાલી અને ઝઘડા થતા હતા આ બાબતની દાઝ રાખી બુધવારે બંને વચ્ચે બોલાચાલી થતા દીપિકાબેને તેના પતિ વજુભાઈ ગોહિલના માથાના ભાગે હથિયાર વડે લોહિયાળ ઈજા કરતા વજુભાઈને લોહીલુહાણ હાલતે ખાનગી વાહન મારફત જેસરના સરકારી દવાખાને લઈ જવાયા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે વજુભાઈના કુટુંબી કાકા આતુભાઈએ જણાવ્યું હતું કે, વજુભાઈ લગ્ન કરીને આવેલ તે સમયથી બંને વચ્ચે ઝઘડા થતા હતા. આ ઝઘડાના કારણે વજુભાઈના પત્ની દીપિકાબેન હથિયાર વડે હુમલો કરી ફરાર થઈ ગઈ હતી. આ બનાવ અંગે મૃતક વજુભાઈ જોરૂભાઈ ગોહિલના પિતરાઈ ભાઈ પ્રવીણભાઈ હનુભાઈ ગોહિલે જેસર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# રાજકોટમાં માસૂમ બાળા પર દુષ્કર્મ ગુજારનાર આરોપીને આજીવન કેદ

**રાજકોટ**

તા. ૩૧-૩-૨૦૨૧ના રોજ રાત્રે ભોગ બનનાર બાળા અન્ય બાળકો સાથે રેતીમાં રમતી હતી. તે વખતે આરોપી બાજુના ઓટલા પર બેસી અશ્લિલ વીડિયો જોતો હતો. જેને કારણે તેના મગજમાં વિકૃતિ આવતાં ભોગ બનનાર બાળાને ઉપાડીને બાજુના મેદાનમાં આવેલા તૂટેલા બાથરૂમમાં લઇ ગયો હતો. જ્યાં તેની ઉપર દુષ્કર્મ ગુજાર્યું હતું.

ભોગ બનનાર બાળાએ સૌથી પહેલા તેની દાદીને આ ઘટનાની જાણ કરી હતી. જેથી તેની દાદીએ આરોપીને ઠપકો આપ્યા બાદ ગાંધીગ્રામ-૨ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં ફરિયાદ પક્ષ તરફથી ભોગ બનનાર બાળાની વનરેબલ રૂમ એટલે કે સ્પેશિયલ બનાવેલા રૂમમાં જુબાની લેવામાં આવી હતી. જેમાં તેણે પોતાની ભાષામાં આરોપીને ઓળખી બતાવ્યો હતો. બંને પક્ષોની દલીલો, રજૂઆતો સાંભળી, પૂરાવાઓ તપાસી સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપીને તકસીરવાન ઠરાવી આજીવન કેદની એટલે કે જીવે ત્યાં સુધીની સજા ફરમાવી હતી. આ ઉપરાંત ભોગ બનનાર બાળાને વળતર પેટે રૂા. ૫ લાખ આપવાનો પણ હુકમ કર્યો હતો. આ કેસમાં સરકાર પક્ષ તરફથી એપીપી મહેશભાઈ જોષી રોકાયા હતા.

# મોરબીમાં અંધશ્રધ્ધામાં ડૂબેલા પાડોશીએ મહિલાને ટ્રક તળે કચડી મોતને ઘાટ ઉતારી

## નબળી આર્થિક સ્થિતિ અને બિમારી પાછળ મહિલા કારણભૂત હોવાની માની અકસ્માતનું તરકટ

**મોરબી**

પંચાસર રોડ પર રાધા ક્રિષ્ના સોસાયટી પાસે ટ્રકના ચાલકે ટ્રક પુરઝડપે ચલાવી ફરિયાદીના પત્ની પંખુબેનને હડફેટે લેતા ગંભીર ઈજાને પગલે મોત નીપજ્યું હતું. જે બનાવ બાદ ટ્રક ચાલક નાસી ગયો હતો. બનાવને પગલે પોલીસે સીસીટીવી ફૂટેજ તપાસી ટ્રક ચાલક અમૃતલાલ કેશુભાઈ ચૌહાણ (રહે પંચાસર રોડ) હોવાનું ખુલ્યું હતું.પોલીસ તપાસમાં કેટલાક ચોકાવનારા ખુલાસા થવા પામ્યા છે. જેમાં ફરિયાદી રમણીકભાઈ કાનજીભાઈ ડાભી અને ટ્રક ચાલક અમૃતલાલ બાજુમાં રહેતા હોય અને ફરિયાદીને આરોપી એક જ દીવાલે મકાન આવેલ હોય જે તે વખતે દીવાલની પારાપેટની ચણતર કામમાં તમારી દીવાલ બાજુ વધારે સિમેન્ટ વાપરેલ છે. જેના કારણે ફરિયાદી અને આરોપીને પાણી ઢોળવા બાબતે માથાકૂટ અને સામાન્ય બોલાચાલી થઈ હતી. જેથી બે માસ પૂર્વે આરોપી પોતાના ઘરનું મકાન ભાડે આપી અન્ય જગ્યાએ રહેવા જતો રહ્યો હતો. આરોપીના પત્નીને કેન્સરની બીમારી હોય અને દીકરી ચાર વર્ષથી રીસામણે હોય જેથી ઘરમાં આથક સ્થિતિ નબળી હતી. અને આરોપી અંધશ્રદ્ધામાં વિશ્વાસ કરતા હોય પોતે જે મકાનમાં રહેતા હતા. ત્યાં આજુબાજુમાં કોઈ નડતરરૂપ હોય તેવી શંકા પોતાના મનમાં દ્રઢ થતા ફરિયાદીના પત્ની પંખુબેન દરણું દળાવવા માટે જતા હોય ત્યારે ટ્રકની સાઈડમાંથી જતી વેળાએ ટ્રક ચાલુ કરી લીવર આપી એકદમ ફૂલ સ્પીડમાં ફરિયાદીના પત્નીને મારી નાખવાના ઈરાદે ટ્રક ચડાવી મોત નિપજાવ્યાનું ખુલ્યું હતું.

# લેઉઆ પટેલ સમાજમાં કોઈ નેતા આગળ આવે તો તેને પાડી દેવા પ્રયાસો કરાય છે : જયેશ રાદડિયા

## જયેશ રાદડીયાએ કહ્યું આ કારણે સરદાર પટેલ પછી તેવા કોઇ સક્ષમ નેતા થયા નથી

**રાજકોટ**

રાજકોટ જિલ્લાના જામકંડોરણામાં 351 કન્યાઓના સમુહલગ્નના કાર્યક્રમ વખતે ધારાસભ્ય જયેશ રાદડીયાએ લેઉઆ પાટીદાર સમાજની કમજોરીને ઉજાગર કરીને કોઈનું નામ લીધા વગર જણાવ્યું કે, આપણા સમાજમાં કોઈ નેતા આગળ આવતો હોય તો તેને પાડી દેવાના પ્રયાસો થાય છે. આ કારણે સરદાર પટેલ પછી ગુજરાતમાં તેમના જેવા કોઈ સક્ષમ નેતા થયા નથી. તેમણે ઉમેર્યું કે, માંયકાંગલા નેતાઓને નીચે બેસાડી દો અને મજબૂત હોય તેમને જ સહકાર આપવો જોઈએ. સમાજના નામે રાજકારણ ન કરવું જોઈએ.

તેમણે સભામાં કહ્યું કે, માંયકાંગલા નેતાની સમાજને જરૂર નથી, એવા નેતાઓને નીચે બેસાડી દેજો. આજે વાતચીતમાં તેમણે ઉમેર્યું કે કોઈ ચોક્કસ નેતા માટે નહીં પણ સમાજ માટે જનરલ વાત કરી છે. પટેલ સમાજમાં કોઈ મજબૂત નેતા આગળ આવતા હોય તો તેને પાડી દેવાને બદલે સમાજે સપોર્ટ કરવો જોઈએ તેવી અપીલ કરી છે.

ભાજપના ધારાસભ્ય અને પૂર્વ કેબીનેટ મંત્રીની આ વાતને રાજકોટ બિલ્ડર્સ એસો.ના પ્રમુખ અને ખોડલધામના પૂર્વ પ્રમુખ પરેશ ગજેરાએ સમર્થન આપ્યું હતું અને એકલ દોકલ નેતાની નહીં પણ સમાજને સંગઠીત થવાની વાત કરી હતી. ઉલ્લેખનીય છે કે ગુજરાતની ચૂંટણીમાં પાટીદાર મતો નિર્ણાયક રહ્યા છે અને ફરી લોકસભા ચૂંટણી માટે આ નિર્ણાયક મતો ઉપર નેતાઓની નજર પડી છે ત્યારે આવા નિવેદનોથી ચર્ચા જાગી છે. આ કાર્યક્રમમાં કૃષિમંત્રી સહિત અનેક નેતાઓ હાજર રહ્યા હતા.

# 4,000 કિલોનો પંચ ધાતુનો ઘંટ હિરણ નદી પર આવી પહોંચતાં ભવ્ય સામૈયું

**તાલાલા**



તાલાલા શહેરમાં હિરણ નદીના પાવન તટ ઉપર બિરાજમાન સોરઠીયા પ્રજાપતિ ઉપરાંત અઢારેય વરણના શ્રદ્ધાળુ ભાવિકોના આસ્થાના પ્રતીક શ્રીબાઈ માતાજીના જર્જરિત મંદિરના સ્થાને રૂ.દશ કરોડના ખર્ચે નિર્માણ થયેલ દિવ્ય નૂતન મંદિરમાં પ્રસ્થાપિત થનાર ચાર હજાર કિલો પંચ ધાતુમાંથી બનેલ ઘંટ આવી પહોંચતાં ભાવિકોએ વિશાળ શોભાયાત્રા સાથે ઘંટનું સામૈયું કર્યું હતું. રાજકોટથી પ્રસ્થાન થયેલ ઘંટ ગોંડલ, જેતપુર, જુનાગઢ, કેશોદ, સોમનાથ ભવ્ય સ્વાગત બાદ તાલાલા પહોંચ્યો હતો. તાલાલામાં નવા બસ સ્ટેન્ડ પાસે ઘંટને વધાવી શ્રી બાઈ માતાજી મંદિર સુધી વિશાળ શોભાયાત્રા નીકળી હતી. આ શોભાયાત્રાએ નગરના મુખ્ય માર્ગો ઉપર પરિભ્રમણ કર્યું હતું. આ દરમિયાન ઠેર ઠેર ભાવિકોએ ઘંટ પૂજન કરી દર્શન કર્યા હતા. દાતાઓએ આથક દાન ઉપરાંત સોનું, ચાંદી, ત્રાંબુ, પિત્તળ પંચ ધાતુનું પણ દાન આપ્યું હતું.

# મુફ્તી અઝહરીની ગુજરાત ATS દ્વારા ધરપકડ, હેટ સ્પિચ બદલ મુંબઈમાં કાર્યવાહી

**નડિયાદ**

ગુજરાત એટીએસ દ્વારા મૌલાના મુફ્તી સલમાન અઝહરીની મુંબઈથી ધરપકડ કરવામાં આવી છે. હેટ સ્પિચ બદલ મુંબઈમાં કાર્યવાહી કરવામાં આવી હતી. હવે ગુજરાત ATSને બે દિવસના ટ્રાન્ઝીટ રિમાન્ડ મળતા મૌલાનાને મુંબઈથી અમદાવાદ લાવવામાં આવ્યો છે. અઝહરના સમર્થકો પોલીસ સ્ટેશનની બહાર ઉમટી પડ્યા હતા. અઝહરની ધરપકડ રોકવા માટે મોટી સંખ્યામાં તેમના સમર્થકોએ પોલીસ સ્ટેશનની બહાર એકઠા થઈ ગયા હતા અને પોલીસની વિરોધમાં નારેબાજી કરીને હોબાળો કર્યો હતો. જો કે મુંબઈ પોલીસે એકઠા થયેલા લોકો પર કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પૂ.જલારામ બાપા અંગે ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણના બફાટથી આક્રોશ

## વીરપુરમાં ભારે રોષ સાથે પ્રદેશ ભાજપ ઠપકો આપે તેવી માંગ ઉઠી

**રાજકોટ**

કલોલના ભાજપના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણે જલારામને ભગવાન બનાવી દીધા હતા. આ આપણી કમનસીબી છે તેવો વાણી વિલાસ કરતા સૌરાષ્ટ્રમાં રોષની લાગણી જન્મી છે. જલારામ બાપા રઘુવંશી ઉપરાંત દરેક સમાજ માટે આસ્થા અને વિશ્વાસનું સ્વરૂપ છે. જલારામ બાપાના પથ ઉપર ચાલીને જ્યાં દાયકાઓથી અન્નક્ષેત્ર ચાલે છે અને જે એકમાત્ર સંસ્થા દાન પણ લેતી નથી તેવા વીરપુર (જલારામ) માં ભાવિકોમાં ધારાસભ્ય સામે તીવ્ર રોષ ફેલાયો હતો. પોતાના હાજરાહજુર આરાધ્ય દેવ અંગે એક સિનિયર નેતા,ધારાસભ્યના બફાટથી રઘુવંશી સમાજમાં સૌરાષ્ટ્રભરમાં ઠેરઠેર રોષ ફેલાયો છે. રઘુવંશી યુવા શક્તિસંઘ દ્વારા ઉગ્ર વિરોધની ચીમકી ઉચ્ચારાઈ છે અને ભાજપના પ્રદેશ પ્રમુખ ધારાસભ્યને આ માટે ઠપકો આપીને તેના વિરૂદ્ધ કાર્યવાહી કરે તેવી માંગ ઉચ્ચારાઈ છે.

# ભાવનગરમાં કથિત હનુમાન ચાલીસા વગાડવા બાબતે દરજી પર હથિયારથી હુમલો

**અમદાવાદ**

ભાવનાગરમાં દરજી કામ કરતાં એક વ્યક્તિ પર અમુક શખ્સોએ હુમલો કર્યાનું બહાર આવ્યું છે. ભોગ બનનાર દ્વારા આક્ષેપ કરવામાં આવી રહ્યા છે કે પોતાની દુકાનમાં હનુમાન ચાલીસા વગાડવાની વાતનો ખાર રાખીને આ હુમલો કરવામાં આવ્યો છે. જેને લઈને ભાવનગર પોલીસે ફરિયાદ લઈને તપસના ચક્રો ગતિમાન કર્યા છે. ભાવનગરના કુંભારવાડાની આ ઘટના 1લી ફેબ્રુઆરીની છે. જેમાં દરજીકામ કરતાં રાજેન્દ્ર ચૌહાણ ઉપર 3 શખ્સોએ ઘાતક હથિયાર વડે હુમલો કર્યો હતો. જેને લઈને પોલીસે સાકેત માંકડ, મુન્નાભાઈ સહિત એક સગીર સામે ફરિયાદ નોંધી છે.

સ્વદેશ

## અભિનેત્રી રશ્મિકા મંદાનાએ ફીમાં વધારો કર્યો



ગયા વર્ષે રિલીઝ થયેલી ફિલ્મ 'એનિમલ'માં રશ્મિકા મંદાના પણ રણબીર કપૂર સાથે જોવા મળી હતી. આ ફિલ્મ બ્લોકબસ્ટર હિટ રહી હતી અને તેણે વિશ્વભરમાં રૂ. 900 કરોડથી વધુનો બિઝનેસ કર્યો હતો. ચર્ચા હતી કે ફિલ્મની સફળતાને ધ્યાનમાં રાખીને રશ્મિકાએ તેની ફી વધારી દીધી છે અને હવે તે એક ફિલ્મ માટે 4થી 4.5 કરોડ રૂપિયાની માંગ કરી રહી છે. રશ્મિકાએ ટ્વિટ કરીને લખ્યું 'મને આશ્ચર્ય થાય છે કે આ કોણ કહી રહ્યું છે. આ બધું જોયા પછી મને લાગે છે કે મારે ખરેખર આ કરવું જોઈએ...

## એરફોર્સ યુનિફોર્મમાં કિસના સીન બદલ દિપીકા-હૃતિકને નોટિસ



**મુંબઇ :** 'ફાઈટર' ફિલ્મમાં દીપિકા પાદુકોણ તથા હૃતિક રોશનને એરફોર્સ યુનિફોર્મમાં કિસ કરતાં દર્શાવાતાં એરફોર્સના એક વિંગ કમાન્ડરે દીપિકા અને હૃતિક ઉપરાંત ફિલ્મ સર્જકોને કાનૂની નોટિસ પાઠવી છે. આસામમાં ફરજ બજાવતા વીંગ કમાન્ડર સૌમ્ય દીપે જોકે પોતાની વ્યક્તિગત ક્ષમતાથી આ નોટિસ આપી છે. ભારતીય વાયુ દળ દ્વારા આ નોટિસ અપાઈ નથી. વીંગ કમાન્ડર સોમ્યદીપે પોતાની લીગલ નોટીસમાં જણાવ્યું છે કે, એર ફોર્સનો યૂનિફોર્મ ફક્ત કપડાનો એક ટુકડો નથી. આ દેશની રક્ષા કાજે ત્યાગ. અનુશાસન અને અતૂટ સમર્પણની નિશાની છે. આ યૂનિફોર્મ એક પવિત્ર પ્રતીક છે, જેનો ઉપયોગ રોમેન્ટિક એન્ગલ દેખાડવા માટે કરવામાં આવે એ ખોટું છે. આવાં દશ્યોથી દેશની સેવા માટે જાનફેસાની કરનારા અસંખ્ય જવાનોનું અપમાન થયું છે.

# અભિનેત્રી અને મોડલ પૂનમ પાંડે બની શકે છે સરકારના સર્વાઇકલ કેન્સર અભિયાનનો ચહેરો

નવી મુંબઇઃ છેલ્લા કેટલાક દિવસોથી પૂનમ પાંડે તેના મૃત્યુની અફવાને કારણે ચર્ચામાં છે. હવે એક્ટ્રેસને લઇને એક મોટુ અપડેટ સામે આવ્યુ છે. પૂનમ પાંડે અને તેની ટીમ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય સાથે વાતચીત કરી રહી છે. પૂનમ પાંડે સર્વાઇકલ કેન્સર અંગે સરકારના ચાલી રહેલા જાગૃતિ કાર્યક્રમની બ્રાન્ડ એમ્બેસેડર બની શકે છે. આ મહિનાની શરૂઆતમાં, પૂનમ પાંડેની પીઆર ટીમે તેના સત્તાવાર ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી અભિનેત્રીના મૃત્યુના ખોટા સમાચાર પોસ્ટ કર્યા હતા. પોસ્ટમાં કહેવામાં આવ્યું છે કે, અભિનેત્રીનું મોત સર્વાઇકલ કેન્સરને કારણે થયું છે. બીમારીના કારણે અભિનેત્રીના અચાનક મૃત્યુના સમાચારે બધાને ચોંકાવી દીધા હતા. પરંતુ બીજા જ દિવસે ખબર પડી કે આ સમાચાર ફેક છે અને પૂનમે સર્વાઇકલ કેન્સર વિશે જાગૃતિ ફેલાવવા માટે આ સ્ટંટ કર્યો હતો. પૂનમ પાંડે અચાનક જીવંત થઈ ગઈ 3 ફેબ્રુઆરીએ પૂનમ પાંડેએ એક વીડિયો પોસ્ટ કરીને માહિતી આપી હતી કે, તે જીવિત છે. તેણે કહ્યું કે 'હું આ કરવા માટે મજબુર હતી.



## શ્રદ્ધા કપૂર માયથોલોજિકલ વિષયની ફિલ્મમાં દેખાશે



મુંબઈ : શ્રદ્ધા કપૂર આગામી સમયમાં માયથોલોજિકલ વિષય પરની તથા ટાઈમ ટ્રાવેલના વિષય પરની ફિલ્મોમાં કામ કરવાની છે. શ્રદ્ધાની 'સ્ત્રી ટૂ' ફિલ્મ આગામી સમયમાં રીલીઝ થવાની છે. તાજેતરમાં એક સંવાદમા તેને ભાવિ પ્રોજેક્ટસ વિશે પૂછવામાં આવ્યું હતું. તે વખતે તેણે માહિતી આપી હતી કે પોતે માયથોલોજિકલ વિષય ધરાવતી ફિલ્મમાં કામ કરવાની છે. આ ઉપરાંત તે ટાઈમ ટ્રાવેલના વિષય અંગેની પણ એક ફિલ્મમાં કામ કરવાની છે. જોકે, શ્રદ્ધાએ કહ્યુ હતું કે મારે મારી જાત પર કાબૂ રાખવો પડશે અને હું આ તબક્કે વધારે વિગતો જાહેર નહીં કરી શકું.





## II સંસ્કૃતિ II




સ્વદેશ
Leading Gujarati Newspaper
સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news

Rameshbhai Vyas
Director & Publisher
SWADESH



Paresh Peshva
Marketing Director
SWADESH


### એક સમયે સલામત ગણાતા અમેરિકામાં આજે અસલામતિનો માહોલ

# USમાં ભારતીય વિદ્યાર્થીઓની હત્યા, ટાર્ગેટ કિલિંગની આશંકા





અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓ ઉપર હુમલાની ઘટનાઓ ચિંતાજનક રીતે વધી ગઈ છે. 2024માં 40 દિવસમાં જ પાંચ વિદ્યાર્થીઓના અપમૃત્યુની ઘટનાઓ હકીકતમાં યુએસમાં સર્જાયેલી વર્તમાન અસલામતિની સ્થિતિનો ચિતાર આપી રહી છે. અમેરિકાના શિકાગોમાં ૪ ફેબ્રુઆરીએ બનેલી ઘટનામાં સૈજય મઝાહિર અલી નામના ભારતીય વિદ્યાર્થીને મારી મારીને લોહીલુહાણ કરી નંખાયો હતો. આ ઘટનાનો વાયરલ થયેલો વીડિયોમાં ચાર હુમલાખોરો અલીનો પીછો કરતા દેખાયા હતા. સાથે જ ચારેય ઈસમો અચાનક યુવાન પર તૂટી પડે છે અને બેફામ ફટકારીને સેલ ફોન ઝૂંટવીને ભાગી જાય છે.

આ ઘટના પછી લોહીથી લથપથ અલીએ ધ્રૂજતા સ્વરે પોતાની સાથે શું બન્યું એ કહેતો વીડિયો પણ મૂક્યો છે. અલીની પોતાની સાથે બનેલી ઘટનાની હકીકત બયાન કરતા કહે છે કે, તે ખાવાનું લઈને આવતો હતો, ત્યારે ચાર લોકો તેના પર અચાનક તૂટી પડયા. તેને લાત, મુક્કા મારી મારીને અધમૂઓ કરી નાંખ્યો અને પછી મોબાઈલ ફોન ઝૂંટવીને ભાગી ગયા. અલીના માથા પરથી અને નાકમાંથી લોહી નીકળતું દેખાય છે. તેના ઉપરથી જ અલીને કેવી બેરહેમીથી માર્યો હશે એ સ્પષ્ટ થઈ જાય છે.

સૈયદ અલી ઉપર થયેલા હુમલાને કારણે ભારતીય વિદ્યાર્થીઓમાં ગભરાય ફેલાયો છે. કારણ કે, અલી પર હુમલાની ઘટનાના બે દિવસ પહેલાં જ સમીર કામથ નામના મૂળ ભારતીય વિદ્યાર્થીની લાશ મળી હતી. સમીર કામથ પરડયુ યુનિવર્સિટીમાં મીકેનિકલ એન્જીનિયરિંગમાં ડોક્ટરેટ કરી રહ્યો હતો. પરડયુ યુનિવર્સિટીમાંથી જ સમીરે મેકિનેકલ એન્જીનિયરિંગમાં ૨૦૨૩ના ઓગસ્ટમાં માસ્ટર્સ ડીગ્રી મેળવી હતી અને પછી ડોક્ટરેટમાં એડમિશન લીધું હતું. સમીરની લાશ ક્રોઝ ગ્રોવ નેચર પ્રીઝર્વમાંથી મળી છે. ૨૩ વર્ષનો સમીર અમેરિકન નાગરિક હતો. સમીરના મોતના આઘાતમાંથી ભારતીય વિદ્યાર્થીઓ બહાર આવે, ત્યાં અલી પરના જીવલેણ હુમલાએ સૌને થથરાવી દીધા છે. કેમ કે, ૨૦૨૪ની શરૂઆતથી જ ભારતીય વિદ્યાર્થીઓ ઉપર સતત હુમલા થઈ રહ્યા છે. આ હુમલાઓને પોલીસ રોકી શકતી નથી. આ હુમલાઓને કારણે જાન્યુઆરી ૨૦૨૪માં ચાર ભારતીય વિદ્યાર્થીઓએ જીવ ગુમાવ્યા છે. શ્રેયસ રેડ્ડી, નીલ આચાર્ય, વિવેક સૈની અને અકુલ ધવન નામના આ ચારેય ભારતીય વિદ્યાર્થીઓની હત્યા પછી ત્રણ કેસમાં તો હત્યા કેમ કરાઈ અને હત્યારા કોણ હતા, તેની પણ પોલીસને ખબર પડી નથી.

અમેરિકામાં ૨૦૨૪ના પહેલા પાંચ અઠવાડિયામાં જ પાંચ ભારતીય વિદ્યાર્થીઓની હત્યા કરી દેવાઈ છે. આ પૈકી શ્રેયસ રેડ્ડી ૨ ફેબ્રુઆરીએ ઓહાયોમાં ગુજરી ગયો હતો. શ્રેયસનો મૃતદેહ શંકાસ્પદ હાલતમાં મળ્યો તે પછી તેનું મૃત્યુ ક્યાં અને કેવી રીતે થયું તે અંગે કોઈ માહિતી બહાર આવી નથી. શ્રેયસ રેડ્ડી બેનિગર બિઝનેસ કોર્સમાં ભણતો હતો. ૧૯ વર્ષનો શ્રેયસ રેડ્ડી બેનિગર પણ હૈદરાબાદનો હતો.

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

આ પહેલાં ૨૮ જાન્યુઆરીએ ઈન્ડિયાના સ્ટેટમાં નીલ આચાર્યની હત્યા થઈ હતી. નીલ પણ સમીર કામથની જેમ પરડયુ યુનિવર્સિટીનો વિદ્યાર્થી હતો. ૨૮ જાન્યુઆરીના રોજ સવારે પરડયુ યુનિવર્સિટી કેમ્પસમાંથી નીલ આચાર્યની લાશ મળી હતી. નીલ ૧૨ કલાકથી ગુમ હતો અને તેની માતા ગૌરી આચાર્યે ગુમ થયો હોવાની ફરિયાદ કરી હતી. નીલ પહેલાં ૨૦ જાન્યુઆરી, ૨૦૨૪ના દિવસે અકુલ ધવનના અપમૃત્યુની ઘટના પણ ઘટી હતી.

અકુલની લાશ યુનિવર્સિટી ઓફ ઈલિનોય અર્બના-ચેમ્પેનની બહાર મળી હતી. પોસ્ટ મોર્ટમ રિપોર્ટ પ્રમાણે અકુલનું મોત ઠંડીના કારણે થયું હતું. સ્વાભાવિક રીતે જ કાતિલ ઠંડી પડતી હોય ત્યારે અકુલ બહાર નીકળે નહીં. આમ છતાં પણ તેને બહાર લઈ જઈને ઠંડીમાં રખાયો કે જેથી હાઈપોથર્મિયા થઈ જતાં મોત થઈ ગયું. ધવનનાં માતા-પિતાએ યુનિવર્સિટી પર બેદરકારીનો આરોપ મૂક્યો છે. આ પહેલાં જ્યોર્જિયામાં વિવેક સૈનીની હત્યા કરવામાં આવી હતી. ૨૫ વર્ષીય વિદ્યાર્થી વિવેકના માથા પર હથોડીના ૫૦ ઘા મારીને હત્યા કરાઈ હતી. ફૂડ માર્ટમાં નોકરી કરતા વિવેકે સ્ટોરની બહાર પડયા રહેતા બેઘરને સ્ટોરની બહાર રહેવા સમંતિ આપી હતી. પણ ૧૬ જાન્યુઆરીએ વિવેકે તેને જગ્યા ખાલી કરવા કહ્યું ત્યારે પેલા શખ્સે ગુસ્સામાં આવીને વિવેકને મોતને ઘાટ ઉતારી દીધો હતો.

હવે આ ગંભીર ઘટનાઓ સાથે અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓનું ટાર્ગેટ કિલિંગ કરાઈ રહ્યું હોય તેવી આશંકા પણ ઉદભવી છે. હકીકતમાં અમેરિકા સહિતના દેશોમાં છેલ્લા કેટલાક સમયથી સતત ભારતીયો વિરૂધ્ધ માહોલ ઉભો કરાઈ રહ્યો છે. કેનેડા, ઓસ્ટ્રેલિયા સહિતના દેશોમાં પણ ભારતીયોને નિશાન બનાવીને હુમલા થયાની ઘટનાઓ સામાન્ય બની રહી છે. વિદેશમાં ભારતીય વિદ્યાર્થીઓ પર હુમલા અને તેમનાં મોતના બનાવ ભારત અને અન્ય દેશો માટે પણ અત્યંત ચિંતાજનક છે. આ પ્રકારની ઘટના એક સમયે સલામત ગણાતા અમેરિકાની વર્તમાન સ્થિતિનો ચિતાર આપી રહી છે. અમેરિકામાં ઉભા થયેલા અસલામતીના વાતાવરણ માટે કેટલાક પરિબળોને જવાબદાર માનવામાં આવે છે. અમેરિકામાં વિદેશથી આવેલાં લોકો માટે નકારાત્મક માહોલ ઉભો કરાય રહ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પે સત્તામાં આવવા માટે અગાઉ અમેરિકા ફસ્ટનો નારો આપ્યો હતો. ટ્રમ્પ જાહેરમાં કહેતા હતા કે, અમેરિકાની નોકરીઓ અને અમેરિકાના સ્ત્રોત ઉપર સૌથી પહેલો અધિકાર અમેરિકનોનો છે. ટ્રમ્પે લોકોને આ પ્રકારની વાતો કરી આંજી દીધા અને સત્તા મેળવી હતી. હવે ટ્રમ્પ સત્તામાં નથી પણ તેમણે કરેલી વાતો અમેરિકનોના માનસમાં આજે પણ વિદેશીઓને વિલન ચિતરી રહી છે. અસર વર્તાઈ રહી હોય એવું લાગી રહ્યુ છે. ભારતીયોને હજુ અમેરિકાનું જબરદસ્ત વળગણ છે. જાન્યુઆરી 2024થી અત્યાર સુધી બનેલી ઘટનાઓને કારણે હવે પછી ભારતીયોએ અમેરિકા જતા પહેલાં સો વાર વિચારવું પડે તેવી સ્થિતિ છે.

ભારતીય વિદ્યાર્થીઓની હત્યાના કેસમાં કોઈ તપાસ જ થતી નથી. વિવેક સૈની નામના ભારતીયના હત્યારા વિશે પોલીસને ખબર હતી. આમ છતાં તેને પણ પકડવામાં આવ્યો નથી. બીજી ઘટનાઓમાં તો તપાસના નામે કશું થયું જ નથી. અમેરિકામાં ભણતા વિદેશી વિદ્યાર્થીઓમાં ભારતીયો ચીન પછી બીજા નંબરે છે. ૨૦૨૨-૨૩ના વર્ષમાં ભારતથી કુલ ૨.૬૯ લાખ વિદ્યાર્થી અમેરિકા ભણવા માટે ગયા હતા. ૨૦૨૧-૨૨માં ભારતથી અમેરિકા જનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૨ લાખની આસપાસ હતી, એટલે કે, ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં એક જ વર્ષમાં ૩૫ ટકાનો વધારો થયો હતો. ચીન ૨.૯૦ લાખ વિદ્યાર્થીઓ સાથે પહેલા નંબરે હતું પણ સળંગ ત્રણ વર્ષથી તેના વિદ્યાર્થીઓ ઘટી રહ્યા છે અને ભારતના વધી રહ્યા છે. એ જોતાં ભારત જલદી નંબર વન બની જશે.

આગલા વર્ષે ગ્રેજ્યુઅશન પછી આગળ ભણવા જનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૧.૦૨ લાખ હતી તે વધીને ૧.૬૬ લાખ થઈ હતી, એ જોતાં લગભગ ૬૩ ટકાનો વધારો માસ્ટર્સ કરનારા વિદ્યાર્થીઓમાં નોંધાયો હતો. ભારતમાંથી દસેક લાખ વિદ્યાર્થીઓ અમેરિકામાં ભણે છે.

તાજેતરની ઘટનાઓ જાણ્યા પછી ભારતીયો પોતાનાં સંતાનોને અમેરિકા મોકલતાં પહેલાં કમ સે કમ તેમને વધારે સતર્ક રહેવાની સલાહ આપે તે આવશ્યક છે. અમેરિકનોમાં ભારતીય અમારી નોકરીઓ છિનવી રહ્યા છે એવી ખોટી માન્યતાઓના કારણે ભારતીયો તરફ દ્વેષ વધી રહ્યો છે. આવા સમયે વિદેશમાં વસતા દરેક ભારતીયો સતર્ક રહે તે જરૂરી છે.

**અમેરિકામાં 2024માં કુલ 5 ભારતીય વિદ્યાર્થીઓએ જીવ ગુમાવ્યા છતાં પોલીસ હજી હુમલાનું કારણ કે હુમલાખોરોની માહિતી મેળવી શકી નથી. હુમલાઓ પાછળ અમેરિકનોને ભારતીયો તેમની નોકરીઓ છીનવી રહ્યા છે તેવી ખોટી માન્યતા કારણભૂત છે. જેને કારણે ભારતીયો તરફ દ્વેષ વધી રહ્યો છે**

Crown
CONDOMINIUMS

PHASE 1 - **IMMEDIATE OCCUPANCY**




**SAVE $50,000***

On the **last unit** still available.

**LAST UNIT** with **3 bedrooms**,
from **$513,068 + taxes - 1,244 sq.ft.**

*Offer valid on **PHASE 1** units only

**$50,000 IN VALUES**

**The 3 appliances**
(fridge, stove, dishwasher)
**Indoor parking**
**Notary fees**
**Welcome tax**
**Condo fees for 6 months**

Personalized assistance from our sales manager, **DOLLY**.

Several units available in **PHASE 2** and **3**.

PHASE 2 - **IMMEDIATE OCCUPANCY** (96% SOLD)
PHASE 3 - **DELIVERY LATE SPRING 2024** (90% SOLD)

**514.612.0899 / CONDOS-CROWN.COM**

# ટોરોન્ટો : 45 હિલ્સ પર ટોબોગનિંગ પ્રતિબંધ હટાવવા માટે મતદાન થયું

## ટોરોન્ટો સિટી કાઉન્સિલે નવા નિશાનો મૂકવાની દરખાસ્ત મંજૂર કરી

**ટોરોન્ટો**

ટોરોન્ટો સિટી કાઉન્સિલે પાર્ક સ્ટાફ દ્વારા અસુરક્ષિત ગણાતા 45 હિલ્સ પર ટોબોગનિંગ પરના પ્રતિબંધને પલટાવી દેવા માટે મત આપ્યો છે. બુધવારની મીટિંગ દરમિયાન કાઉન્સિલરોએ તે સ્થાનો પર ટોબોગનિંગને પ્રતિબંધિત કરતી નિશાનીઓને દૂર કરવા અને તેને બદલે પ્રવૃત્તિ સાથે સંકળાયેલા સંભવિત જોખમો વિશે સલાહ આપતા નવા નિશાનો મૂકવાની દરખાસ્ત મંજૂર કરી હતી. જાન્યુઆરીમાં શહેરે અસુરક્ષિત ગણાતા કેટલાક ઉદ્યાનોમાં ટોબોગનિંગ પર પ્રતિબંધ મૂક્યો હતો. કારણ કે તેમની પાસે વૃક્ષો, ખાડાઓ, પગદંડી અને વાડના અવરોધ વિના ઉપરથી નીચે તરફ જવાનાં સ્લેડ્સ માટે સ્પષ્ટ માર્ગો નહોતા.

આ દરખાસ્ત કાઉન્ટ દ્વારા મૂકવામાં આવી હતી. બ્રાડ બ્રેડફોર્ડ, જે દરિયાકિનારા-પૂર્વ યોર્કનું પ્રતિનિધિત્વ કરે છે, જ્યાં એક ઉદ્યાનને ટોબોગનિંગ માટે પ્રતિબંધિત કરવામાં આવ્યો હતો.

ટોરોન્ટોનિયનો ઈચ્છે છે કે તેમનું શહેર ટોબોગનિંગ જેવી મજાની આઉટડોર શિયાળાની પ્રવૃત્તિઓ માટે તકોનો સ્વીકાર કરે. બ્રેડફોર્ડનાં આ નિવેદનને મેયર ઓલિવિયા ચાઉએ સમર્થન આપ્યું હતું. ચોક્કસ સ્થળોએ આ પ્રિય પ્રવૃત્તિને પ્રતિબંધિત કરવાને બદલે શહેરના પાર્ક વપરાશકર્તાઓને તમામ સ્થળોએ ટોબોગેનિંગના જોખમ વિશે યોગ્ય નિર્ણયો લેવાની મંજૂરી આપવા માટે ચેતવણીની નિશાનીઓનો ઉપયોગ કરવામાં આવશે. બ્રેડફોર્ડ સ્ટાફને તે ટેકરીઓ પર અગાઉ સૂકા ઘાસની જે ગાંસડીઓ હતી તેને ફરીથી સ્થાપિત કરવા માટે પણ નિર્દેશ આપે છે. ટોબોગનિંગની સલામતી અંગેની ચિંતા નવી નથી. 2017માં શહેરે ટોબોગન હિલ નિરીક્ષણ કાર્યક્રમ અપનાવ્યો ત્યારથી અધિકારીઓ સતત સલામતી સુનિશ્ચિત કરવા લોકપ્રિય ટોબોગનિંગ સાઈટ્સનું સર્વેક્ષણ કરી રહ્યા છે.

# ફાર્મા કેરની સમયમર્યાદા ચૂકી જવાશે તો પરિણામ ભોગવવું પડશે : જગમીતસિંહ

## બે પક્ષો વચ્ચે થયેલા કરારનું પાલન કરવા અનુરોધ કરાયો

**ઓન્ટેરિયો**

એનડીપીના નેતા જગમીત સિંહે બુધવારે જણાવ્યું હતું કે, તેમણે તાજેતરની બંધ બારણે બેઠક દરમિયાન વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોને ચેતવણી આપી હતી કે, જો સરકાર ફાર્માકેર કાયદાને ટેબલિંગ કરવા માટેની 1 માર્ચની સમયમર્યાદા ચૂકી જશે તો ખરાબ પરિણામો આવશે

સિંઘ તેમના બે પક્ષો વચ્ચેના પુરવઠા અને વિશ્વાસ કરારની શરતોની ચર્ચા કરવા અવારનવાર ટ્રુડો સાથે મુલાકાત કરે છે, જેમાં ન્યુ ડેમોક્રેટ્સ નીતિની પ્રાથમિકતાઓ પર હિલચાલના બદલામાં હાઉસ ઓફ કોમન્સમાં મુખ્ય મતો પર સરકારને ટેકો આપે છે. સિંહે સોમવારની બેઠકને અઘરી ગણાવી હતી. સિંહે પાર્લામેન્ટ હિલ ખાતે પત્રકારો સમક્ષ જણાવ્યું હતું કે, મેં પીએમને સ્પષ્ટ કર્યું કે, અમે અપેક્ષા રાખીએ છીએ કે, સરકાર પહેલી માર્ચ સુધીમાં જરૂરી પગલાં લેશે. મેં તેમને નોટિસ આપી છે. જો એમ નહીં થાય, તો તેના ગંભીર પરિણામો આવશે.

2022 NDP-લિબરલ કરારની શરતો અનુસાર પક્ષ ફાર્માકેરના સિદ્ધાંતોની રૂપરેખા અને 2025 સુધીમાં કેટલીક દવાઓને આવરી લેવાની છે. નવેમ્બરમાં સરકારે સ્વીકાર્યું હતુ કે તે સોદાની મૂળ સમયરેખાને પૂર્ણ કરશે નહીં, જેમાં 2024 પહેલાં ફાર્માકેર કાયદો પસાર કરવા માટે કહેવામાં આવ્યું હતું. ન્યૂ ડેમોક્રેટ્સે કહ્યું કે, સમયમર્યાદા ચૂકી જવાથી લિબરલ્સને ખર્ચ થશે. સિંઘે બુધવારે જણાવ્યું હતું કે, અમે કહ્યું કે તેઓ તેમની સમયમર્યાદા ચૂકી ગયા હોવાથી, અમે વધુ અપેક્ષા રાખીએ છીએ, અને અમે તમને આગામી દિવસોમાં જણાવીશું કે તે વધુ શું છે.

સુત્રોના જણાવ્યા મુજબ લિબરલ્સ પાંચ કરતાં ઓછી દવાઓને આવરી લેવા સંમત થયા હતા.

# ભારતમાં એનઆરઆઈ-ઓસીઆઈ કાર્ડધારકો માટે આધારકાર્ડની નોંધણીના નવા નિયમો જાહેર

## NRI, OCI-કાર્ડ ધારકોને આધાર કાર્ડ નોંધણી માટે નવા નિયમો જાહેર કરવામાં આવ્યા છે

યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI)એ નિવાસી અને બિન-નિવાસી ભારતીયો માટે અલગ-અલગ ફોર્મ રજૂ કરતા આધાર (નોંધણી અને અપડેટ) નિયમોમાં ફેરફારની જાહેરાત કરી છે. UIDAI અનુસાર, આ નવી માર્ગદર્શિકા આધાર કાર્ડ માટે અપડેટ અને નોંધણીની સમગ્ર પ્રક્રિયાને સરળ બનાવવાના ઉદ્દેશ્યથી બનાવવામાં આવી છે.

અગાઉ, એનઆરઆઈ આધાર ફોર્મ માટે અરજી કરવા પાત્ર ન હતા, પરંતુ હવે તેઓ કોઈપણ આધાર કેન્દ્ર પર આધાર કાર્ડ માટે અરજી કરવા પાત્ર છે જૂના 2016 ના નિયમ અનુસાર, આધાર કાર્ડ ધારક ફક્ત ઓનલાઈન મોડ દ્વારા તેમનું સરનામું અપડેટ કરી શકે છે, અને કોઈપણ અન્ય વિગતો માટે. અપડેટ કરવા માટે, તેઓએ નજીકના નોંધણી કેન્દ્રની મુલાકાત લેવાની જરૂર હતી.

નવા નિયમો મુજબ, આધાર કાર્ડની માહિતી હવે નજીકના આધાર સેવા કેન્દ્રની મુલાકાત લઈને અથવા મોબાઈલ એપ્લિકેશન અને UIDAI વેબસાઈટ દ્વારા સેન્ટ્રલ આઈડેન્ટિટી ડેટા રિપોઝીટરી (CIDR) માં અપડેટ કરી શકાય છે.

### વિગતો અપડેટ કરવા હાલના ફોર્મને બદલે નવા ફોર્મ્સ આવ્યા

**ફોર્મ 1 :** નિવાસી અને બિન-નિવાસી બંનેની આધાર કાર્ડ નોંધણી માટે કરવામાં આવશે (ભારતમાં સરનામાના પુરાવા સાથે 18 વર્ષ અને તેથી વધુ ઉંમરના) લોકોનું સમાન જૂથ સમાન ફોર્મનો ઉપયોગ કરીને તેમની આધાર વિગતો અપડેટ કરી શકે છે.

**ફોર્મ 2 :** ભારતની બહાર એડ્રેસ પ્રૂફ ધરાવતા NRI માટે હશે.

**ફોર્મ 3 :** 5 વર્ષ અને તેથી વધુ વયના પરંતુ 18 વર્ષથી ઓછી વયના બાળકોની નોંધણી કરવા માટે કરવામાં આવશે (નિવાસી - કાયમી ભારતીય સરનામું ધરાવતા NRI).

**ફોર્મ 4 :** ભારતની બહારના સરનામાં ધરાવતા NRI બાળકો માટે કરવામાં આવશે.

**ફોર્મ 5 :** 5 વર્ષથી ઓછી ઉંમરના રહેવાસીઓ અથવા NRI બાળકો (ભારતીય સરનામું ધરાવતા) માટે કરવામાં આવશે

**ફોર્મ 6 :** 5 વર્ષથી ઓછી ઉંમરના NRI બાળકો (ભારત બહારના સરનામા સાથે) માટે કરવામાં આવશે.

**ફોર્મ 7 :** 18 વર્ષથી વધુ ઉંમરના વિદેશી નાગરિક દ્વારા કરવામાં આવશે. આ શ્રેણીમાં નોંધણી માટે વિદેશી પાસપોર્ટ, માન્ય લાંબા ગાળાના વિઝા, OCI કાર્ડ અને ભારતીય વિઝા ફરજિયાત છે. ઈમેલ આઈડી હોવું પણ ફરજિયાત છે. ફોર્મ 8 18 વર્ષથી નીચેના નિવાસી વિદેશી નાગરિકો માટે હશે. UIDAI દ્વારા 18 વર્ષની ઉંમરે પહોંચવા પર આધાર નંબર રદ કરવા માટે ફોર્મ 9 સૂચિત કરવામાં આવે છે.

**નવો નિયમ :** આધાર નંબર ધારકે આધાર નંબરની જનરેશન તારીખના 10 વર્ષ પછી તેમના દસ્તાવેજો અપડેટ કરવા જોઈએ આધાર નંબર અને દસ્તાવેજો અપડેટ કરવાનું ઓનલાઇન, UIDAI વેબસાઇટ અથવા મોબાઇલ એપ્લિકેશન દ્વારા અથવા આધાર કેન્દ્ર પર રૂબરૂમાં કરી શકાય છે. નોંધણી કેન્દ્ર. દરેક ભારતીય નાગરિક માટે આધાર કાર્ડમાં નોંધણી કરાવવી ફરજિયાત છે. આધાર કાર્ડનો ઉપયોગ ઘણા હેતુઓ માટે થાય છે, જે ભારતમાં સામાજિક સુરક્ષા નંબરની જેમ કાર્ય કરે છે.

### આધાર કાર્ડના પ્રાથમિક ઉપયોગો

**ઓળખનો પુરાવો:** આધાર એ ઓળખના પુરાવા તરીકે કામ કરે છે અને તમારે ઓળખનો પુરાવો પ્રદાન કરવાની જરૂર હોય ત્યાં તેનો ઉપયોગ કરી શકાય છે.

**સરનામાનો પુરાવો:** આધાર કાર્ડ પર આપવામાં આવેલી સરનામાની વિગતો તમારા સરનામાના પુરાવા અથવા રહેઠાણના પુરાવા તરીકે પણ કામ કરે છે

**ઓનલાઈન કેવાયસી (તમારા ગ્રાહકને જાણો) :** ભારતીય બજારમાં રોકાણ માટે (જેમ કે મ્યુચ્યુઅલ ફંડ્સ, સ્ટોક્સ વગેરે) આધારનો ઉપયોગ ઓનલાઈન KYC (તમારા ગ્રાહકને જાણો) માટેના સાધન તરીકે થાય છે જે રોકાણ માટે તમારી વિગતોની ચકાસણી કરવાની પ્રક્રિયા છે.

### કાર્ડ બનાવવા માટેની પ્રક્રિયા વિશે જાણો

1 તમારી અનુકૂળતાના કોઈપણ આધાર કેન્દ્રની મુલાકાત લો.
2 તમારો માન્ય પાસપોર્ટ તમારી સાથે રાખો (એનઆરઆઈ માટે ભારતીય પાસપોર્ટ અને OCI માટે તમારો દેશનો પાસપોર્ટ) (નોંધ : OCI આધાર કાર્ડ માટે માત્ર ત્યારે જ અરજી કરી શકે છે જો તેઓ 162 દિવસથી વધુ સમયથી ભારતમાં રહેતા હોય.
3 નોંધણી ફોર્મમાં વિગતો ભરો
4 NRI માટે ઈમેલ આઈડી આપવી ફરજિયાત છે (હાલમાં આંતરરાષ્ટ્રીય મોબાઈલ નંબર સ્વીકારવામાં આવતો નથી)
5 NRI નોંધણી માટેની ઘોષણા થોડી અલગ છે. તમારા નોંધણી ફોર્મમાં તે વાંચો અને સહી કરો.
6 ઓપરેટરને તમારી એનઆરઆઈ તરીકે નોંધણી કરાવવા માટે કહો
7 ઓળખના પુરાવા તરીકે તમારો પાસપોર્ટ આપો
8 તમે તમારા પાસપોર્ટનો સરનામું અને જન્મ તારીખના પુરાવા તરીકે ઉપયોગ કરવાનું પસંદ કરી શકો છો અથવા આ માટે કેટલાક અન્ય માન્ય દસ્તાવેજો આપી શકો છો (UIDAI માન્ય દસ્તાવેજોની સૂચિ મુજબ).
9 બાયોમેટ્રિક કેપ્ચર પ્રક્રિયા પૂર્ણ કરો.
10 તમે ઓપરેટરને સબમિટ કરવાની મંજૂરી આપો તે પહેલાં સ્ક્રીન પરની બધી વિગતો (અંગ્રેજી અને સ્થાનિક ભાષામાં) તપાસો.
11 સ્વીકૃતિ સ્લિપ/નોંધણી સ્લિપ એકત્રિત કરો જેમાં તમારું 14 અંક નોંધણી ID અને ડેટા અને ટાઇમ સ્ટેમ્પ હોય. તમે તમારા આધારનું સ્ટેટસ અહીંથી ચકાસી શકો છો: https://resident.uidai.gov.in/chec aadhaar






# ગુજરાતમાં 5 લાખથી વધુ બાળકો કુપોષણનો શિકાર

## દાહોદ જિલ્લામાં સૌથી વધુ કુપોષિત બાળકો નોંધાયા, સૌથી વધુ દાહોદમાં જ્યારે સૌથી ઓછા નવસારીમાં કુપોષિત બાળકો

**અમદાવાદ**

વિકસિત ગુજરાતની વાતો વચ્ચે કુપોષિત બાળકોના ચિંતાજનક આંકડા સામે આવ્યા છે. ગુજરાતના 33 જિલ્લામાંથી 29 જિલ્લાના પાંચ લાખ 28 હજાર 653 બાળકો કુપોષિત છે, જેમાં દાહોદ જિલ્લામાં સૌથી વધુ કુપોષિત બાળકો નોંધાયા છે. ચાર જિલ્લામાં કુપોષિત બાળકોની સંખ્યામાં વધારો થયો છે. ગુજરાતમાં પહેલી ફેબ્રુઆરીથી વિધાનસભાનું સત્ર શરુ થયુ છે. ત્યારે આજે ગૃહમાં ગુજરાતમાં કુપોષિત બાળકો અંગેના આંકડા વિશે સવાલ કરવામાં આવ્યો હતો. જેના જવાબમાં મહિલા અને બાળ કલ્યાણ વિકાસ મંત્રી ભાનુબેન બાબરિયાએ લેખિત જવાબ રજૂ કર્યો હતો. આ રજૂ કરાયેલા આંકડા ચોંકાવનારા છે. ગુજરાતના



33 જિલ્લામાંથી 29 જિલ્લાના 5 લાખ 28 હજાર 653 બાળકો કુપોષિત છે. જેમાંથી અતિ ઓછા વજનવાળા એક લાખ 18 હજાર 104 કુપોષિત બાળકો છે. રાજ્યમાં સૌથી વધુ 51 હજાર 321 કુપોષિત બાળકો દાહોદમાં નોંધાયા છે જ્યારે નવસારીમાં 1548 કુપોષિત બાળકો નોંધાયા છે જે રાજ્યમાં સૌથી ઓછા નોંધાયા છે. રાજ્યના ચાર જિલ્લામાં કુપોષણના 16069 બાળકો વધ્યા છે. આ ઉપરાંત અમદાવાદમાં 3516 કુપોષિત બાળકોનો વધારો થયો છે. ગૃહમાં રજૂ કરાયેલા આંકડાઓમાં 29 જિલ્લામાંથી 24 જિલ્લામાં કુપોષણના દરમાં સુધારો જોવા મળ્યો છે, જેમાં રાજ્યમાં 97 હજાર 840 બાળકો કુપોષણમાંથી બહાર આવ્યા છે. ઉલ્લેખનીય છે કે મહિલા અને બાળ કલ્યાણ વિકાસ મંત્રી ભાનુબેન બાબરિયાએ વિધાનસભા ગૃહમાં લેખિત જવાબ આપ્યો છે.

# ગતિશીલ ગુજરાતમાંથી 22,300 નાગરિકોએ સરન્ડર કર્યા પાસપોર્ટ

**અમદાવાદ**

દેશ અને ગુજરાત રાજ્ય પ્રગતિના પંથે ચાલી રહ્યાની વાતો વચ્ચે ગુજરાતીઓ ગુજરાત જ નહીં દેશની નાગરિકતા મૂકી વિદેશના થઈ જવાનું પસંદ કરી રહ્યા છે. નાના ગામડા નહીં પણ અમદાવાદ જેવા શહેરમાંથી પણ વિદેશી નાગરિકતા લેનારા ગુજરાતીઓની સંખ્યા વધી છે. એક અહેવાલ અનુસાર અમદાવાદ રિજનલ પાસપોર્ટ ઓફિસના સૂત્રો અનુસાર છેલ્લા અમુક વર્ષોથી યુરોપના દેશો અને અમેરિકા અને કેનેડામાં સેટલ થવા માટે ગુજરાતીઓ પડાપડી કરી રહ્યા છે.

અમદાવાદીઓ લાખો ખર્ચીને વર્ક પરમિટ કે સ્ટુડન્ટ વિઝા પર અમેરિકા અને કેનેડા જઈ રહ્યા છે અને ત્યારબાદ અહીં જ કામ કરી અમુક વર્ષોમાં નાગરિકતા મેળવે છે. અમેરિકા અને કેનેડાની નાગરિકતા મેળવવા માટેની કુલ અરજીમાંથી 58 ટકા આસપાસને નાગરિકતા મળી જાય છે. પાસપોર્ટએક્ટ 1967 અનુસાર જ્યારે પણ કોઈ ભારતીય વિદેશની નાગરિકતા લે એટલે તેણે ભારતીય પાસપોર્ટ સરન્ડર કરવો પડે છે.માત્ર અમદાવાદની વાત કરીએ તો વર્ષ 2021માં 217 નાગરિકે પાસપોર્ટ સરન્ડર કર્યો હતો અને 2022માં 241 અને 2023માં 485 પાસપોર્ટ સરન્ડર થયા છે.

# અનધિકૃત ધાર્મિક સ્થળો અંગે વિવાદ, ગૃહ સચિવની એફિડેવિટ પર હાઈકોર્ટ નારાજ

**અમદાવાદ**

ગુજરાતમાં સાર્વજનિક જગ્યાઓ પર અનધિકૃત પૂજાસ્થળોના દબાણ અંગે હાલ વિવાદ ચાલી રહ્યો છે. હાઈકોર્ટમાં આજે કેસની સુનાવણી યોજાઈ હતી. ગૃહ વિભાગના સચિવે દાખલ કરેલા સોગંદનામા વિશે હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. આ મામલે થયેલી કાર્યવાહીમાં ફક્ત 23.33 ટકા સંરચના હટાવી લેવામાં આવી છે.

હાઈકોર્ટના ન્યાયાધીશે સુનાવણીમાં જણાવ્યું હતું કે હજુ પણ ઘણી જાહેર જગ્યાઓ પર અનધિકૃત રીતે ધાર્મિક સ્થળોનું દબાણ જોવા મળી રહ્યું છે. આ વિવાદમાં નીતિગત નિર્ણય લેવાયા બાદ પણ સરકારે આ વિશે કોઈ ખાસ પગલા લીધા નથી.

થોડા સમય પહેલા સરકારે એવો નિર્ણય લીધો હતો કે સાર્વજનિક જગ્યાઓ પર અનધિકૃત રીતે ઉભા કરવામાં આવેલા ધાર્મિક સ્થળોને જો સ્વૈચ્છિકપણે નહી હટાવવામાં આવે તો સરકાર જે કોઈપણ તેનો માલિક હોય તેને શોધીને તેના વિરુદ્ધ નોટિસ ફટકારવા સહિતની કામગીરી કરશે. રાજ્ય સરકાર દ્વારા કોર્ટમાં દાખલ થયેલા સોગંદનામામાં એવી માહિતી રજૂ કરવામાં આવી હતી કે રાજ્યમાં હાલની સ્થિતિમાં 13,900થી વધુ અનધિકૃત ધાર્મિક સ્થળોનું અસ્તિત્વ છે. હાઈકોર્ટે ગૃહ સચિવને આદેશ આપ્યો છે કે રાજ્યમાં જેટલી પણ જગ્યાઓએ અનધિકૃત રીતે ધાર્મિક સ્થળો બનેલા છે તે વિશેનો એક વિગતવાર રિપોર્ટ 27 ફેબ્રુઆરી સુધી રજૂ કરે. 2006માં સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે તમામ રાજ્યોની સરકારોએ અનધિકૃત રીતે ધાર્મિક સ્થળોનું જ્યાં પણ દબાણ ઉભું કરવામાં આવ્યું હોય ત્યાં કાર્યવાહી કરવી જોઈએ.

# પોરબંદરના આદિત્યાણા ગામે સામાન્ય બાબતમાં બે જૂથો વચ્ચે મારામારી થઈ

## સામસામે નોંધાવાઈ ફરિયાદ, બંને જૂથના ચાર વ્યક્તિને ગંભીર ઈજા

**પોરબંદર**

આદિત્યાણા ગામે નજીવી બાબતમાં મારામારી થતા સામસામી ક્રોસ ફરિયાદ દાખલ થઈ છે. બંને જૂથના મળી ચારને ઈજા થઈ છે.

આદિત્યાણાના જૂના વણકરવાસમાં રહેતા કિશોર ખીમાભાઈ શીંગરખીયા દ્વારા એવા પ્રકારની પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે કે તે આદિત્યાણામાં અબુભાઈની રેકડીએ બેઠા હતા ત્યારે તેના ભાઈ ચીમન અને જાદવ કાના વેગડા સામસામી બોલાચાલી કરતા હતા જેથી ફરિયાદી કિશોર તેના ભાઈ ચીમનને ઘરે મુકવા જતો હતો ત્યારે સરમણ ઉર્ફે લાલો શકરા બથવાર ત્યાં આવી પહોંચ્યો હતો અને કિશોરને તમે સાત ભાઈઓ હોય તો શું થયું? તમારાથી અમે કંઈ ડરતા નથી તેમ કહેતા ફરિયાદીએ તેને મારે તારી સાથે ઝઘડો કરવો નથી તેમ કહેતા સરમણ ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો દેવા લાગ્યો હતો તથા કિશોરની ડોકમાં ઈજા કરી હતી તેમજ ઢીકાપાટુનો માર પણ માર્યો હતો તેથી ફરિયાદીનો ભત્રીજો કરણ ઉર્ફે ભદો પણ ત્યાં આવતા તેણે પણ માર માર્યા હતો. સામેપક્ષે સરમણ સકરા બથવાર નામના ૩૫ વર્ષીય યુવાને એવી ફરીયાદ નોંધાવી છે કે તે રાત્રે અબુભાઈની રેકડીએ પહોંચ્યો ત્યારે ચીમન ખીમા શીંગરખીયા અને જાદવ ત્યાં ઉભા હતા અને લોકોને ગાળો આપતા હતા આથી સરમણે તેને તું અમને બધાને શા માટે ગાળો આપે છે. તેમ કહેતા ચીમનનો દીકરો ભદો ત્યાં આવી ગયો હતો અને ફરીયાદીને તને પણ ગાળ આપવી છે તારાથી થાય તે કરી લેજે. કહી લાકડી વડે હુમલો કર્યો હતો. કિશોર ખીમા શીંગરખીયા, ધનજી ખીમા શીંગરખીયાએ પણ ફરીયાદીને માર માર્યો હતો.

# ખાનગી ઉત્પાદકો પાસેથી ૧૩૦૭૩ મિલિયન યુનિટ વીજળીની ખરીદી

**અમદાવાદ**

બિનપરંપરાગત ઊર્જા માટે સોલાર પાવર પોલિસી અન્વયે ગુજરાત સરકારે ખાનગી ઉત્પાદકો પાસેથી વર્ષ ૨૦૨૨માં ૬૦૫૯ મિલિયન યુનિટ વીજળી ૪.૭૬ રૂપિયાના ભાવે યુનિટ દીઠ સરેરાશ ખરીદી છે. જ્યારે વર્ષ ૨૦૨૩માં ૭૦૧૪ મિલિયન યુનિટ વીજળી ૪.૨૯ રૂપિયાના ભાવે યુનિટ દીઠ સરેરાશ ખરીદી છે. છેલ્લા બે વર્ષ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા ૧૩૦૭૩ મિલિયન યુનિટ સોલાર પાવર પોલિસી હેઠળ ખાનગી ઉત્પાદકો પાસેથી ખરીદવામાં આવી છે. ગુજરાત વિધાનસભા ગૃહમાં પાટણ કોંગ્રેસના ધારાસભ્ય ડૉ. કિરીટ પટેલે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બિનપરંપરાગત ઊર્જા અંગેની સોલાર પાવર પોલિસી અન્વયે ખાનગી ઉત્પાદકો પાસેથી કેટલી વીજળી ક્યાં ભાવે ખરીદવામાં આવી છે? જેના જવાબમાં રાજ્યના ઊર્જા પ્રધાને જણાવ્યું હતું. કૉંગ્રેસના ધારાસભ્ય તુષાર ચૌધરીએ ફિક્સ પગારનો પ્રશ્ન ઉઠાવ્યો હતો, જેમાં કેટલી અરજીઓ યુનિયન અને વ્યક્તિગત મળી છે, તેની વિગતો માગી હતી. આ અંગેનો જવાબ આપતા નાણાપ્રધાને જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૨માં કુલ યુનિયન દ્વારા ફિક્સ પગારના કર્મચારીઓના પગાર વધારા માટે કુલ ૧૭ અરજીઓ મળી હતી, જ્યારે વ્યક્તિગત અરજીઓ ૮૦ મળી હતી.

# ગુજરાતના અંજારિયા કર્ણાટક હાઈકોર્ટના ચીફ જસ્ટિસ બન્યા

**અમદાવાદ**

ગુજરાત હાઈકોર્ટમાં 2011 થી ફરજ બજાવતા એન.વી. અંજારિયાની કર્ણાટક હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે નિમણૂક કરવા ભલામણ કરાઈ હતી. હવે સત્તાવાર ઓર્ડર કરવાની ફોર્માલિટી પૂરી થશે. જસ્ટિસ અંજારિયાની 21 નવેમ્બર, 2011ના રોજ ગુજરાત હાઈકોર્ટના જજ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે તેમની પદોન્નતિ પહેલા, તેમણે ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સિવિલ, બંધારણીય, કંપની કાયદો, શ્રમ અને સેવા બાબતોમાં પ્રેક્ટિસ કરી હતી. હવે તેઓ કર્ણાટકના સી.જે. બન્યા છે.


# કિલર કેન્સર : ગુજરાતમાં દર વર્ષે 40 હજારના મોત

## અભ્યાસ પ્રમાણે ગુજરાતમાં દર વર્ષે કેન્સરના લગભગ 70,000 કરતા વધારે નવા દરદી નોંધાય છે

**અમદાવાદ**

કેન્સરની બિમારીથી ગુજરાતમાં ફફડાટ ફેલાયો છે. એક અભ્યાસ પ્રમાણે ગુજરાતમાં દર વર્ષે કેન્સરના લગભગ 70,000 કરતા વધારે નવા દરદી નોંધાય છે અને 40,000 જેટલા કેન્સરને લીધે જીવ ગુમાવે છે. આનો અર્થ એ થયો કે રોજના લગભગ 100 કરતા વધારે લોકો કેન્સર સામેનો જંગ હારી જાય છે. છેલ્લા પાંચ વર્ષના આંકડાની વાત કરીએ તો 1.91 લાખ જણે કેન્સરને લીધે જીવ ગુમાવ્યો છે. જોકે કેન્સર વિશ્વવ્યાપી બીમારી છે અને ભારતમાં પણ ખૂબ ફેલાતી બીમારી છે.

ગુજરાતમાં પાન-માસાલા ખાવાનું ચલણ



વધારે પ્રમાણમાં છે અને તેથી પુરુષોને મોઢાનું કેન્સર થાય છે. એક અહેવાલ અનુસાર ગુજરાતમાં પુરુષ દરદીમાંથી 21.5 ટકા દરદીને મોઢાંનું, 11.5 ટકાને જીભનું, 8.10 ટકાને ફેફસાનું કેન્સર હોવાનું જાણવા મળ્યું છે.

જ્યારે મહિલાની વાત કરીએ તો લગભગ 30 ટકા જેટલી મહિલાઓને બ્રેસ્ટ કેન્સર હોવાની માહિતી મળી છે. ગર્ભાશય અને અંડાશયના કેન્સરનું પ્રમાણ અનુક્રમે 9.30 ટકા અને 5.60 ટકા હોય છે. મહિલાઓમાં પણ પાનમસાલા ખાવાની આદત વધતી જાય છે ત્યારે લગભગ પાંચ ટકા મહિલાને મોઢાનું કેન્સર હોવાના આંકડા બહાર આવ્યા છે. કેન્સર ચોક્કસ ગંભીર બીમારી છે, પરંતુ તેની સામે લડી શકાય છે. આ માટે જો કોઈપણ લક્ષણ દેખાય તો ટેસ્ટ કરાવી લેવાની જરૂર છે. સમયસર નિદાન થાય અને સારવાર મળી રહે તો કેન્સરથી થતા મોતની સંખ્યા ઘટાડી શકાય છે.

# કોન્સ્ટેબલે PSIની ઓળખ આપી વકીલ અને પોલીસ દંપતિ પાસેથી ૪ લાખ ઠગ્યા

**દાહોદમાં સાયબર સેલની કામગીરી ગોધરાના વતની અને કોન્સ્ટેબલ અનીલકુમાર સોલંકીને સોંપી હતી**

**દેવગઢ બારિયા**

દાહોદમાં સાયબર સેલની કામગીરી ગોધરાના વતની અને કોન્સ્ટેબલ અનીલકુમાર સોલંકીને સોંપી હતી. જેથી અરજીના આધારે અનીલકુમારે ઠગાઈ કરનારે વ્યવહાર કર્યા હતા, તે તમામ એકાઉન્ટ ફીજ કરાવ્યા હતાં

આ એકાઉન્ટમાં હરિયાણાના ફરીદાબાદમાં સેક્ટર ૭૦માં આગમન સોસાયટીમાં ફ્લેટ નંબર ૧૦૧માં રહેતાં વકિલ જશવીર અમરસીંઘ સીંઘ અને હરિયાણા પોલીસમાં કેન્સ્ટેબલ પત્ની કોમલના ફરીદાબાદની પંજાબ નેશનલ બેંકના એકાઉન્ટ બારિયા પોલીસે ફીજ કરાવ્યાની જાણ થતાં જશવીરસિંઘે બારિયા પોલીસ મથકે તપાસ કરી હતી.

જોકે, કોન્સ્ટેબલ અનીલકુમારે સંપર્ક કરીને પોતાનો ખાનગી નંબર આપીને પોતે દેવગઢ બારિયાનો પીએસઆઈ હોવાની ઓળખ આપી દંપતિને આ પ્રકરણમાં આરોપી બનાવવાની, મહિલાની પોલીસની નોકરી છોડાવી દેવાની ધમકીઓ આપી એકાઉન્ટ અનફીજ કરવા માટે રુપિયાની માગણી કરી હતી.

જોકે, ઝંઝટમાંથી મુક્તિ મેળવવા તેમજ આ માટે ગુજરાત આવવાનું ટાળવા રુપિયા આપવા રાજી થઈ જતાં કોન્સ્ટેબલ અનિલકુમારે ૬ ફેબ્રુઆરી ૨૦૨૩થી ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૩ દરમિયાન દંપતિ પાસેથી ચાર લાખ સેરવી લીધા હતાં. વકિલ જશવીંરસીંઘે ઠગાઈ થઈ હોવાનું જાણતા ૫ ફેબ્રુ.એ દેવગઢ બારિયા આવી ફરિયાદ કરતાં પોલીસે કોન્સ્ટેબલ અનિલકુમાર સામે ઈપીકો ૪૦૯,૪૨૦ અને ૧૭૦ મુજબ ગુનો નોંધી ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરાતાં શુક્રવાર સુધીના રિમાન્ડ આપ્યા હતાં.

# ઓસ્ટ્રેલિયાના વિઝા અપાવવાના બહાને કરાઈ લાખોની છેતરપિંડી

**મહેસાણા**

ઓસ્ટ્રેલિયાના વિઝા અપાવવાના બહાને લાખોની છેતરપિંડી કરી હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. ગાંધીનગરના વાવોલ ગામના અને હાલ અડાલજ રહેતા ડીમ્પલબા ધવલસિંહ ગોલ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સનો વ્યવસાય કરી પાસપોર્ટ બનાવી આપવાનું અને વિઝા કરી આપવાનું કમિશન પેટે કામ કરે છે. તેમના દ્વારા કબૂતરબાજીમાં રૂપિયા ૬૨ લાખની છેતરપિંડીની મહેસાણા બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવાઈ છે. મહેસાણા બી ડિવિઝન પોલીસ મથક દ્વારા ૩ એજન્ટ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. ૨૫થી ૩૦ જાન્યુઆરી સુધીમાં તેમની સાથે છેતરપિંડી કરવામાં આવી હોય તેવી હાલમાં ફરિયાદ નોંધવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ૬૨ લાખ રૂપિયા મહેસાણા માલ ગોડાઉનમાં એમ.આર. એન્ટરપ્રાઈઝ આંગડીયા પેઢીમાં મુકાવ્યા હતા અને પૈસા મુકાવી પેઢી બંધ કરાવી દીધી હતી. ઓસ્ટ્રેલિયાના વિઝા અપાવવાનું કામ કરી આપવાનો વિશ્વાસ અને ભરોસો આપી વિઝા આપ્યા નહીં. એજન્ટ સન્ની ઉર્ફે શૈલેષ પટેલ, જયેશ રાજપુત, એજન્ટ યશ પટેલ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસ દ્વારા હાલમાં આ મામલે ફરિયાદ નોંધી આગળની તપાસ કરવામાં આવી રહી છે.

# ગુજરાતમાં આપના બે નેતા કાર્યકર્તાઓ સાથે ભાજપમાં જોડાઈ ગયા

**અમદાવાદ**

આમ આદમી પાર્ટીના પૂર્વ ધારાસભ્ય ભૂપત ભાયાણી ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલની હાજરીમાં ભાજપમાં જોડાયા છે. ભાયાણી ગત 2022ની ચૂંટણીમાં આપ તરફથી વિસાવદરની બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા, પરંતુ થોડા સમય પહેલા તેમણે પક્ષમાંથી અને ધારાસભ્યપદ પરથી રાજીનામું આપી દીધું હતું. ભાયાણી સાથે બીજા પૂર્વ ધારાસભ્ય અરવિંદ લાડાણી પણ ભાજપમાં જોડાયા છે.

આ ઉપરાંત આમ આદમી પાર્ટીના જૂનાગઢ જિલ્લાના પંચાયત સભ્ય રામજી ચુડાસમા પણ ભાજપમાં જોડાયા છે.

# રાધનપુરમાં અંધાપાકાંડ : ઓપરેશન બાદ પાંચથી વધુ દર્દીની દ્રષ્ટિમાં ખામી

**રાધનપુર**

રાજ્યમાં વધુ એક આંખની હોસ્પિલની ગંભીર બેદરકારીનો આંધાપાકાંડ સામે આવ્યો છે. અમદાવાદના માંડલ બાદ પાટણના રાધનપુરની સર્વોદય આંખની હોસ્પિટલ ગંભીર બેદરકારી પ્રકાશમાં આવી છે. જેમાં ૧૩ દર્દીના ઓપરેશન બાદ ૫ દર્દીની દ્રષ્ટિમાં ગંભીર ખામી સર્જાઈ છે. પાટણના રાધનપુરની સર્વોદય આંખની હોસ્પિટલમાં ઓપરેશન કરાવ્યા બાદ અંધાપાનો કિસ્સો સામે આવ્યો છે. જેમાં ૨ મહિલા અને ૩ પુરુષને આંખમાં ચેપ લાગ્યો છે. મોતિયાના ઓપરેશન બાદ દર્દીને અંધાપો આવ્યો છે. જે બાદ દર્દીઓને અમદાવાદ ખાતે અસારવા આંખની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. ગઈકાલે ગાંધીનગર અને અસારવા આંખની હોસ્પિટલની ટીમ રાધનપુર ખાતે તપાસમાં પણ ગઈ હતી. જે તપાસમાં ૫ દર્દીઓને આંખમાં તકલીફ હોવાનુ સામે આવ્ય હતુ. અત્રે જણાવીએ કે, ૨ ફેબ્રુઆરીના રોજ મોતિયાના ઓપરેશન કરવામાં આવ્યા હતા. જેમાં ૪૫ વર્ષ અને ૬૫ વર્ષીય રાધનપુરની મહિલાને દ્રષ્ટિમાં ખામી સર્જાઈ છે. ૭૮ વર્ષના સાંતલપુરના પુરુષ, ૭૦ વર્ષના રાધનપુરના પુરુષ અને ૬૫ વર્ષીય કાંકરેજના પુરુષને આંખમાં તકલીફ થઈ છે.

# ગુજરાતને ફાઈવ-જી બનાવવાનું પ્રતિબિંબ બજેટમાં છે: CM

**ગાંધીનગર** : ૫-જી એટલે ગરવું ગુજરાત-ગુણવંતુ ગુજરાત-ગ્રીન ગુજરાત-ગ્લોબલ ગુજરાત-ગતિશીલ ગુજરાત માટેનું સર્વગ્રાહી દિશાદર્શન કરનારું બજેટ છે એવું રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે નાણાં પ્રધાને રજૂ કરેલા ગુજરાત સરકારના બજેટને આવકારતા કહ્યું હતું. મુખ્ય પ્રધાને વધુમાં કહ્યું હતું કે, પોષણ-આરોગ્ય અને શિક્ષણને પ્રોત્સાહિત કરવાના હોલિસ્ટિક એપ્રોચ સાથે ત્રણ નવી યોજનાઓ: નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી યોજના, નમોશ્રી યોજનાનો સમાવેશ થાય છે. ૨૦૨૩-૨૪ના વર્ષમાં ઐતિહાસિક ૩ લાખ કરોડના બજેટમાં આ વર્ષે ૧૦ ટકાનો વધારો કરી ૩ લાખ ૩૨ હજાર કરોડનું માતબર બજેટ જનતાની સેવામાં આપ્યું છે.

# અમદાવાદ : રોડ ઉપર થૂંકનારાના ઘરે ઈ-મેમો મોકલી દંડની વસૂલાત થશે

**અમદાવાદ**

અમદાવાદને વધુ સ્વચ્છ બનાવવાની ઝૂંબેશના ભાગરુપે શનિવારે ૧૩૫ લોકોને દંડ કરાયો હતો. આ પૈકી સૌથી વધુ ૭૦ લોકો નદી પારના વિસ્તારના હતા.રોડ ઉપર થૂંકનારાના ઘરે સી.સી.ટી.વી.કેમેરાની મદદથી તેમના ઘરે ઈ-મેમો મોકલીને વહીવટી દંડની વસૂલાત કરાશે.

પશ્ચિમઝોનમાં ૩૫,દક્ષિણ-પશ્ચિમઝોનમાં ૨૯ તથા ઉત્તર-પશ્ચિમ ઝોનમાં ૬ લોકો પાસેથી રોડ ઉપર થૂંકવા બદલ વહીવટી દંડ વસૂલ કરાયો હતો.પૂર્વઝોનમાંથી ૧૪,ઉત્તરઝોનમાંથી ૨૪, દક્ષિણઝોનમાંથી ૧૫ તથા મધ્યઝોનમાંથી ૧૨ લોકો પાસેથી રોડ ઉપર થૂંકી ગંદકી કરવા બદલ વહીવટી દંડની વસૂલાત કરવામાં આવતા સાત ઝોનમાંથી કુલ ૧૩૫ લોકો પાસેથી રુપિયા ૧૫૨૧૦ની રકમ વહીવટી દંડ પેટે વસૂલ કરવામાં આવી હતી.સ્માર્ટ સિટી પ્રોજેકટ અંતર્ગત ૧૩૦થી વધુ ટ્રાફિક સિગ્નલ ઉપરાંત જાહેર સ્થળોએ લગાવવામાં આવેલા છ હજાર જેટલા સી.સી.ટી.વી.કેમેરાની મદદથી જેમ ટ્રાફિકના નિયમનો ભંગ કરનારાઓના ઘરે ઈ-મેમો મોકલવામાં આવે છે.

# અમદાવાદમાં ડબલ ડેકર એસી બસ સેવાનો પ્રારંભ

અમદાવાદી : અમદાવાદ શહેરના રસ્તા પર હવે ડબલ ડેકર એસી ઈ-બસ દોડતી થઈ હતી. તાજેતરમાં જ વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આ બસોનું લોકાર્પણ કર્યું હતું. લંડનથી પાંચ એસી ડબલ ડેકર બસ લાવવામાં આવી છે. આ ડબલ ડેકર એસી બસ વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં આકર્ષણનુ કેન્દ્ર બની હતી. જેના બાદ હવે આ બસને અમદાવાદમાં દોડાવવામાં આવી હતી. લાંબા સમય બાદ પ્રથમ ડબલડેકર બસ શહેરમાં શરૂ થયેલી પ્રથમ રૂટ તરીકે વાસણાથી આશ્રમ રોડ થઈ આરટીઓ સુધી બસ દોડાવાશે.

**100 વર્ષ પહેલાં બનાસકાંઠાના થોર ગામમાં બનેલી ઘટના**

# શિવધનુષના પ્રસંગે કલાકારની વહારે આવ્યા ભગવાન રામ

ગુજરાતના બનાસ કાંઠા જિલ્લામાં થોર ગામમાં આજથી 100 વરસ પહેલા બનેલી આ ઘટના છે. એ જમાનામાં ટી.વી. મોબાઈલ નહોતા, પણ લોકોના મનોરંજનનું એક માત્ર સાધન ભવાઈ હતું. જે નાયક જ્ઞાતિના કલાકારો ભજવતા હતા. એ સમયમાં નાયકોની ભવાઈ મંડળી (ટોળું)માં આ ગામમાં કલાકારો અને સાજીંદાઓ મળીને કુલ વીસ સભ્યો રામલીલા કરવા માટે આવ્યા. ફુલચંદભાઈ નાયકની મંડળી તરીકે પ્રસિદ્ધ થયેલી આ મંડળીમાં એક ગાયક એવો હતો કે, ભવાઈ વેશ જોવા કરતા લોકો તેનું ગીત સાંભળવા આવતા અને ગીતે ગીતે વન્સમોર થતો. બાજુના મંદિરમાં ભજન-કીર્તન કરતા પૂજારીને આ કલાકાર પર મનમાં ખુબ ઈર્ષ્યા થતી. તેણે કોઈને પણ ખબર ન પડે તેવી રીતે ગામના કાના લુહાર પાસે જઈને એવું મોટું લોખંડનું ધનુષ્ય બનાવડાવ્યું, જે રામલીલામાં જ્યારે શિવ ધનુષ્ય તોડવાનો પ્રસંગ આવે ત્યારે રામ બનેલો યુવાન ધનુષ્ય તોડવાની વાત તો બાજુ પર રહી પણ તેને ઉપાડી સુધ્ધાં ન શકે.સાંજે બધા નાયકો ગામના પટેલના ઘરે જમવા ગયા ત્યારે પૂજારીએ ચૂપકીથી રંગમંચના પડદા પાછળ તે ધનુષ મૂકી દીધું. રાતનો સમય થતાં શિવ ધનુષ્ય ભંગનો ખેલ ભજવવાનો હતો. ખેલ આગળ વધતાં વધતાં સીતા સ્વયંવર સુધી પહોંચ્યો. ત્યારે ગુરુ વિશ્વામિત્રની આજ્ઞા લઈને રામ ધનુષ્ય ભંગ કરવા ઉભા થાય છે. ધનુષ્યને પગે લાગી ધનુષ્ય ઉઠાવવા જાય છે, પરંતુ ધનુષ્ય ઉપડતું નથી. રામ બનેલો યુવાન કલાકાર પળમાં વાત સમજી જાય છે. તે મંડળીના વાજા પેટી પર બેઠેલા ગાયક રામલાલની સામું જુએ છે. ગાયક રામલાલ પણ ઈશારામાં બધું જ સમજી જાય છે. આ બાજુ ગામના ટોળામાં દૂર બેઠેલો મંદિરનો પૂજારી આ જોઈને મનમાં બહુ ખુશ થાય છે. ગાયક રામલાલ આંખો મીંચીને વાજા પેટી પર કરુણ સ્વરમાં ભગવાન રામને અરજ કરતું ભજન ગાય છે. મનમાં પ્રાર્થના કરે છે કે,

“દીન દયાળ બિરુદ સંભારી  
હર હું નાથ મમ સંકટ ભારી”  
હે પ્રભુ રામ,હે દીનાનાથ,  
હે દયાના સાગર.

આજ તારા સ્વયંવરનો પ્રસંગ છે અને ગામ આખું આ ખેલ જુએ છે. “આમ અરજ કરતા રામલાલની આંખોમાંથી ચોધાર અશ્રુની ધારા વહેવા લાગે છે. ત્યાં એક મોટો ચમત્કાર થાય છે. અચાનક ખુલ્લા આકાશમાં એક ભયાનક વીજળીનો કડાકો થાય છે અને ગામલોકો કંઈ સમજે તે પહેલાં જ આપમેળે લોખંડનું ધનુષ્ય તુટી જાય છે. રામ બનેલો યુવાન નાયક અને રામલાલ આ ચમત્કારને સમજી જાય છે. આ બધું જોઈને પૂજારીના હોશકોશ ઉડી જાય છે. તેને પોતાની ભૂલ સમજાય છે.

(પ્રસિદ્ધ નાટ્ય મંડળીના મારા વડીલ પાસેથી મને આ ઘટના સાંભળવા મળી હતી)

**- ડૉ. જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક**  
(સંગીતકાર)

# AMCએ સોલારથી રૂપિયા ૧૭૪ કરોડની વિજળીની બચત કરી

**અમદાવાદ**

અમદાવાદ મ્યુનિ.દ્વારા રીન્યુએબલ એનર્જી ક્ષેત્રે વિન્ડ પાવર થકી મ્યુનિ. ને સસ્તા દરે વિજળી મળે એ માટે નખત્રાણા ખાતે ૨૧ મિલીયન મેગાવોટ ક્ષમતાનો પ્લાન્ટ કાર્યરત કર્યો છે.આ વિન્ડ પાવર પ્લાન્ટથી ૨૪૩ મિલીયન યુનિટ વિજળીની બચત થવા પામી છે. ૫૦૦૭ મેગાવોટ ક્ષમતાના સોલાર પ્રોજેકટની મદદથી ૭.૦૮ મિલીયન યુનિટ વિજળી ઉતપન્ન થતા સાત વર્ષમાં કુલ મળીને રુપિયા ૧૭૪ કરોડની વિજળીની મ્યુનિ.તંત્ર દ્વારા બચત કરાઈ છે.

# શિક્ષકોએ એક તો પેપર ચકાસણીમાં ભૂલ કરી અને દંડ પણ નથી ભર્યો

**ગાંધીનગર**

શિક્ષકો પેપર ચકાસવામાં ભૂલ કરે તો વિદ્યાર્થીઓએ ભારે નુકસાન વેઠવું પડતું હોય છે. આવી ભૂલ કરનારા શિક્ષકોને દંડ ફટકારવામાં આવ્યો હતો, પણ તેમણે દંડ પણ ભર્યો નથી તેવી માહિતી વિધાનસભાના સત્રમાં મળી છે. ગુજરાતમાં ધોરણ-10 અને ધોરણ-12ના વિદ્યાર્થીઓએ આપેલી પરીક્ષાની ઉત્તરવહીના સરવાળામાં ભૂલ કરવા બદલ છેલ્લા બે વર્ષમાં 9218 શિક્ષકોને દંડ ફટકારવામાં આવ્યો હતો પરંતુ હજી સુધી 2657 જેટલા શિક્ષકોએ દંડના બાકી 55 લાખ રૂપિયા ભર્યા નથી.

વિધાનસભામાં શિક્ષણ પ્રધાને માહિતી આપી હતી કે ધોરણ-10માં બે વર્ષમાં 3350 અને ધોરણ-12માં 5868 શિક્ષકોએ પેપરની ચકાસણીમાં ભૂલો કરી હતી. આ ભૂલ બદલ તમામને શિક્ષણ વિભાગ દ્વારા અનુક્રમે રૂ. 48 લાખ અને રૂ. 1.02 કરોડનો દંડ ફટકારયો હતો. શિક્ષકોને કરવામાં આવેલા દંડ પૈકી મોટાભાગના શિક્ષકોએ દંડની રકમ ભરી દીધી છે પરંતુ ધોરણ-10માં હજી સુધી 787 અને ધોરણ-12માં 1870 શિક્ષકોએ દંડની રકમ ભરી નથી.

# ભાજપનું મિશન સાઉથ તેજ: તમિલનાડુના 15 પૂર્વ વિધાયકો અને એક સાંસદ ભાજપમાં જોડાયા

નવી દિલ્હી

લોકસભા ચૂંટણી પૂર્વે ભારતીય જનતા પાર્ટી દક્ષિણમાં મજબૂત થતી જોવા મળે છે. પ્રાપ્ય માહિતી પ્રમાણે તમિલનાડુના ૧૫ પૂર્વ વિધાયકો અને એક પૂર્વ સાંસદ ભાજપમાં જોડાઈ ગયા હતા. સોમવારે તેઓએ ભાજપનું સભ્યપદ સ્વીકાર્યું હતું. આ પૈકી મોટા ભાગના નેતા, ઑલ ઈન્ડિયા અન્ના ડીએમકેના સભ્યો હતા. આ પૂર્વે ભાજપાએ રાજયમાં ઓલઈન્ડિયા ડીએમકેની સાથે રહી ચૂંટણી લડી હતી.

ભાજપ હવે દક્ષિણમાં વિસ્તરવા માંગે છે નરેન્દ્ર મોદી કેરલ પહોંચ્યા હતા. ૨૦૧૪ના પ્રમાણમાં ૨૦૧૯માં




લોકસભામાં તેની સ્થિતિ મજબૂત બની હતી પરંતુ એક પણ સીટ મળી નહીં.

કર્ણાટકમાં પૂર્વ મુખ્યમંત્રી બી.એસ. યેદીયુરપ્પા બસવરાજ બોમ્માઈની સરકારો હતી પરંતુ ૨૦૧૩માં વિધાનસભા ચૂંટણીમાં તેને પરાજય સહેવો પડયો છે. જો કે, ૨૦૨૩માં તેલંગણામાં થયેલી વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીની સ્થિતિ ૨૦૧૮માં ૧ સભ્યની જ હતી તે વધીને '૨૩માં ૮ સીટની થઈ છે.

આ સાથે તેવી પણ અટકળો ચાલી રહી છે કે આંધ્ર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ અને તેમની પાર્ટી તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી) ફરી એનડીએમાં જોડાવા સંભવ છે.

# ઉદ્ધવ જૂથના નેતાની ગોળી મારીને હત્યા, હુમલાખોરની પણ આત્મહત્યા

મુંબઈ

મુંબઈમાં શિવસેના યુબીટીના નેતા અભિષેક ઘોસાલકર પર જીવલેણ હુમલો કરાયો છે. ફેસબુક લાઈવ વખતે ઘોસાલકર પર આડેધડ ગોળીબાર કરવામાં આવ્યો હતો જેમાં તેમનું મોત થયું હતું. ઈજાગ્રસ્ત શિવસેના નેતાને નજીકની સ્થાનિક હોસ્પિટલમાં લઈ જવાયા હતા. અભિષેક પર હુમલો કરવાના થોડા સમય બાદ હુમલાખોરે પણ આત્મહત્યા કરી લીધી છે. ઘટના વખતે અભિષેક હુમલાખોર સાથે બેસીને ફેસબુક લાઈવ કરી રહ્યા હતા. પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી દીધી છે મળતા અહેવાલો મુજબ મુંબઈના દહિસર વિસ્તારમાં ગુરુવારે મોડી સાંજે શિવસેના યુબીટીના નેતા અભિષેક ઘોસાલકર પર આડેધડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ઘટનાસ્થળેથી મળેલી પ્રાથમિક વિગતો મુજબ હુમલામાં અભિષેકને ત્રણ ગોળીઓ વાગી હતી. તેમના નજીકની કરૂણા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ ઘટના મુંબઈના એમએચબી પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની છે. ગોળીબારનો શિકાર બનેલા ઘોસાલકર પૂર્વ નગરસેવક હતા. તેઓ શિવસેના ઉદ્ધવ જૂથના નેતા વિનોદ ઘોસાલકરના પુત્ર હતા. એવું કહેવાય છે કે, પરસ્પર વિવાદને કારણે આ ફાયરિંગ કરાયું હતું.

# 11 અને 13 વર્ષની પુત્રી ઉપર રેપ કરનારા પિતાને 133 વર્ષની સજા

તિરુવનંતપુરમ

કેરળમાં એક પિતાએ પોતાની જ બે સગીર વયની પુત્રીઓ પર અનેક બળાત્કાર કર્યો હતો, માત્ર ૧૩ વર્ષ અને ૧૧ વર્ષની પુત્રીઓને પોતાની હવસનો શિકાર બનાવનારા આ પિતાને સ્થાનિક કોર્ટે ૧૩૩ વર્ષની સજા ફટકારી છે. કેરળની મલપ્પુરમની ફાસ્ટ ટ્રેક પોક્સો કોર્ટે ૪૨ વર્ષના પિતાને આ સજા ફટકારી હતી, જેને પગલે હવે આ બળાત્કારી પિતા મૃત્યુ પામે ત્યાં સુધી જેલમાં રહેશે. એટલુ જ નહીં જજ અશરફ એએમએ અપરાધીને ૮.૮ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. પુત્રીઓ પર રેપની આ ઘટના વર્ષ ૨૦૨૧થી ૨૦૨૨ દરમિયાન બની હતી, પિતાએ સૌથી પહેલા પોતાની મોટી પુત્રી પર બળાત્કાર શરૂ કર્યો હતો, અને અનેક વખત તેને શિકાર બનાવી હતી. જે બાદ તેણે પોતાની નાની પુત્રીનુ પણ યૌન શોષણ કર્યું હતું. દોષીને અલગ અલગ વર્ષની કેદની સજા ફટકારવામાં આવી છે. સાથે જ કિશોર ન્યાય કાયદાની કલમ ૭૫ હેઠળ ત્રણ વર્ષની સજા પણ અપાઈ છે. આ સજા માત્ર એક પુત્રી પર રેપ બદલ કરવામાં આવી હતી જ્યારે નાની પુત્રી સાથે યૌન ઉત્પિડન બદલ ૧૦ વર્ષની કેદ ફટકારવામાં આવી હતી, તેથી તમામ મળીને કુલ ૧૩૩ વર્ષની કેદ ફટકારાઈ છે.

# દિલ્હી-નોઈડા સરહદ પર ખેડૂત અને પોલીસ વચ્ચે ઘર્ષણ : કલમ ૧૪૪ લાગુ કરી દેવાઈ

નવી દિલ્હી

દિલ્હીમાં ખેડૂતોએ પોતાની માગને લઈને સંસદ ભવન તરફ કૂચ કરી હતી. તેને ધ્યાનમાં રાખીને નોઈડામાં કલમ ૧૪૪ લાગુ કરી દેવામાં આવી છે. ખેડૂતો નોઈડામાં મહામાયા ફ્લાયઓવરથી આગળ વધ્યા હતા. દલિત પ્રેરણા સ્થળના મુખ્ય દ્વાર પર ભારે બેરિકેડ લગાવીને મોટી સંખ્યામાં પોલીસ દળો દ્વારા ખેડૂતોને અટકાવ્યા હતા. ખેડૂતો પણ હડતાળ પર બેઠા હતા અને દિલ્હી જવાની માગ પર અડગ હતા. જો કે, હડતાળ પર બેઠેલા ખેડૂતોની પોલીસે અટકાયત કરી હતી.



ખેડૂતોએ સંસદ ભવનનો ઘેરાવ કરવાની જાહેરાત કરી હતી. ખેડૂતોની મહાપંચાયત અને દિલ્હી કૂચને ધ્યાનમાં રાખીને ગૌતમ બુદ્ધ નગર પોલીસે ટ્રાફિક એડવાઈઝરી જાહેર કરી હતી. દિલ્હી અને નોઈડાને જોડતા રસ્તાઓ પર સુરક્ષા વધારી દેવામાં આવી હતી.' ખેડૂતો ગ્રેટર નોઈડા ઓથોરીટીની બહાર ઘણાં દિવસોથી દેખાવ કરી રહ્યા છે. તેઓએ ગુરુવારે ઘેરાબંધીની તૈયારી કરી લીધી છે. ખેડૂતોએ કહ્યું હતું કે, 'દિલ્હી કૂચમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને વૃદ્ધો પણ જોડાશે.' ખેડૂત મજૂર સંઘર્ષ સમિતિ અનુસાર, 'મિનિમમ સપોર્ટ પ્રાઈઝ (એમએસપી) માટેની કાયદાકીય ગેરંટી ઉપરાંત, ખેડૂતો સ્વામીનાથન કમિશનની ભલામણો લાગુ કરવા, ખેડૂતો અને ખેતમજૂરો માટે પેન્શન, ખેડૂતોની લોન માફી, પોલીસ કેસ પાછા ખેંચવાની અને લખીમપુર ખેરી હિંસાના પીડિતો માટે ન્યાયની માગ કરવામાં આવી હતી.'

# ઝારખંડમાં પોલીસ-નક્સલવાદીઓ વચ્ચે અથડામણ, બે જવાન શહીદ, ત્રણ ઘાયલ

## નક્સલ વિરોધી અભિયાન ચલાવી રહેલી પોલીસ ટીમ પર નક્સલીઓનો આડેધડ ગોળીબાર

રાંચી

ઝારખંડના ચતરા જિલ્લામાં પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ થતાં બે જવાનો શહીદ અને ત્રણ ઘાયલ થયા છે. મળતા અહેવાલો મુજબ પોલીસની ટીમ ત્યાં નક્સલ વિરોધી અભિયાન ચલાવી રહી હતી, આ દરમિયાન નક્સલવાદીઓએ અચાનક હુમલો કર્યો. ઘાયલ જવાનોને એરલિફ્ટ કરી રાંચી મોકલાયા છે. આ ઉપરાંત સર્ચ ઓપરેશન સાથે વિસ્તારને પણ ઘેરી લેવાયો છે.



અથડામણમાં ઘણા નક્સલીઓને પણ ગોળીવાગી હોવાના અહેવાલ છે, જોકે તેની સત્તાવાર પુષ્ટિ થઈ નથી. તમામ જવાનો પોલીસ વિભાગની સંયુક્ત ટીમ સાથે ગમહારતરી ગામથી પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન સદર પોલીસ સ્ટેશન અને જોરી બોર્ડર પર સ્થિત બૈરિયોતરી જંગલમાં અથડામણ થઈ. ઘાયલ જવાનોમાં એકનું આકાશ સિંહ હોવાનું સામે આવ્યું છે, જેને તુરંત એરલિફ્ટ કરી રાંચી લઈ જવાયા છે. એસડીપીઓ સંદીપ સુમને ઘટનાની પુષ્ટિ કરી કહ્યું કે, પોલીસ અને નક્સલીઓ વચ્ચે અથડામણ થઈ છે. અમારા જવાનોએ નક્સલીઓને વળતો જવાબ આપ્યો છે.

# અયોધ્યાની રામલલ્લાની મૂર્તિ જેવી જ મૂર્તિ કર્ણાટકનાં રાયપુરમાંથી મળી

રાયપુર

રાયપુર યુનિવર્સિટીનાં લેક્ચરર ડૉ. પદ્મજા દેસાઈએ કૃષ્ણા ખીણમાં હાથધરાયેલાં ઉત્ખનનો દરમિયાન, ભગવાન વિષ્ણુની ચતુર્ભુજ સ્વરૂપ મૂર્તિ મળી આવી છે. તેઓનું કહેવું છે કે આ મૂર્તિ મૂળ તો કોઈ ભવ્ય મંદિરમાં પ્રતિષ્ઠિત કરાઈ હશે. પછી તે મંદિર હવે તોડવામાં આવશે તેમ જાણી પૂજારી અને શ્રદ્ધાળુઓએ તે મૂર્તિ તેમજ બાજુનાં મંદિરમાં રહેલું શિવલિંગ બંને કૃષ્ણા નદીના તટ પ્રદેશની રેતીમાં દાટી છૂપાવી દીધાં હશે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે આ મૂર્તિ ફરતી કમાન ઉપર ભગવાનના દશાવતારની આકૃતિઓ પણ કંડારેયીલ છે. જેવી આકૃતિઓ અયોધ્યા સ્થિત ભગવાન શ્રીરામનાં મંદિર સ્થિત શ્રીરામની મૂર્તિ ફરતી કમાનમાં કંડારાયેલી છે. ભગવાન વિષ્ણુની મૂર્તિ અંગે પત્રકારોને માહિતી આપતાં,આ યુનિવર્સિટીનાં પ્રાચીન યુગના ઈતિહાસ અને પુરાતત્ત્વ વિભાગનાં ડીન ડૉ. દેસાઈએ કહ્યું હતું કે તે મૂર્તિ ફરતી કમાનમાં, ભગવાનના દસે દસ અવતારો મત્સ્ય, કૂર્મ, વરાહ, નરસિંહ, વામન, પરશુરામ, શ્રીરામ, શ્રીકૃષ્ણ, બુદ્ધ અને કલ્કીની આકૃતિઓ કંડારાયેલી છે.

# ગરીબોના લાભ માટે સધ્ધર લોકોને અનામતમાંથી બહાર કાઢો : સુપ્રીમ

નવી દિલ્હી

અનામતના એક મામલાની સુનાવણી વખતે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે જે પણ લોકોએ અનામતનો લાભ લઈ લીધો હોય તેઓએ હવે અન્ય અતી પછાત લોકો માટે જગ્યા કરવી જોઈએ અને પોતે સધ્ધર થઈ ગયા હોય તો અનામતમાંથી બહાર નિકળી જવું જોઈએ. પંજાબના એક કેસમાં સુપ્રીમના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડની આગેવાનીમાં સાત ન્યાયાધીશોની બંધારણીય બેંચ દ્વારા સુનાવણી ચાલી રહી છે. જે દરમિયાન આ ટિપ્પણી કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે સવાલ કર્યો હતો કે જે લોકો અનામતનો લાભ લઈને સમૃદ્ધ થઈ ગયા છે અને આર્થિક રીતે આગળ આવી ગયા છે તેઓને અનામતમાંથી બહાર કેમ ના કરી શકાય?

# ઉત્તરાખંડ વિધાનસભામાં UCC બિલ પાસ કાયદો અમલમાં મૂકનાર પ્રથમ રાજ્ય બનશે

દેહરાદૂન

ઉત્તરાખંડે ઈતિહાસ રચ્યો છે. બુધવારે વિધાનસભા સત્રમાં ચર્ચા બાદ સમાન નાગરિક સંહિતા એટલે કે UCC ધ્વનિમત સાથે પાસ થઈ ગયું છે. આ સાથે જ ઉત્તરાખંડ સમાન કાયદો લાગુ કરનાર દેશનું પ્રથમ રાજ્ય બની ગયું છે. અંગે મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ યુસીસીનો પ્રસ્તાવ પાસ થયા પહેલા કહ્યું કે, આપણા બંધારણ બનાવનારાઓએ જે સ્વપ્ન જોયું હતું, તે જમીન પર ઉતરી હકીકત બનવા જઈ રહ્યું છે. અમે ઈતિહાસ રચવા જઈ રહ્યા છીએ. દેશના અન્ય રાજ્યોએ પણ તે દિશામાં આગળ વધવું જોઈએ. બિલ પાસ થયા બાદ ભાજપ કાર્યાલયે મુખ્યમંત્રીનું સ્વાગત અભિવાદન કાર્યક્રમ યોજાયો હતો. યુસીસી બિલ પાસ થયા બાદ તેને રાજયપાલ સાથે મોકલવામાં આવશે. રાજ્યપાલની ઔપચારિક મંજૂરી મળ્યા બાદ યુસીસી કાયદો બની જશે અને રાજ્યના તમામ લોકો પર સમાન કાયદો લાગુ થઈ જશે. જોકે અનુસૂચિત જનજાતિ (ST)ના લોકો પર જોગવાઈ લાગુ થશે નહીં. ગોવામાં પણ સમાન નાગરિક સંહિતા લાગુ છે, પરંતુ ત્યાં પોર્ટુગીઝ શાસનના સમયથી અમલમાં છે.

# આચારસંહિતા લાગુ થાય તે પહેલાં GPS આધારિત ટોલ સિસ્ટમ આવી જશે : ગડકરી

નવી દિલ્હી

કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ એક મોટું નિવેદન આપતાં કહ્યું કે આગામી લોકસભા ચૂંટણી માટે આદર્શ આચારસંહિતા લાગુ થાય તે પહેલા જ દેશમાં સેટેલાઈટ આધારિત ટોલ સિસ્ટમ શરૂ કરી દેવાશે. એવું મનાય છે કે આગામી લોકસભા ચૂંટણી માટે આચારસંહિતા માર્ચના પ્રથમ સપ્તાહમાં લાગુ થઈ જશે. રાજ્યસભામાં કેન્દ્રીય મંત્રીએ કહી આ વાત રાજ્યસભામાં એક પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે અમે સંસદને ખાતરી આપવા માંગીએ છીએ કે ટોલ સિસ્ટમ માટે વિશ્વની શ્રેષ્ઠ ટેક્નોલોજી સેટેલાઈટ આધારિત સિસ્ટમ ટૂંક સમયમાં રજૂ કરાશે.

# શ્રીનગરમાં ટાર્ગેટ કિલિંગ: આતંકવાદીઓએ પંજાબના બે યુવકને ગોળી મારી, એક મોત

## ઘટના અંગે ગુલામ નબી આઝાદે દુઃખ વ્યક્ત કરી કહ્યું કે, હિંસાનું ચક્ર ખતમ થવું જોઇએ

**શ્રીનગર**

જમ્મુ-કાશ્મીર સ્થિત શ્રીનગરમાં મોટો આતંકી હુમલો થયો છે, જેમાં એક શિખ યુવકને મોતને ઘાટ ઉતારાયો હતો. ઘટનામાં એક વ્યક્તિ ઈજાગ્રસ્ત થયો હતો. અધિકારીઓએ કહ્યું કે, આ ઘટના હબ્બા કલના શલ્લા કલ વિસ્તારમાં આજે સાંજે લગભગ 7.00 વાગ્યે બની હતી, જેમાં આતંકવાદીઓએ એકે રાઈફલથી અમૃતસરના અમૃતપાલ સિંહને નજીકથી ગોળી મારતા તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે બહારગામના શ્રમિક 25 વર્ષિક રોહિત નામનો યુવક ઈજાગ્રસ્ત થયો હતો.

અધિકારીઓએ કહ્યું કે, અમૃતસરના રહેવાસી રોહિતને પેટમાં ગોળી વાગતા તુરંત હોસ્પિટલ ખસેડાયો હતો. એસએમએચએસ હોસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી



છે. હાલ ઘટનાસ્થળે પોલીસનો કાફલો ખડકી દેવાયો હતો અને આતંકીઓને ઝડપી પાડવા શોખધોળ અભિયાન શરૂ કરી દેવાયું હતું. આ ઉપરાંત જે વિસ્તારમાં ઘટના બની તે વિસ્તારને ઘેરી તપાસ શરૂ કરાઈ છે.

# ખાદ્ય ઉત્પાદનોના ધોરણોમાં સુધારો કરવા સરકાર નિયમોમાં ફેરફાર કરશે

**નવી દિલ્હી**

ભારતમાં ખાદ્ય ઉત્પાદનોના ધોરણોમાં સુધારો કરવા માટે કેન્દ્ર સરકારે નિયમોમાં ફેરફાર કરવા પર મહોર મારી દીધી છે. કેન્દ્ર સરકારે ભારતીય બજારમાં વેચાતા તમામ પ્રકારના ખાદ્ય પદાર્થો કઠોળ, અનાજ, મીટથી બનતું હલીમની ગુણવત્તા સહિતના મામલે અપાતા સર્ટિફિકેટના નિયમોમાં નવા સુધારા કરવાની મંજૂરી આપી છે. તમામ પ્રકારના ખાદ્ય ઉત્પાદકનોએ માત્ર એક જ સંસ્થા FSSAI પાસેથી સર્ટિફિકેટ લેવાનું રહેશે. હાલ કેટલાક ખાદ્ય ઉત્પાદકોમાં બીઆઈએસ, AGMARK સહિતના સર્ટિફિકેટ આપવામાં આવે છે. જોકે નવા નિયમનો અમલ થયા બાદ કઠોળ, અનાજ સહિત નોન-વેજ ખાદ્ય પ્રોડક્ટ માટે એફએસએસએઆઈ સર્ટિફિકેટ લેવાનું રહેશે. આ અગાઉ કેટલાક ખાદ્ય ઉત્પાદનોએ બીઆઈએસ એટલે કે બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સથી સર્ટિફિકેટ મેળવવું પડતું હતું. ખેતી સંબંધિત પ્રોડક્ટ માટે 'AGMARK' સર્ટિફિકેટ લેવું પડતું હતું. હવે આ તમામ સર્ટિફિકેટ બંધ કરી દેવાશે. દૂધ ઉત્પાદનોના ધોરણો પણ ફરીથી નિર્ધારીત કરાયા બકરીના દૂધ અથવા ઘેટાંના દૂધથી લઈને તમામ પ્રકારના દૂધના ઉત્પાદનોમાં ફેટી એસિડની માત્રા માટેના ધોરણો પણ ફરીથી નિર્ધારીત કરાયા છે.

# નિર્મલા સિતારમણ દ્વારા લોકસભામાં ભારતીય અર્થવ્યવસ્થા પર શ્વેતપત્ર રજૂ

**નવી દિલ્હી**

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે લોકસભામાં ભારતીય અર્થવ્યવસ્થા પર શ્વેત પત્ર રજૂ કર્યું છે. જેમાં કોંગ્રેસની યુપીએ સરકારની સરખામણીમાં મોદી સરકારની કામગીરી દર્શાવવામાં આવશે. બજેટ ભાષણ દરમિયાન નાણામંત્રીએ કહ્યું હતું કે, મોદી સરકારના સત્તામાં આવ્યા પહેલા દેશ આર્થિક સંકટમાં હતો. દેશની અર્થવ્યવસ્થાને પાટા પર લાવવા માટે મોદી સરકારે ઘણી મહેનત કરી છે શ્વેત પેપર દ્વારા યુપીએ અને એનડીએ સરકારના કાર્યકાળ દરમિયાન થયેલા કામની સરખામણી કરવામાં આવશે.

### ભાજપ સરકારના 10 વર્ષ પર કોંગ્રેસ દ્વારા બ્લેક પેપર લવાયું

કોંગ્રેસ પાર્ટી હવે ભાજપ સરકારના ૧૦ વર્ષના શાસન સામે બ્લેક પેપર લાવી છે. ખડગેએ આ બ્લેક પેપર રજૂ કર્યો હતો. તેમણે આ દરમિયાન મોદી સરકારની ગેરન્ટીઓ, મોંઘવારી, ખેડૂતો વગેરેના મુદ્દાઓને ઊઠાવ્યાં હતાં. તેમણે આ દરમિયાન મોદી સરકારના ૧૦ વર્ષના શાસનને અન્યાય કાળ ગણાવતાં કહ્યું કે કેન્દ્રની મોદી સરકાર ક્યારેય સત્ય જણાવતી નથી. એમએસપીની ગેરન્ટી આપી હતી જે આજ સુધી પૂરી થઇ નથી.

# મ્યાનમારના રખાઈનમાં રહેવું જોખમી, તાત્કાલિક નીકળી જવા વિદેશ મંત્રાલયની ભારતીયોને સલાહ

**નવી દિલ્હી**

મ્યાનમારમાં તણાવપૂર્ણ સ્થિતિ વિદેશ મંત્રાલય એ મંગળવારે એક એડવાઈઝરી જારી કરીને ભારતીય નાગરિકોને રખાઈન પ્રાંતની મુસાફરી ન કરવાની સલાહ આપી છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે, હાલમાં રખાઈન પ્રાંતમાં રહેતા ભારતીય નાગરિકો તાત્કાલિક અહીંથી કોઈ અન્ય સુરક્ષિત સ્થળે ચાલ્યા જાઓ. વિદેશ મંત્રાલયે પોતાની એડવાઈઝરીમાં કહ્યું કે, વણસી રહેલી સુરક્ષા સ્થિતિ, લેન્ડલાઈન સહિત ટેલિકોમ્યુનિકેશનના અન્ય સાધનોમાં અવરોધ અને આવશ્યક ચીજવસ્તુઓની ગંભીર અછતને ધ્યાનમાં રાખીને તમામ ભારતીય નાગરિકોને સલાહ આપવામાં આવે છે કે તેઓ મ્યાનમારના રખાઈન પ્રાંતમાં મુસાફરી ન કરે અને જે ભારતીય નાગરિકો પહેલાથી જ રખાઈનમાં સ્થિત છે તેમને તાત્કાલિક ત્યાંથી બહાર નીકળી જવાની સલાહ આપવામાં આવી છે. મ્યાનમારમાં લોકતંત્રની પુનઃસ્થાપનાની માંગ સાથે વ્યાપક હિંસક વિરોધ પ્રદર્શનો

વિદેશ મંત્રાલયે કહ્યું કે, મ્યાનમારમાં રહેવાની યોજના બનાવી રહેલા તમામ ભારતીય નાગરિકો (ટૂંકા ગાળાના પ્રવાસીઓ સિવાય)ને યાંગૂન સ્થિત ભારતીય દૂતાવાસ સાથે પોતાની નોંધણી કરાવવાની સલાહ આપવામાં આવે છે. દૂતાવાસ સાથે નોંધણીથી નાગરિકોને કોઈપણ ઈમરજન્સીની સ્થિતિમાં અથવા જો એવી જરૂરિયાત ઊભી થવા પર હાથ ધરવામાં આવેલ ઉપાયોની સુવિધા મળશે. 1 ફેબ્રુઆરી 2021ના રોજ સેના દ્વારા તખ્તાપલટ કરી કબજો કર્યા બાદથી મ્યાનમારમાં લોકતંત્રની પુનઃસ્થાપનાની માંગ સાથે વ્યાપક હિંસક વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. મ્યાનમારની સેના તેના વિરોધીઓ અને શાસક શાસન સામે સશસ્ત્ર સંઘર્ષ કરી રહેલા લોકોને નિશાન બનાવીને હવાઈ હુમલાઓ કરી રહી છે.

# નવી દિલ્હી જલબોર્ડ કૌભાંડ : લાંચના રૂપિયા ચૂંટણી ફંડ તરીકે અપાયા હોવાનો ઈડીનો દાવો

**નવી દિલ્હી**

EDએ આમ આદમી પાર્ટીના ઘણા મોટા નેતાઓના ઘરો પર દરોડા પાડ્યા હતા. દરોડા બાદ EDએ હવે જપ્ત અને રિકવર કરાયેલા પુરાવા અંગે માહિતી આપી આમ આદમી પાર્ટી EDના દાવાઓ ફગાવ્યાં, કહ્યું: કાયદેસર કાર્યવાહી કરશે મની લોન્ડરિંગના કેસમાં ગત મંગળવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ આમ આદમી પાર્ટીના ઘણા મોટા નેતાઓના ઘરો પર દરોડા પાડ્યા હતા. EDની ટીમે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ખાનગી સચિવના



ઘરે પણ મુલાકાત લીધી હતી. દિલ્હી સહિત અનેક સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. દરોડા બાદ EDએ હવે જપ્ત અને રિકવર કરાયેલા પુરાવા અંગે માહિતી આપી છે.

મીડિયા અહેવાલ અનુસાર, દિલ્હી જલ બોર્ડ કૌભાંડમાં કારવમાં આવેલ કાર્યવાહી બાદ, EDએ બુધવારે આરોપ લગાવ્યો હતો કે DJBમાં ભ્રષ્ટાચારના પૈસા આમ આદમી પાર્ટીને ચૂંટણી ફંડ તરીકે આપવામાં આવ્યા હતા. જો કે, મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આ આરોપને નકારી કાઢ્યા છે. પાર્ટીએ એક નિવેદન જાહેર કરીને કહ્યું છે કે અમને બદનામ કરવા બદલ એજન્સી સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. તેમણે વધુમાં કહ્યું કે કોર્ટમાં એક પણ કેસ સાબિત થઈ શક્યો નથી.

# કર્ણાટક સરકારે હુક્કા ઉત્પાદનોની ખરીદી-વેચાણ ઉપર પ્રતિબંધ મૂક્યો

**નવી દિલ્હી**

કર્ણાટક સરકારે એક મોટું પગલુ ભરતા રાજ્યમાં હુક્કા ઉત્પાદનોની ખરીદી અને વેચાણ પર પ્રતિબંધ મૂક્યો છે. રાજ્યમાં યુવાનોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને આ મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. હુક્કા પર પ્રતિબંધનું એલાન કર્ણાટકના આરોગ્ય મંત્રી દિનેશ ગુંડુ રાવે કર્યું હતું. ગુરુવાર 7 ફેબ્રુઆરીના રોજ માઈક્રો એક્સ પર એક પોસ્ટમાં તેમણે આ માહિતી આપી હતી.પોસ્ટમાં તેમણે લખ્યું કે, સાર્વજનિક આરોગ્ય અને યુવાનોની સુરક્ષાના હેતુથી કર્ણાટક સરકારે હુક્કા પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો છે.

તેમણે જણાવ્યું કે, ધૂમ્રપાન સાથે સંકળાયેલા ગંભીર સ્વાસ્થ્ય જોખમોને ધ્યાનમાં રાખીને અમે સમગ્ર રાજ્યમાં હુક્કા પર પ્રતિબંધ મૂકીને નિર્ણાયક કાર્યવાહી કરી છે. કર્ણાટકમાં સિગારેટ અને અન્ય તંબાકુ ઉત્પાદન એક્ટ (COTPA)માં સુધારો કરીને કર્ણાટકમાં હુક્કા ધૂમ્રપાન પર પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યો છે. તેમણે આગળ લખ્યું કે, અમારી સરકાર અમારી ભાવિ પેઢીઓ માટે સુરક્ષિત અને સ્વસ્થ વાતાવરણ બનાવવા માટે કામ કરી રહી છે.

# ગૌતમ અદાણી ફરી 100 અબજ ડોલરની ક્લબમાં સામેલ નેટવર્થ $101 બિલિયન સાથે દુનિયાના 12મા સૌથી ધનિક

## ગૌતમ અદાણીનું કમબૅક, ગૌતમ અદાણી સામે હિંડનબર્ગનો પડછાયો દૂર થતા નેટવર્થમાં પણ વધારો

**નવી દિલ્હી**

અબજોપતિ ગૌતમ અદાણીની સંપત્તિમાં એક જ દિવસમાં 2.73 અબજ ડોલર અથવા લગભગ રૂ. 22,600 કરોડથી વધુનો વધારો થયો છે. આ વધારા બાદ તેમની નેટવર્થ પણ વધીને 101 બિલિયન ડોલર થઈ ગઈ છે.

આ વર્ષ 2024 ભારતીય અબજોપતિ ગૌતમ અદાણી માટે શાનદાર વર્ષ સાબિત થઈ રહ્યું



છે. એક તરફ અદાણી ગ્રૂપમાંથી હિંડનબર્ગનો પડછાયો લગભગ દૂર થઈ ગયો છે તો બીજી તરફ ગૌતમ અદાણીની નેટવર્થમાં નોંધપાત્ર ઉછાળો આવ્યો છે. હવે ફરી એકવાર અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણી 100 અબજ ડોલરની નેટવર્થ સાથે અબજોપતિઓની યાદીમાં સામેલ થયા છે. તેમની સંપત્તિમાં થયેલા વધારાને કારણે તેમની નેટવર્થ વધીને 101 બિલિયન ડોલર થઈ ગઈ છે અને તે અમીરોની યાદીમાં બે સ્થાન ઉપર પહોંચી ગયો છે.

બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, અબજોપતિ ગૌતમ અદાણીની સંપત્તિમાં એક જ દિવસમાં $2.73 બિલિયન અથવા લગભગ 22,600 કરોડ રૂપિયાનો વધારો થયો છે. આ વધારા બાદ તેમની નેટવર્થ (ગૌતમ અદાણી નેટ વર્થ) પણ વધીને 101 અબજ ડોલર થઈ ગઈ છે. આટલી સંપત્તિ સાથે તે હવે વિશ્વના ટોચના અબજોપતિઓની યાદીમાં બે સ્થાનની છલાંગ લગાવીને વિશ્વના 12મા સૌથી અમીર વ્યક્તિ બની ગયા છે.

# ૨૦૨૪-૨૫માં અર્થવ્યવસ્થા સાત ટકાના દરે વિકાસ કરશે

**નવીદિલ્હી**

ભારતીય રિઝર્વ બેંકે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતની અર્થવ્યવસ્થા સાત ટકાના વિકાસ દરે વધવાનો અંદાજ મુક્યો છે. અગાઉ વર્તમાન નાણાંકીય વર્ષમાં ૭.૩ ટકાનો અંદાજ મુકાયો હતો. આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે દર બે મહિને યોજાતી મોનેટરી પૉલિસીની બેઠકમાં કહ્યું કે, ગ્રામીણ માંગમાં તેજી યથાવત્ છે, જ્યારે શહેરી વપરાશમાં મજબૂત પ્રદર્શન જોવા મળી રહ્યું છે અને મૂડી ખર્ચ વધતા રોકાણ ચક્રમાં ગતિ પકડી રહ્યું છે. તેમણે કહ્યું કે, ખાનગી રોકાણમાં વધારો થવાનો સંકેત જોવા મળી રહ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે જીડીપીમાં સાત ટકા પર પહોંચવાનો અંદાજ છે. દેશનો વિકાસ દર જૂન ક્વાર્ટરમાં ૭.૨ ટકા અને સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૬.૮ ટકા રહેવાનો અંદાજ છે.

# U-19 વર્લ્ડ કપ : રસાકસી બાદ પાકિસ્તાનને એક વિકેટ હરાવી ઓસ્ટ્રેલિયા ફાઈનલમાં

## પાકિસ્તાનના આઠ ખેલાડીઓ બેવડાં આંકનો સ્કોર પણ નોંધાવી શક્યા નહોતા : રવિવારે ભારત સામે ફાઈનલ મુકાબલો

**નવીદિલ્હી**

છેલ્લી ઓવર સુધી રોમાંચક બનેલી બીજી સેમિફાઈનલમાં ઓસ્ટ્રેલિયાએ પાકિસ્તાનને એક વિકેટે હરાવીને આઈસીસી અંડર-19 વન-ડે વર્લ્ડ કપની ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. રવિવારે પાંચ વખતની ચેમ્પિયન ભારતીય ટીમ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ટ્રોફી માટે મુકાબલો થશે. ભારતના ક્રિકેટ સમર્થકોને 2023ના વન-ડે વર્લ્ડ કપમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાયેલી ફાઈનલનું પુનરાવર્તન જોવા મળશે. પાકિસ્તાનના 179 રનના જવાબમાં ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરનાર ઓસ્ટ્રેલિયાએ 49.1 ઓવરમાં નવ વિકેટે 181 રન બનાવીને મેચ જીતી લીધી હતી. રનચેઝ કરનાર ઓસ્ટ્રેલિયન ટીમ માટે ઓપનર હેરી ડિક્સને 75 બોલમાં 50 તથા મિડલ ઓર્ડરમાં ઓલિવર પીકેએ 75 બોલમાં 49 રન બનાવીને મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. પાકિસ્તાન માટે અલી રઝાએ 34 રનમાં ચાર વિકેટ હાંસલ કરી હતી. પાકિસ્તાનની ઈનિંગમાં અઝાન અવૈસે 91 બોલમાં બાવન તથા અરાફત મિનહાસે 61 બોલમાં બાવન રન બનાવીને ટીમને સન્માનજનક સ્કોરે પહોંચાડી હતી. પાકિસ્તાનના આઠ ખેલાડીઓ બેવડાં આંકનો સ્કોર પણ નોંધાવી શક્યા નહોતા. ઓસ્ટ્રેલિયા માટે ટોમ સ્ટાકરે 24 રનમાં છ વિકેટ હાંસલ કરીને પાકિસ્તાનની બેટિંગ લાઈન-અપ વેરવિખેર કરી નાખી હતી. સ્ટાકરને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.



# ICC રેન્કિંગ : બુમરાહ બન્યો નંબર વન બોલર

## ઈંગ્લેન્ડ સામે રમાયેલી પ્રથમ બે ટેસ્ટ મેચમાં બુમરાહે 15 વિકેટ ઝડપી હતી

**દુબઈ**

ભારતીય ક્રિકેટ ટીમનો સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ ઈંગ્લેન્ડ સામેના શાનદાર પ્રદર્શન બાદ વિશ્વનો સર્વશ્રેષ્ઠ ટેસ્ટ બોલર બની ગયો છે. ICCએ ગઈકાલે ટેસ્ટ રેન્કિંગ જાહેર કરી હતી જેમાં બુમરાહ નંબર-1 ટેસ્ટ બોલર બન્યો હતો. પરંતુ રેન્કિંગ જાહેર થયા બાદ બુમરાહે ઈન્સ્ટાગ્રામ પર કંઈક એવું પોસ્ટ કર્યું, જેણે બધાને મૂંઝવણમાં મૂકી દીધા અને બધા પૂછવા લાગ્યા કે બુમરાહ કોના પર નિશાન સાધી રહ્યો છે. જસપ્રીત બુમરાહે એક ઈન્સ્ટાગ્રામ સ્ટોરી શેર



કરી હતી, જેમાં બુમરાહે તે પ્રશંસકો પર નિશાન સાધ્યું છે જેઓ ખરાબ સમયમાં તેની સાથે ઉભા નથી રહ્યા. બુમરાહની આ પોસ્ટને કટાક્ષ તરીકે જોવામાં આવી રહી છે. કારણ કે જસપ્રીત બુમરાહને થોડા સમય પહેલા ખૂબ ટ્રોલ કરવામાં આવ્યો હતો, જ્યારે તે ઈજામાંથી પસાર થઈ રહ્યો હતો. તે સમયે, સોશિયલ મીડિયા પર એવા મીમ્સ બનાવવામાં આવ્યા હતા કે બુમરાહ ફક્ત IPL દરમિયાન જ ફિટ હોય છે, બાકીનો સમય તે ઈજાથી પીડાય છે અને તેથી તે ભારતીય ટીમ માટે નથી રમી રહ્યો. હવે જ્યારે જસપ્રીત બુમરાહ ઈજામાંથી વાપસી કરીને ભારતીય ટીમ માટે શાનદાર પ્રદર્શન કરી રહ્યો છે અને ત્રણેય ફોર્મેટમાં નંબર 1 બનનાર ભારતનો પ્રથમ ફાસ્ટ બોલર બની ગયો છે. ત્યારે બુમરાહના દરેક જગ્યાએ વખાણ થઈ રહ્યા છે.

# પાકિસ્તાને કેપ્ટનશીપને લઈ લીધો યુટર્ન? બાબર આઝમના હાથમાં આવશે કમાન!

**ઈસ્લામાબાદ**

બાબર આઝમ ફરી એકવાર બની શકે છે પાકિસ્તાન ક્રિકેટ ટીમના કેપ્ટન ODI વર્લ્ડ કપ 2023 થી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડમાં હંગામો ચાલી રહ્યો છે. વર્લ્ડ કપ બાદ બોર્ડમાં ઘણા ફેરફારો થયા હતા. આ સિવાય તત્કાલીન ટીમના કેપ્ટન બાબર આઝમે રાજીનામું આપી દીધું હતું. પરંતુ હવે રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે બાબર આઝમ ફરી એકવાર પાકિસ્તાન ક્રિકેટ ટીમના કેપ્ટન બની શકે છે. તાજેતરમાં જ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના અધ્યક્ષપદે ફેરફાર કરવામાં આવ્યો હતો. મોહસિન નકવીને નવા અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે, જેના પછી ફરી એકવાર ટીમની કેપ્ટનશીપમાં ફેરફાર થઈ શકે છે. વર્લ્ડ કપ 2023માં ખરાબ પ્રદર્શન બાદ બાબરે કેપ્ટનશીપ છોડી દીધી અને ત્યારબાદ પાકિસ્તાન ટીમે વિભાજીત કેપ્ટનશીપ અપનાવી. શાન મસૂદને ટેસ્ટ અને શાહીન શાહ આફ્રિદીને T20 ઈન્ટરનેશનલ માટે ટીમની કમાન સોંપવામાં આવી હતી.

# કેન વિલિયમસને ટેસ્ટમાં સદી ફટકારી ડોન બ્રેડમેનનો રેકોર્ડ તોડ્યો

**નવીદિલ્હી**

સાઉથ આફ્રિકા સામે બે ઓવલ ખાતે રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટના પહેલા જ દિવસે કેન વિલિયમસને સદી ફટકારી હતી. આ સદી સાથે તેણે ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીને પાછળ છોડી દીધો છે. મેચના અંત સુધીમાં, વિલિયમસન 112 રન બનાવી અણનમ રહ્યો હતો. આ સદી સાથે વિલિયમસને માત્ર વિરાટ કોહલી જ નહીં પરંતુ ઓસ્ટ્રેલિયાના પૂર્વ દિગ્ગજ બેટ્સમેન સર ડોન બ્રેડમેનને પણ પાછળ છોડી દીધો છે.

કેન વિલિયમસને સાઉથ આફ્રિકા સામે તેના ટેસ્ટ કરિયરની 30મી સદી ફટકારી હતી. જ્યારે વિરાટ કોહલીએ અત્યાર સુધી તેના ટેસ્ટ કરિયરમાં 29 સદી ફટકારી છે. આ ઉપરાંત પૂર્વ ઓસ્ટ્રેલિયન દિગ્ગજ બેટ્સમેન સર ડોન બ્રેડમેને પણ તેમના કરિયરમાં 29 સદી ફટકારી હતી. આ સદી સાથે વિલિયમસને શિવનારાયણ ચંદ્રપોલ, મેથ્યુ હેડન અને જો રૂટની બરાબરી કરી લીધી છે.

# રવિન્દ્ર જાડેજા ટીમમાં વાપસી કરવા તૈયાર : ત્રણ ટેસ્ટ માટે ટૂંકમાં જ ભારતીય ટીમની જાહેરાત

**નવીદિલ્હી**

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે 5 મેચની ટેસ્ટ સીરિઝની ત્રીજી મેચ 15 ફેબ્રુઆરીથી રાજકોટમાં રમાશે. આ મેચ પહેલા BCCIએ બાકીની ત્રણ ટેસ્ટ મેચ માટે ટીમની જાહેરાત કરવાની છે. આ કામગીરી આજે થાય તેવી શક્યતા છે. ટીમની જાહેરાત પહેલા સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ વાપસીના સંકેત આપ્યા છે. જાડેજાએ ઈન્સ્ટાગ્રામ પર એક તસવીર પોસ્ટ કરી છે જેમાં તે રિકવરીની પ્રક્રિયામાંથી પસાર થતો જોવા મળી રહ્યો છે. રવિન્દ્ર જાડેજાએ




NCAમાંથી શેર કરેલી આ તસવીર સાથે કેપ્શનમાં લખ્યું, "હું સ્વસ્થ થઈ રહ્યો છું." આ તસવીરમાં જાડેજાના ચહેરા પર સ્મિત છે. આ પોસ્ટ દ્વારા તેણે પસંદગીકારોને એ પણ સંકેત આપ્યો છે કે તેની ઈજા હવે પહેલા કરતા ઘણી સારી છે અને તે વાપસી કરવા માટે તૈયાર છે. જણાવી દઈએ કે રવિન્દ્ર જાડેજાને હૈદરાબાદ ટેસ્ટ દરમિયાન હેમસ્ટ્રિંગમાં ઈજા થઈ હતી. તે મેચ બાદ જાડેજા વિશાખાપટ્ટનમમાં રમાયેલી બીજી ટેસ્ટમાં રમ્યો ન હતો. આ બે ખેલાડીઓના રમવા પર શંકા રવિન્દ્ર જાડેજા ઉપરાંત ભારતીય ટીમને ઈંગ્લેન્ડ સામે રમાઈ રહેલી ટેસ્ટ સીરિઝમાં કે.એલ રાહુલના રૂપમાં પણ મોટો ઝટકો લાગ્યો હતો. વિરાટ કોહલી પ્રથમ બે ટેસ્ટ માટે ટીમનો ભાગ ન હતો. આ પછી જાડેજા અને રાહુલ ઈજાના કારણે બીજી ટેસ્ટમાંથી બહાર થઈ ગયા હતા.

# બાયજુએ રોકડની તંગી વચ્ચે ફૂટબોલર લિયોનેલ મેસ્સી સાથેનો સોદો કર્યો રદ

**નવી દિલ્હી**

મુશ્કેલીગ્રસ્ત એડટેક કંપની બાયજુએ ગ્લોબલ બ્રાન્ડ એમ્બેસેડર તરીકે ફૂટબોલ આઈકોન લિયોનેલ મેસ્સી સાથેનો તેનો ત્રણ વર્ષનો સોદો સ્થગિત કરી દીધો છે.સમાન શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે કંપનીએ 2022માં મેસ્સીને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે સાઈન કર્યા હતા.અહેવાલો અનુસાર, રોકડની તીવ્ર તંગીનો સામનો કરી રહી છે, કંપનીએ હવે સોદો અટકાવી દીધો છે અને તે વિચારણા કરી રહી છે કે કોન્ટ્રાક્ટ સમય પહેલા સમાપ્ત કરવો કે અન્ય વિકલ્પોની શોધખોળ કરવી.જો કે, બાયજુએ મેસ્સીને કરારના પ્રારંભિક વર્ષ માટે ચૂકવણી કરી છે.ઈકોનોમિક ટાઈમ્સે સૌપ્રથમ બાયજુ-મેસ્સી સોદામાં નવા વિકાસ અંગે અહેવાલ આપ્યો હતો.



કંપનીએ સત્તાવાર રીતે વિકાસ પર ટિપ્પણી કરી નથી.ગયા અઠવાડિયે, એડટેક કંપનીએ કહ્યું હતું કે કેટલાક પસંદગીના રોકાણકારોના નિવેદનો સામે આવ્યા બાદ રોકાણકારોને CEO બદલવાનો કોઈ મત અધિકાર નથી કે સ્થાપક અને ગ્રુપ CEO બાયજુ રવિન્દ્રનને બદલવા માટે એક વિશેષ સામાન્ય સભા (EGM) બોલાવવામાં આવશે.


SHIV FINANCIAL SERVICES
Serving Community Since 2009
Highly Competitive Launching Rates
Guaranteed!!! $500,000 taxable CASH VALUE
at age of 65 with Life Insurance of a Million Dollar.*
*Plan is suitable for age upto 45!
Call for more details
JAGDISHBHAI SEVAK
Insurance Broker
647-236-7620
sevak_2007@hotmail.com • www.shivfinancialservices.ca


# ભારતની વૃદ્ધિ વ્યૂહરચનામાં કેનેડા મહાન ભાગીદાર બની શકે : મલિક

## CIF દ્વારા ભારતના 75મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી, કોન્સલ જનરલ સિદ્ધાર્થ નાથે બંને દેશ વચ્ચેના સંબધો ગાઢ બનાવો આશાવાદ વ્યક્ત કર્યો

**ટોરોન્ટો**

કેનેડા ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા ટોરોન્ટોમાં પ્રતિષ્ઠિત અલ્બાની ક્લબ સાથે મળીને ભારતના કોન્સ્યુલ જનરલ, સિદ્ધાર્થ નાથ, નીના ટંગરી, એસોસિયેટ ઓન્ટેરિયો મંત્રી દીપક આનંદની હાજરીમાં ભારતના ૭૫માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. એમપીપી રિતેશ મલિકે (અધ્યક્ષ, CIF)એ આ તકે જણાવ્યું હતું કે, અમે એક નવું ભારત જોઈ રહ્યા છીએ, જ્યાં ભારતનું નિર્માણ ભારતના



પાયા પર થશે. શિક્ષણ, દવા, વિજ્ઞાન, અવકાશ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ગ્રાસ રુટ એમ્પાવરમેન્ટ જેવા વિવિધ ક્ષેત્રોમાં ભારત મોટી છલાંગ લગાવશે.

"ભારત આજે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા પણ છે, થોડા ટૂંકા વર્ષોમાં ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાના માર્ગે છે. આ આશ્ચર્યજનક વૃદ્ધિ અને પ્રગતિ માત્ર ભારતવાસીઓ માટે જ નહીં, પણ કેનેડા સહિત સમગ્ર વિશ્વ માટે તકો પૂરી પાડે છે. હું કેનેડા માટે વધુ કહીશ. કેનેડા અને ભારત બંનેની તરફેણમાં ઘણું બધું છે જે આપણા લોકો માટે અસંખ્ય લાભો લાવવા માટે અત્યંત ઉત્પાદક સંબંધ બનાવે છે. કેનેડામાં સંસાધનો અને ટેકનોલોજીની કમી નથી. જેને આપણે ઝડપથી વિકસતા અર્થતંત્ર સાથે શેર કરી શકીએ છીએ. યોગ્ય નીતિઓ અને રાજકીય ઈચ્છાશક્તિને જોતાં, કેનેડા ભારતની વૃદ્ધિ વ્યૂહરચનામાં એક મહાન ભાગીદાર બની શકે છે. અલ્બેની ક્લબના ઈવેન્ટ્સના વાઈસ પ્રેસિડેન્ટ રિચાર્ડ ટેટરસોલે ૭૫માં ભારતીય પ્રજાસત્તાક દિવસની ઉજવણી માટે હાજર તમામ મહેમાનોનું સ્વાગત કર્યું હતુ. કોન્સલ જનરલ સિદ્ધાર્થ નાથે તેમના સંબોધનમાં કેનેડા ભારત દ્વિપક્ષીય સંબંધોમાં વધુ પ્રગતિ કરવાનો વિશ્વાસ અને આશાવાદ વ્યક્ત કર્યો હતો.

# કેનેડામાં આતંકી નિજ્જરના ખાસ મિત્રના ઘર ઉપર ગોળીઓ વરસી

**ઓટાવા**

ભારત અને કેનેડા વચ્ચે વિવાદનુ કારણ બનનારા ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરના ખાસ મિત્રના ઘર પર પણ ગત ગુરુવારે ફાયરિંગ થયુ હતુ. આ ઘટના બાદ કેનેડાના બ્રિટિશ કોલમ્બિયા પ્રાંતની પોલીસ દોડતી થઈ ગઈ હતી. ગત જૂનમાં નિજ્જરની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. જે બાદ કેનેડાના પીએમ ટ્રુડોએ તેમાં ભારતનો હાથ હોવાનો આરોપ મુકતા જ બંને દેશના સબંધોમાં કડવાશ આવી ગઈ હતી. જો કે, હવે નિજ્જરના ખાસ મિત્રને ટાર્ગેટ બનાવવાનો પ્રયાસ થયો છે. પોલીસના કહેવા પ્રમાણે નિજ્જરના મિત્ર સિમરનજીત સિંહના ઘર પર ગુરુવારે મધરાતે ફાયરિંગ થયુ હતુ. બ્રિટિશ કોલંબિયા ગુરુદ્વારા કાઉન્સિલના કહેવા પ્રમાણે જે ઘર પર ફાયરિંગ થયુ તે હરદીપ સિંહ નિજ્જરના દોસ્ત સિમરનજીત સિંહનુ છે. પોલીસે પાડોશીઓના નિવેદન લીધા હતા. ઘરની બહાર ઉભેલી કાર ઉપર સંખ્યાબંધ ગોળીઓ વાગવા નિશાન મળ્યા હતા. ઘર ઉપર પણ ગોળીઓ વરસાવાઈ હતી. જો કે, તેની પાછળના કારણની હજી જાણકારી સામે આવી નથી. ગુરુદ્વારા કાઉન્સિલનુ કહેવુ છે કે, આ ઘટનાનુ નિજ્જરની હત્યા સાથે પણ કનેક્શન હોઈ શકે છે.

# કટ્ટરપંથી ઈઝરાયેલી નાગરિકો અને હમાસ નેતાઓ ઉપર કેનેડા હવે પ્રતિબંધો લાદશે

**નવી દિલ્હી**

કેનેડાના વિદેશ મંત્રી મેલાનિયા જોલીએ તાજેતરમાં યુક્રેનની મુલાકાત લીધી હતી અને ત્યાં યુક્રેનના અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી. એક મીડિયા ઈન્ટરવ્યુમાં મેલાનિયા જોલીએ કહ્યું કે, કેનેડા કટ્ટરપંથી ઈઝરાયેલના નાગરિકો અને પેલેસ્ટાઈનનો હિસ્સો એવા પ્રદેશ પર કબજો કરનારા હમાસના નેતાઓ પર પ્રતિબંધો લાદશે. સરકાર આ દિશામાં સક્રિય રીતે

કામ કરી રહી છે. મેલાની જોલીએ કહ્યું કે, અમે કટ્ટરપંથી વસાહતીઓ પર પ્રતિબંધો તેમજ હમાસના નેતાઓ પર નવા પ્રતિબંધો લાદીશું. શુક્રવારે, કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ પણ એક નિવેદનમાં કહ્યું હતું કે, તેઓ વેસ્ટ બેન્કે ગેરકાયદેસર રીતે સ્થાયી થયેલા કટ્ટરપંથી ઈઝરાયેલીઓ સામે પ્રતિબંધો લાદવાનું પણ વિચારી રહ્યા છે.

ટ્રુડોએ કહ્યું કે, વેસ્ટ બેંકમાં જમીન કબજે કરવા માટે થઈ રહેલી હિંસા અસ્વીકાર્ય છે અને તે પ્રદેશની શાંતિ અને સ્થિરતાને જોખમમાં મૂકી શકે છે. બે રાષ્ટ્રોના ઉકેલ તરફ આગળ વધવું જરૂરી છે. મેલાની જોલીએ કહ્યું કે, કેનેડા યુદ્ધનો અંત લાવવા રસ્તો શોધવા માટે તૈયાર છે અમે ઈચ્છીએ છીએ કે, હમાસ તેના હથિયારો સોંપી દે, જેથી યુદ્ધનો અંત આવે. જોલીએ કહ્યું કે, સૌથી પહેલા અમે ઈચ્છીએ છીએ કે, બંધકોને મુક્ત કરવા માટે ડીલ થાય. તેમજ ગાઝાને માનવીય રાહતો પહોંચાવવામાં આવે. અમે એક સંશોધિત પેલેસ્ટિનિયન ઓથોરિટી ઈચ્છીએ છીએ.

અમે ઈઝરાયેલમાં એવી સરકાર ઈચ્છીએ છીએ જે બે-રાજ્ય ઉકેલ તરફ મહત્વપૂર્ણ કાર્ય કરવા તૈયાર હોય.

# સ્થિર વેપાર સંબંધો માટે મતભેદો દૂર કરવા ઈન્ડો-કેનેડિયન ટ્રેડ ચેમ્બર્સ દ્વારા પ્રયાસ



**ટોરોન્ટો**

ઓટાવા અને નવી દિલ્હી વચ્ચેની વેપાર વાટાઘાટો જામી રહી હોવાથી ઈન્ડો-કેનેડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ બંને દેશો વચ્ચેના આર્થિક સંબંધોમાં આવેલી ખાઈને દૂર કરવાના પ્રયાસરૂપે ભારતમાં મિશન હાથ ધરી રહી છે. ટોરોન્ટો-મુખ્ય મથકેથી ઈન્ડો-કેનેડા ચેમ્બર ઓફ કોમર્સ (આઈસીસીસી) ૨૯ જાન્યુઆરીએ ભારત આવ્યું હતુ. જે ૯ ફેબ્રુઆરી સુધી ભારતની મુલાકાત માટે એક પ્રતિનિધિ મંડળ લઈ રહ્યું છે. જ્યારે કેનેડિયન હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સ (સીએચસીસી) એક પ્રતિનિધિમંડળને લઈ જશે. તેમના વેપાર મિશનના હેતુની ચર્ચા કરતા, ૪૬ વર્ષીય ICCCના પ્રમુખ મુરારીલાલ થાપલિયાલે કહ્યું, "અમે ભારત અને કેનેડા વચ્ચેના અંતરને દૂર કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. વેપાર અને વ્યવસાયને નુકસાન ન થવું જોઈએ. કારણ કે, અર્થતંત્ર તેના પર નિર્ભર છે. અમે સંબંધ સુધારવા માટે એક પગલું આગળ વધારવા માંગીએ છીએ. ICCCનું ભારત વેપાર મિશન કેનેડિયન નવીનતાને ભારતીય ચાતુર્ય સાથે જોડવાના ઉદ્દેશ્ય સાથે આવે છે. ૨૯ જાન્યુઆરીથી શરૂ કરીને અને ૯ ફેબ્રુઆરીના રોજ સમાપ્ત થતાં, થપલિયાલે અંદાજ લગાવ્યો હતો કે ઓછામાં ઓછા ૨૦ ઉદ્યોગપતિઓ આ મિશનમાં જોડાશે જે છ રાજ્યોને પાર કરશે, જેમાં નવી દિલ્હી, અમદાવાદ, બેંગલુરુ, ચંદીગઢ, દિસપુર અને દેહરાદૂનમાં સ્ટોપ હશે. થાપલિયાલે વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાંથી કેનેડા ગેરહાજર હોવાની હકીકત અંગે અફસોસ વ્યક્ત કર્યો હતો.

# હ્યુમન્સ ફોર હારમની દ્વારા ભારતના 75માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી



**ઈટોબીકોક**

હ્યુમન્સ ફોર હારમની દ્વારા તા.26-01-2024ના રોજ ઈટોબીકોક ખાતે આવેલા શ્રી સીંગેરી મંદીરે ભારતના પ્રજાસત્તાક દીનની ઉજવણી કરાઈ હતી. કાર્યક્રમમાં ભારતનાં કેનેડા,, ટોરોન્ટો સ્થિત કાઉન્સુલેટ જનરલ ઓફ ઈન્ડિયાના કાઉન્સીલેટ સિધ્ધાર્થ નાથે વિશેષ હાજરી આપી હતી. તથા GTA ટોરન્ટો ખાતે વિવિધ સામાજીક સંસ્થાનાં હોદ્દેદારો તથા આમંત્રિત મહેમાનોએ દેશભક્તિ ગીતોના કાર્યક્રમને માણ્યો હતો. જેમાં ગાયક રૂષિ પુરોહિત તથા પ્રમેશી વ્યાસે ગીતો રજૂ કર્યા હતા. કાર્યક્રમની શરૃઆત હ્યુમન્સ ફોર હારમનીના પ્રમુખ ડોન પટેલના સ્વાગત પ્રવચનથી થઈ હતી. બાદમાં સીધ્ધાર્થ નાથનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ સીધ્ધાર્થ નાથજીએ એમનાં પ્રાસંગિક પ્રવચનમાં હ્યુમન્સ ફોર હારમની દ્વારા કરવામાં આવેલા વિવિધ સેવાકીય કાર્યને બિરદાવ્યા તથા મહેમાનોને પ્રજાસત્તાક દીનની શુભેચ્છા પાઠવી હતી.

કાર્યક્રમનું સફળ સંચાલન પથીક શુક્લાએ કર્યુ હતું. ત્યારબાદ પાટીદાર સમાજનાં સતીશભાઈ પટેલ તથા લલીતભાઈ સોનીએ પણ ભારતીય દેશભક્તિનાં ગીત રજૂ કર્યા હતા. આ પ્રસંગે હોમલાઈફ મીરેકલનાં અજયભાઈ દ્વારા એમનાં પ્રાસંગિક પ્રવચનમાં ડોન પટેલને ભાવિ રાજકીય કારર્કિદી માટે શુભેચ્છા પાઠવી હતી. સાઉન્ડ સીસ્ટમનું આયોજન આનંદ પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમને સફળ બનાવવા માટે હ્યુમન્સ ફોર હારમનીનાં ઉત્સાહી કાર્યકર વિનાયકભાઈ, અશોક પટેલ, પ્રશાંતભાઈ, મેહુલભાઈ, ચીરાગભાઈ, રાકેશભાઈ, રાજેશભાઈએ સહયોગ આપ્યો હતો.

# મારખામમાં સાત દિવસ સુધી તિરંગો લહેરાયો

**મારખમ**

હિંદુ કોમ્યુનિટી ઓફ કેનેડાના પ્રમુખ સુધીર ભલ્લા, કેનેડિયન એકેડેમી ઓફ સ્પોર્ટ્સ એજ્યુકેશન એન્ડ કલ્ચર (CASEC)ના વાઈસ પ્રેસિડેન્ટ મહેન્દ્ર ભંડારી અને ડાયરેક્ટર કવિતા મન્યાલે ૨૬ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ મારખમ શહેરમાં ભારતના પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરી હતી. મેયર ફ્રેન્ક સ્કાર્પિટી, ડેપ્યુટી મેયર માઈકલ ચાન, પ્રાદેશિક કાઉન્સિલર જોલી અને કાઉન્સિલર્સ રિચ લાઉ, અમાન્દા કોલુચી અને ઈસા લી, સીએઓ એન્ડી ટેલર,



સિટી સ્ટાફ અને વિવિધ પ્રેક્ષકો દ્વારા સમુદાયની સાંસ્કૃતિક ગતિશીલતાને વધુ મજબૂત બનાવતા સમુદાય ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાયન ભાષણો અને સાંસ્કૃતિક કાર્યક્રમોથી રંગત જામી હતી. આ તકે ભારતનો રાષ્ટ્ર ધ્વજ લહેરાવવામાં આવ્યો હતો. જેને સાત દિવસ સુધી લહેરાવાયો હતો.

# પેલેસ્ટાઈની શરણાર્થી ઈજિપ્તની રફાહ સરહદે ઘૂસવાની ફિરાકમાં, ઈઝરાયેલ લાલઘૂમ થયું

**કેરો**

ગાજાના પેલેસ્ટાઈની શરણાર્થીઓ ભારે સંખ્યામાં ઈજિપ્તની સરહદ નજીક આવેલી રફાહ શિબિરોમાં પ્રવેશી રહયા છે. પેલેસ્ટાઈની શરણાર્થીઓનું આ ઝુંડ પોતાની સરહદ સુધી પહોંચવાતા ઈજિપ્તની ચિંતા વધી છે. કોઈ પણ શરણાર્થી સીમા પાર કરીને ઈજિપ્તના સિનાઈ પ્રાંતમાં પ્રવેશે ત્યારે ૧૯૭૯માં ઈઝરાયલ સાથે થયેલી શાંતિ સંધીનો ભંગ થાય છે. એવો પણ અંદેશો છે કે સિનાઈ પ્રાંતની સુરક્ષાની જવાબદારી ઈજિપ્ત સંભાળી રહયું છે તે ઈઝરાયેલ પોતાના હાથમાં લઈ શકે છે.

૧૯૭૯માં ઈઝરાયલ અને ઈજિપ્ત વચ્ચે ફિલાડેલ્ફી કોરિડોર સમજૂતી અનુસાર ઈઝરાયેલ ગાજાની રફાહ સીમા સુરક્ષા ઈજિપ્ત પાસે છે. પેલેસ્ટાઈનીઓ સરહદ પાર કરીને ઘૂસે નહી તે માટે ઈજિપ્તે ૧૮ વર્ષ સુધી સૈનિકોનો જમાવડો રાખ્યો હતો. પેલેસ્ટાઈનીઓને પ્રવેશતા અટકાવવા એક મજબૂત દિવાલ ઉભી કરી હતી. બદલાયેલી પરીસ્થિતિમાં ગાજાની સરહદોનું નિયંત્રણ ઈઝરાયેલ સંભાળે છે ત્યારે રફાહ સરહદે પણ પોતાનું સૈન્ય ગોઠવવાનું વિચારી રહયું છે.

ઈઝરાયેલે રફાહ સરહદ પાસે હવાઈ હુમલા પણ શરુ કર્યા છે. મોકોના લાભ લઈને મોટી સંખ્યામાં પેલેસ્ટાઈનીઓ રફાહ તરફ જઈ રહયા છે. ઈજિપ્ત આ સરહદ શરણાર્થીઓ માટે ખોલી નાખે એવી માંગણી કરી રહયા છે. જો કે ઈજિપ્ત ડબલ પાસપોર્ટ ધરાવનારા પેલેસ્ટાઈની નાગરિકોને જ પ્રવેશ આપી રહયું છે. આ ઉપરાંતના પેલેસ્ટાઈનીઓને પ્રવેશ મળશે નહી એવી ઈજિપ્તે ચેતવણી આપી છે.

# અબુ ધાબીમાં મહંત સ્વામી મહારાજનું ભવ્ય સ્વાગત, મંદિરનું થશે ઉદઘાટન



મુસ્લિમ દેશ સંયુક્ત અરબ અમીરાતમાં હિંદુ મંદિરના ઉદઘાટનનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ચુક્યું છે. આ અગાઉ સોમવારે સાંજે આધ્યાત્મિક નેતા મહંત સ્વામી મહારાજ અબુ ધાબી પહોંચ્યા હતા. 14 ફેબ્રુઆરીએ મહંત સ્વામી મંદિરનું ઉદઘાટન કરશે. 700 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા ભવ્ય મંદિરનું ઉદઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં થશે. મહંત સ્વામી મહારાજ જેવા અબુ ધાબી પહોંચ્યા ત્યારે નર્તકો, ઢોલ વાદકો અને વૈદિક મંત્રોચ્ચાર કરનારી એક મંડળી દ્વારા અરબી શૈલીમાં સ્વાગત કર્યું હતું. આ આયોજન યુએઈનું પારંપરિક સાંસ્કૃતિક પ્રદર્શન હતું.

# ડીપફેકથી નકલી ઝૂમ મીટિંગ ગોઠવી રૂ. 200 કરોડની લૂંટ

**હોંગકોંગ**

હોંગકોંગની બહુરાષ્ટ્રીય કંપની અત્યાધુનિક ડીપફેક કૌભાંડનો ભોગ બની છે અને તેણે રૂ. ૨૦૦ કરોડથી વધુ રકમ ગુમાવી છે. આ ઘટના સામે આવતા વિશ્વભરમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના દુરુપયોગ અંગે ચકચાર મચી ગઈ છે. હોંગકોંગની એક બહુરાષ્ટ્રીય કંપનીમાં અનેક કર્મચારીઓની ઝૂમ વીડિયો કોન્ફરન્સ યોજાઈ હતી, જેમાં કંપનીના ભોગ બનેલા એક કર્મચારી સિવાય સીએફઓ સહિત બાકી બધા જ કર્મચારીઓ નકલી હતા. આ બધા જ કર્મચારીઓ ડીપફેકથી બનાવાયા હતા તેમ હોંગકોંગ પોલીસે જણાવ્યું હતું. આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ની મદદથી એકદમ અસલ લાગતું બનાવટી વિડીયો અને ઓડિયો કન્ટેન્ટ બનાવવામાં આવે છે અને તે વિશ્વસનીય છે તેવું દર્શાવતા લોકો સાથે છેતરપિંડી કરવામાં આવે છે. રિપોર્ટ મુજબ કાવતરાંખોરોએ કંપનીના ચીફ ફાઈનાન્સિયલ ઓફિસર સહિત કંપનીના અનેક કર્મચારીઓના વિવિધ સોશિયલ મીડિયા પર જાહેરમાં ઉપલબ્ધ વીડિયો અને ઓડિયો ફૂટેજનો ઉપયોગ કરીને ડીપફેક ટેક્નોલોજીની મદદથી કંપનીની નકલી ઝૂમ મીટિંગ ગોઠવી હતી. કાવતરાંખોરોએ કંપનીના સીએફઓનું પણ ક્લોનની મદદથી ડીપફેક વર્ઝન તૈયાર કર્યું હતું.

# ચિલીના જંગલોમાં ફરી એક વાર ભીષણ આગ : 120થી વધુ લોકો હોમાઈ ગયા

**સાન્ટિયાગો**

ચિલીના જંગલોમાં ફરી એક વાર ભીષણ આગ લાગવાથી આગના તાંડવમાં ૧૨૦ લોકોના મોત થયા છે. આગના પગલે વકરતી જતી સ્થિતિને ધ્યાનમાં રાખીને ચિલી સરકાર દ્વારા કટોકટીની જાહેરાત કરવામાં આવી છે. રાષ્ટ્રપતિ ગ્રેબિયલ બોરિકે વાલપરાઈસો અને વિના ડેલ માર સહિતના તટિય વિસ્તારોમાં ધૂમાડાનું પ્રદૂષણ ફેલાતા તાત્કાલિક પગલા ભરવાની ફરજ પડી હતી.

આગ બુઝાવવા મથી રહેલા કર્મચારીઓએ પણ સંવેદનશીલ ઘટના સ્થળે પહોંચવામાં સંઘર્ષ કરવો પડી રહયો છે. વાલપરાઈસો લીગલ મેડિકલ સર્વિસેઝના જણાવ્યા અનુસાર સોમવાર સુધીમાં ૧૨૦થી વધુ લોકો હોમાઈ ગયા હતા. આગ એટલી ભયંકર છે કે લોકોને જંગલની બહાર નિકળવાના રસ્તાઓ પણ બંધ થઈ ગયા છે. ચિલી રાષ્ટ્રીય



આફત નિવારણ દ્વારા જણાવાયું હતું કે દેશમાં ૧૬૧ જંગલ આગની લપેટમાં આવ્યા છે. જયારે પણ વિસ્તાર ખાલી કરવાનું કહેવામાં આવે ત્યારે સંકોચ કરશો નહી. આગ ઝડપથી ફેલાઈ રહી છે અને જળવાયુ પરિવર્તનના લીધે આગ પર કાબુ મુશ્કેલ મેળવવો મુશ્કેલ છે.

# દક્ષિણી ફિલિપાઈન્સમાં ભારે વરસાદ અને પૂરથી વિનાશ સર્જાયો: 7 મોત, 48 લાપતા

## મૈકોના પાંચ ગામ ખાલી કરવા આદેશ, વિવિધ ઘટનામાં 31 લોકો ઈજાગ્રસ્ત

**મનિલા**

દક્ષિણી ફિલિપાઈન્સમાં ભારે વરસાદ અને પૂરના કારણે ભારે વિનાશ સર્જાયો છે. સતત પડી રહેલા વરસાદના કારણે ભૂસ્ખલનની ઘટનાઓ બનવા પામી છે. એક સોનાની ખાણ પાસે ભૂસ્ખલન થતા ત્રણ બસો ખૂંપી ગઈ હતી. જેમાં પાંચ લોકોના મોત અને 48 લોકો લાપતા થયા છે. તો વિવિધ ઘટનાઓમાં 31 લોકો ઈજાગ્રસ્ત પણ થયા છે. હાલ ખાણ પાસે પુરજોશમાં કામગીરી ચાલી રહી છે, પરંતુ



મોબાઈલ સિગ્નલમાં ખામી આવવાના કારણે બચાવકાર્યમાં અવરોધ ઉભો થઈ રહ્યો છે. મંગળવારે રાત્રે દાવાઓ ડી ઓરો પ્રાંતના મૈકો શહેરમાં એક સોનાની ખાણની બહાર ભૂસ્ખલન થયું હતું, જ્યાં બસો કર્મચારીઓને લઈ જઈ રહી હતી. આ ત્રણે બસો 60 સીટર છે. આ ઉપરાંત 36 વ્યક્તિની ક્ષમતા ધરાવતી એક જીપ પણ ભૂસ્ખલનની ઝપેટમાં આવી છે. મળતા અહેવાલો મુજબ ખાણ પાસે પાંચ લોકોના મોત થયા છે, ત્યારે 48 ગુમ થયા છે. અન્ય એક અધિકારીએ કહ્યું કે, વિવિધ ઘટનાઓમાં અત્યાર સુધીમાં કુલ 31 લોકોને ઈજા થઈ છે. બીજી તરફ મિંડાનાઓ ટાપુ પર આવેલ મૈકો શહેરના પાંચ ગામોને ખાલી કરવાનો આદેશ જારી કર્યો છે.

# બગદાદમાં ડ્રોન હુમલો : મિલિશિયા કમાન્ડર સહિત ત્રણ લોકોનાં મોત

**તહેરીન**

અમેરિકા અને ઈરાન વચ્ચે છેલ્લા કેટલાક સમયથી તણાવ ચાલી રહ્યો છે જે દિવસેને દિવસે વકરી રહ્યો છે ત્યારે અમેરિકાએ ઈરાકની રાજધાની બગદાદમાં એક કાર પર ડ્રોન હુમલો કર્યો છે. આ હુમલામાં મિલિશિયા કમાન્ડર સહિત 3 લોકોના મોતના અહેવાલ મળી રહ્યા છે. નોંધનીય છે કે મિલિશિયા ગ્રુપને ઈરાનનું સમર્થન મળી રહ્યું છે. આ હુમલાની પુષ્ટિ વોશિંગ્ટનથી કરવામાં આવી હતી જેમાં અમેરિકન અધિકારીઓએ બુધવારે એક મીડિયા નિવેદનમાં જણાવ્યું હતું કે અમારા સૈનિકો પર થયેલા હુમલાના જવાબમાં આ હુમલો કરવામાં આવ્યો હતો. અમેરિકન સેના છેલ્લા ઘણા સમયથી ઈરાન સમર્થિત મિલિશિયા ગ્રુપના લોકો પર નજર રાખી રહી હતી. સૂત્રો દ્વારા મળતા અહેવાલ અનુસાર ઈરાકની રાજધાની બગદાદમાં મિલિશિયા જૂથ કતૈબ હિઝબુલ્લાહના ટોચના કમાન્ડર સહિત કેટલાક લોકો એક કારમાં જઈ રહ્યા હતા. કાર જ્યારે પૂર્વી બગદાદના મશતલ વિસ્તારમાં હતી ત્યારે અમેરિકન સેનાએ કારને નિશાન બનાવીને ડ્રોન હુમલો કર્યો હતો. આ હુમલામાં કારનો બુકડો બોલી ગયો હતો.

# ઓસ્ટ્રેલિયાના સેનેટર બની ભારતીય મૂળના વરુણ ઘોષે સર્જ્યો ઈતિહાસ

**કેનબેરા**

ભારતીય મૂળના બેરિસ્ટર અરુણ ઘોષે ઓસ્ટ્રેલિયાની સંસદમાં સેનેટર બનીને ઈતિહાસ સર્જયો છે.તેમણે ભગવદ ગીતા પર હાથ મુકીને શપથ લીધા હતા. વરુણ ઘોષનો જન્મ ભારતમાં થયો હતો અને તેઓ ઓસ્ટ્રેલિયાની સંસદના પહેલા એવા સભ્ય છે જેમણે ભારતમાં જન્મ્યા બાદ ઓસ્ટ્રેલિયાની સંસદમાં સ્થાન મેળવ્યુ હતું. વરુણ પશ્ચિમ ઓસ્ટ્રેલિયાના રહેવાસી છે. તેમને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થની અલ્બાનિઝે અભિનંદ આપીને કહ્યુ હતુ કે, નવા સેનેટર વરુણ ઘોષનુ સ્વાગત છે. તમે અમારી ટીમમાં છો એ વાત શાનદાર છે. સેનેટર ઘોષે પણ કહ્યુ હતુ કે, મારુ સૌભાગ્ય છે કે, હું ઓસ્ટ્રેલિયાની સેનેટમાં સ્થાન પામ્યો છું.

# અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીના મોતમાં વળાંક, જાતે ગોળી મારી હોવાનો દાવો

**ન્યૂયોર્ક**

અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓને સતત ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે. આ દરમ્યાન ઈન્ડિયાના રાજ્યમાં આવેલી જાણીતી પડર્યૂ યુનિવર્સિટીમાં ડૉકટરેનો અભ્યાસ કરી રહેલા ભારતીય વિદ્યાર્થી સમીર કામથ મૃત હાલતમાં મળી આવ્યો હતો. આ કેસમાં હવે એક નવો વળાંક આવ્યો છે. અધિકારીઓએ જણાવ્યું કે વિદ્યાર્થીએ જાતે ગોળી મારીને આત્મહત્યા કરી હતી. ગોળી મૃતકના માથામાં વાગી હતી. જેથી તેનું મોત થયાનો સનસનાટીપૂર્ણ ખુલાસો થયો છે.

પડર્યૂ યુનિવર્સિટીની સત્તાવાર માહિતી પ્રમાણે સમીર કામથ નામનો વિદ્યાર્થી પાંચમી ફેબ્રુઆરીએ સાંજે પાંચ વાગ્યે મૃત હાલતમાં મળી આવ્યો હતો. તેનો મૃતદેહ યુનિવર્સિટીના ક્રો ગ્રોવ સંકુલમાંથી મળી આવ્યું હતું. જે એક કુદરતી સંરક્ષિત સ્થળ છે. વોરેન્ટ કાઉન્ટીના જસ્ટિન બ્રુમેને જણાવ્યું કે ઈન્ડિયાના ક્રોફર્જવિલેમાં છઠ્ઠી ફેબ્રુઆરીએ કામથનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું.

બ્રુમેટની કચેરીએ એક સત્તાવાર માહિતી આપતા જણાવ્યું કે મૃતક સમીર કામથનું મોત માથામાં ગોળી વાગવાથી થયું હતું. અને આપઘાતનો કેસ છે. તેને જાતે લમણે ગોળી ધરબી દીધી છે.

# ભારત યુએસને નબળું માને છે, વિશ્વાસ કરતું નથી : નિક્કી હેલી

**વોશિંગ્ટન**

અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં રિપબ્લિકન ઉમેદવારની રેસમાં સામેલ ભારતીય મૂળની ઉમેદવાર નિક્કી હેલીએ ભારત અંગે એક મોટું નિવેદન આપતાં કહ્યું કે વર્તમાન સમયનું ભારત હવે અમેરિકા પર ભરોસો નથી કરતું અને તે અમેરિકાને નબળું માને છે. નિક્કી હેલીએ દરમિયાન ભારત અને રશિયા વચ્ચેના નજીકના સંબંધો અંગે નિશાન તાકતાં કહ્યું કે ભારત સ્માર્ટ બની રહ્યું છે અને વર્તમાન સંજોગોમાં પણ તેણે રશિયા સાથે મિત્રતા જાળવી રાખી છે. મહત્વકાંક્ષી રિપબ્લિકન રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર નિક્કી હેલીએ કહ્યું હતું કે ભારત અમેરિકાનો ભાગીદાર બનવા માંગે છે, પરંતુ હજુ સુધી નેતૃત્વ કરવા અમેરિકન લોકો પર તેમને વિશ્વાસ નથી. વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં ભારતે ચતુરાઈ બતાવી છે અને તે રશિયાની પણ નજીક રહ્યું છે.

CLUB CERAMIC

Porcelain Tiles : Premium Quality and Best Price

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

MONTREAL
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

CAMBRIDGE
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels

Among TOP 75 Producers in Canada Award & Centurion Producer Awards Winner

19 ROOM MOTEL IN NIAGARA FALLS on MLS Asking $2.5 Million
5 minutes to Niagara Falls, 15 minutes to Rainbow Bridge USA. Schools, College, Shopping, Hospital, Highways etc. all aminites close by. Currently over 50% Rooms are given to workers on Weekly and Monthly basis for steady and regular income. Motel has mix of single, double and Five kitchennet units + 2 BR appartment for the owner with finished basement having additional 2 rooms. Separate breakfast area with tables and chairs (currently closed and using as storage). Ideal opportunity for the Owner Operator to live and work for yourself.

35 ROOM MOTEL- $3.3 Million
Highway 11, Northern Ontario
Coming up for Sale on MLS- March 2024

30 ROOM MOTEL $2.4 Million
Near Ottawa
Coming up For Sale Exclusive- March 2024

FRANCHISE HOTEL - $6.9 Million
Near Kingston
Coming up for Sale on MLS - March 2024

BURRITO FOR SALE on MLS
Fat Bastard Burrito Kingston- $499,000
Fat Bastard Burrito Belleville- $299,000
Burrito Boyz Appleby, Burlington SOLD
Burrito Boyz Plains Rd, Burlington SOLD

SMALL MOTELS: Under $1 Million
Coming up For Sale on MLS- Mar 2024
10 Room Hwy 11, Northern Ontario
12 Room Hwy 17, Northern Ontario
15 Room Hwy 17, Northern Ontario

Need Working Partner to Run Motels
Wiling to invest min $100,000
% partnership + salary

Motel Jobs Avaiable
Housekeeping, General work, Front-desk
Location: 4 Hrs to 8 Hrs from Toronto

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100